સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
|| શ્રી ગણેશાય નમઃ ||
**Year :** 04, **Issue :** 114, Dt. 14-09-2026 (MONDAY) Rs. 02/- **Page :** 38, RNI No. GUJGUJ/2023/84789

## આભ ફાટ્યું : બોરસદમાં 6 ઈંચ વરસાદ, 12 જિલ્લામાં રેડ એલર્ટ

# રાજકોટમાં વીજળીના કડાકા સાથે મેઘતાંડવ!

# સૌરાષ્ટ્રના ખેડૂતો હરખાયા

- ભાવનગર જિલ્લામાં 1 થી 3 ઈંચ વરસાદ
- જૂનાગઢમાં ભારે વરસાદથી કાળવા નદી બે કાંઠે
- કચ્છમાં સતત બીજા દિવસે ધોધમાર વરસાદ
- બનાસકાંઠા, સાબરકાંઠા, અમરેલી જામનગર સહિત 70% ગુજરાતમાં વરસાદી માહોલ



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજ્યમાં એક મહિનાના લાંબા વિરામ બાદ ૧૨મી સપ્ટેમ્બરથી શરૂ થયેલી વરસાદની બીજી ઈનિંગ ધમાકેદાર રહી. સવારના ૬થી બપોરના ૨ વાગ્યા સુધીમાં ૨૨૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં સૌથી વધુ આણંદના બોરસદમાં ૫.૪૩ ઈંચ અને અમદાવાદના ધોળકામાં ૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત અન્ય ૨૯ તાલુકામાં બે ઈંચથી વરસાદ વરસી ગયો છે. હવામાન વિભાગે આગામી ૩ કલાક એટલે કે, ૭ વાગ્યા સુધી રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. તીવ્ર પવનની ચેતવણી સાથે કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ભરૂચ, સુરત, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી અને દીવમાં રેડ એલર્ટ જારી કરાયું છે. જ્યારે મધ્યમ વરસાદ અને પવનની શક્યતા ધરાવતા મહીસાગર, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, વડોદરા, આણંદ, નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ તેમજ કેન્દ્રશાસિત પ્રદેશો દમણ અને દાદરા નગર હવેલીમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. હવામાન વિભાગની રેડ એલર્ટની આગાહી વચ્ચે રાજકોટમાં બપોરના ૩ વાગ્યાથી સતત ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે. વરસાદની સાથે-સાથે ઠંડો પવન ફૂકાતો હોવાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે અને લોકોને ભારે બફારા અને ઉકળાટમાંથી રાહત મળી છે. જૂનાગઢમાં સિઝનમાં પહેલીવાર કાળવા નદીમાં ધોડાપૂર આવ્યું છે, તો ડામદર કુંડમાં પણ પાણીના આવક નોંધાઈ છે. આ સાથે ઉપલા દાતાર પર્વત પર ભારે વરસાદ ખાબકતાં પર્વતની સીડીઓ પરથી નદીની જેમ ધસમસતા પાણી વહેવા લાગ્યા છે. વિલિંગ્ડન ડેમમાં પાણીની વિપુલ આવક શરૂ થતાં ઓવરફ્લો થવાની શક્યતા સેવાઈ રહી છે.

## પોશ વિસ્તાર જળબંબોળ, સ્કૂલ બસ પાણીમાં ફસાઈ : બાળકોનું રેસ્ક્યૂ

# અમદાવાદ 4 ઈંચ વરસાદમાં ડૂબ્યું



અમદાવાદમાં આજે (૧૪ સપ્ટેમ્બર) કાળા ડિબાગ વાદળોની ઘેરાબંધી અને કાળઝાળ અંધારપટ વચ્ચે ભારે પવન સાથે ધોધમાર વરસાદ શરૂ થયો છે. વરસાદના કારણે વિઝિબિલિટી ઘટતાં વાહનચાલકો માટે રસ્તા પરથી પસાર થવું મુશ્કેલ બન્યું છે અને શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી વાહનો બંધ પડી ગયા છે. આ દરમિયાન શેલા વિસ્તારમાં એકલવ્ય સ્કૂલની બસ પાણીમાં ફસાઈ જતાં પ્રાથમિક શાળાના બાળકોને સલામત રીતે રેસ્ક્યુ કરીને બીજી બસ મારફતે ઘરે પહોંચાડવાની વ્યવસ્થા કરવી પડી હતી. હાટકેશ્વર સર્કલમાં ચારેય બાજુ પાણી ભરાયેલું છે અને ટ્રાફિક જામ થયું છે. શહેરમાં સવારે ૬ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધીમાં સરેરાશ ૩.૫ ઈંચ વરસાદ પડ્યો છે. સૌથી વધારે વરસાદ લાંભા, વટવા અને બોપલવના વિસ્તારોમાં પડ્યો છે. સમગ્ર દક્ષિણમાં સાડા પાંચ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. વટવા અને લાંભામાં ૬ ઈંચ વરસાદ પડ્યો છે. અનેક વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ. પૂર્વ અને પશ્ચિમ ઝોન સહિત નિકોલ, ખોખરા, સિંધુભવન રોડ, વસ્ત્રાપુર અને બોપલ જેવા પોશ વિસ્તારોમાં રસ્તાઓ બેટમાં ફેરવાઈ જતાં નાગરિકો, વાહનચાલકો તેમજ શાળાના બાળકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...





**પર્યુષણ પર્વ વિશેષ** જૈન મૂળ વિચાર મોર્ડન માઈન્ડસેટ લાઈફસ્ટાઈલ કનેક્શન

# જૈન દર્શનના ૧૦ સિધ્ધાંતો GEN-Zનો લાઈફ મંત્ર

## ક્રોધ, અહંકાર, લોભ છોડો, જૈન દર્શના સદીઓ જૂના ફંડા બની રહ્યા છે GEN-Zના NEW AGI MANTRA

'ડિજિટલ ડિટોક્સ કરો', 'ટોક્સિક વ્યક્તિથી દૂર રહો', 'મિનિમલિસ્ટ બનો', 'લેટ ઇટ ગો'... વગેરે જેવા સોશિયલ મંત્રને Gen-Z લાઈફસ્ટાઈલમાં ફોલો કરે છે. પણ ફોકસ કરતાં સમજાશે કે, આ કોઈ નવી ટર્મ નથી, જૈન દર્શન સદીઓથી આવી જ વાતો અલગ ભાષામાં સમજાવતું આવ્યું છે! ક્રોધ, માન, માયા અને લોભથી દૂર રહેવાની શીખ હોય કે, અપરિગ્રહ, સામાયિક અને ક્ષમા જેવા સિદ્ધાંતો. Gen-Z ટોક્સિક સંબંધોથી દૂર રહેવા, નેગેટિવિટીથી 'ડિટોક્સ' થવા મેન્ટલ પીસ શોધે છે. બીજી તરફ, જૈન દર્શન વ્યક્તિને અશાંતિ દૂર કરીને ત્મચિંતન તરફ વળવાની વાત કરે છે. એટલે પર્યુષણને માત્ર ધાર્મિક પર્વ તરીકે નહીં, પરંતુ ફાસ્ટ લાઈફ માટે પ્રેક્ટિકલ ગાઈડ તરીકે જોઈ શકાય. ઓછામાં જીવવું એટલે મિનિમલિઝમ, મનને શાંત કરવું એટલે ડિજિટલ ડિટોક્સ, ભૂલો છોડીને આગળ વધવું એટલે 'લેટ ઇટ ગો'. હજારો વર્ષ જૂની આ શીખ આજે Gen-Zની ભાષામાં ફરીથી 'રિલેટેબલ' બની રહી છે.

**દરરોજ પોતાનું ડેઈલી ઓડિટ કરો, ભૂલો સ્વીકારો અને આગળ વધો**

**માનસિક ડિટોક્સિફિકેશન માટે બહારની નહીં, અંદરની સફાઈ કરો**

**કુદરત પાસેથી લો પણ જરૂર હોય તેટલું જ વાપરો, કાળજી ચોક્કસ રાખો**

**જેટલું 'મારું' ઓછું, એટલી વધુ ફ્રીડમ અને જીવનમાં પણ શાંતિ વધારે**

## જૈન મૂળ વિચાર-મોડર્ન માઈન્ડસેટ-લાઈફસ્ટાઈલ કનેક્શન



- કષાયનો ત્યાગ એટલે કે, ક્રોધ, માન, માયા, લોભનો ત્યાગ, રેડી ટુ ક્વિટ એન્ડ ફોલો નો ટોક્સિસિટી, Gen-Z ટોક્સિક રિલેશનશિપ- વર્ક કલ્ચરને 'નો' કહી ઈનર પીસ પસંદ કરે છે. જૈન દર્શન કહે છે, ક્રોધ, અહંકાર, દ્વેષ છોડવા એટલે માનસિક શાંતિ તરફનું પગલું.
- આરંભ-પરિગ્રહનો વિવેક એટલે કે, જરૂરિયાત કરતાં વધુ સંસાધનો એકઠાં ન કરવા, શેરિંગ ઈકોનોમી મિનિમલ લાઈફ સ્ટાઈલ યંગસ્ટર્સ કાર ખરીદવા કરતાં શેરિંગ ટેક્સી અને ઘર ખરીદવા કરતાં રેન્ટ પસંદ કરે છે. કારણ કે, તેને વસ્તુઓ કરતાં ફ્રીડમ વધારે પસંદ છે. જ્યારે, જૈન દર્શન કહે છે, જેટલું ઓછું 'મારું' રાખશો, એટલી ઓછી ચિંતા અને વધારે શાંતિ મળશે.
- સામાયિક એટલે કે, ૪૮ મિનિટ સંસારથી દૂર રહેવું મી-ટાઈમ સ્ક્રીન-ટાઈમ લૉક માનસિક એટલા થાક્યા કે, ડિજિટલ વેલબિઈંગ એપથી મી ટાઈમ પસંદ કરે છે. જ્યારે, જૈન ધર્મ કહે છે, તે કરો જે, દુનિયાના ઘોંઘાટથી દૂર રાખી પોતાની સાથે કનેક્ટેડ રાખે.
- જીવદયા અને કરુણા સે નો ટુ એનિમલ ક્રૂઅલ્ટી, પેટ ફ્રેન્ડલી એન્વાયરમેન્ટ માટે યંગસ્ટર્સ સોશિયલ મીડિયા પર પણ પોતાનો મત મૂકે છે.
- શુદ્ધ સાત્વિક ભોજનનું ગ્રહણ ક્લીન ઈટિંગ- ઈટ ઓર્ગેનિક યંગસ્ટર્સ સોલિડ ડાયેટ, રૉ ફૂડ, ભેળસેળ વગરના શુદ્ધ ખોરાક પસંદ કરે છે.
- કંદમૂળનો ત્યાગ અને જમીનની અંદર ઊગતી શાકભાજી ન ખાવી, સસ્ટેનેબલ લાઈફસ્ટાઈલ, કુદરત પાસેથી જરૂર પૂરતું લો, પણ તેને નુકસાન ન કરો. ઝાડનું ફળ ખાઓ, મૂળ ન ઉખાડો. Gen-Z કહે છે, નેચર બચાવો, રિસોર્સ સાચવો, ફ્યુચર સિક્યોર કરો.
- પ્રતિક્રમણ એટલે કે, દિવસભરની ભૂલોની સમીક્ષા, મેન્ટલ રિવ્યૂ અને થોટ જર્નલિંગ, સૂતા પહેલાં ડેઈલી ઓડિટ - આજે શું ખોટું થયું? મનને ડિટોક્સ કરવાની શરૂઆત
- સાધુ-સંતોની સંગત, લાઈફ કોચ અથવા તો મેન્ટર્સને સાંભળવા, યંગસ્ટર્સ લાઈફ કોચ અને પોડકાસ્ટ સાંભળીને જીવનની દિશા શોધે છે. જૈન સંતોના પ્રવચનો પણ જાણે લાઈવ પોડકાસ્ટ છે, જ્યાં ફ્રીમાં સાચી સમજ મળે છે.

# રાજકોટમાં દુંદાળા દેવનું ધમાકેદાર સ્વાગત









**સિટી ન્યૂઝ@રાજકોટ**

આજે ગણેશ ચતુર્થીના પાવન પર્વની ઠેર ઠેર ભારે ઉત્સાહ ભેર ઉજવણી કરવામાં આવી રહી છે. રાજકોટ શહેરમાં મુખ્ય ચોક, શાળા કોલેજ, એપાર્ટમેન્ટ, અને સોસાયટીમાં મળી ૫૦૦૦ જેટલા નાના મોટા ગણપતિનું સ્થાપન કરી મહોત્સવની ઉજવણી શરૂ કરવામાં આવી છે.

ગુજરાતમાં એક માત્ર રાજકોટમાં શહેર ભાજપ દ્વારા છેલ્લા ૧૯ વર્ષથી ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રેસકોર્સ રિંગરોડ પર



મેયર બંગલોથી રેસકોર્સ મેદાન ખાતે બાપાનું વાજતે ગાજતે સ્થાપન કરવામાં આવ્યું હતું જેમાં ધારાસભ્ય દર્શિતાબેન શાહ, ભાનુબેન બાબરીયા સહીત મહિલા મોરચાની બહેનો ગરબે ઘૂમી હતી.

આ ઉપરાંત શહેરના દરેક ગલ્લી મહોલ્લામાં બેન્ડ બાજા અને ઢોલનગારા સાથે બાપાનું પૂજા અર્ચના સાથે વાજતે ગાજતે સ્થાપન કરવામાં આવ્યું છે. રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવેએ જણાવ્યું હતું કે રાજકોટમાં શહેર ભાજપ દ્વારા ગણપતિ મહોત્સવનું છેલ્લા ૧૯ વર્ષથી સ્થાપન કરી ગણપતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે.

# આજે ગણેશ ચતુર્થી, અનંત ચૌદશ સુધી આપણા અતિથિ

### બાપાના દરેક અંગમાં છૂપાયેલું જીવનનું જ્ઞાન

## ગણેશનું સ્વરૂપ એટલે 'લાઈફ ગાઈડ'

### આંખ, કાન, પેટ અને વાહન આપે છે અનોખી શાંતિ



- નાની આંખ : સૂક્ષ્મ નિરીક્ષણ કરવું. કાર્યને ઝીણવટથી જોઈ મીમાંસા કરીએ તો વિઘ્ન ન આવે.
- સૂપકર્ણ : સૂપડાં જેવા કાન. સૂપડું જેમ સારું રાખે અને કચરો ફેંકી દે, એમ સાંભળો બધાને પણ ગ્રહણ વિચારીને કરવું.
- લમ્બોદર : મોટું પેટ હોય એટલા પાચનશક્તિ સારી રાખવી. સાચું-ખોટું, માન-અપમાન બધું પચાવી જાણવું.
- મૂષકવાહન : ઉંદર ખૂબ જ ચપળ હોય છે. હંમેશાં કાર્યની માથે બેસવું. કાર્યરત રહેવું.
- મોદકપ્રિય : મોદક એટલે આનંદ. કોઈ પણ સ્થિતિમાં હંમેશાં મોજમાં રહેવું.
- કપિત્થ : એમને કોઠું પ્રિય છે. કઠોરતા છોડીને સાર ગ્રહણ કરવો.

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પ્રથમદેવ, વિઘ્નહર્તા ભગવાન ગણપતિનું સ્વરૂપ આપણને અનેક શીખ આપે છે. નડિયાદના બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રધાનાચાર્ય ડૉ. અમૃત ભોગાયતાના મતે ચાતુર્માસમાં ભગવાન શિવના પ્રિય માસ શ્રાવણ પછી ગણેશોત્સવ આવે છે. અને પછી શક્તિપર્વ નવરાત્રિ આવે છે. એટલે શિવ-શક્તિના સંપુટમાં, મધ્યમાં રહેતાં ગણેશજી શીખવે છે.માતા પાર્વતીએ ભગવાન શિવને કહ્યું, હે સર્વલોકના ભગવાન! તમારા પુત્ર વિનાયકને નમસ્કાર છે.

## ગણેશજીનાં આ સ્વરૂપની પૂજા કરો

» વક્રતુંડ - સર્વ વિઘ્નોનો નાશ કરનાર.
» એકદંત - શક્તિ, નિર્ભયતા અને એકાગ્રતા પ્રદાન કરનાર.
» મહોદર - સમૃદ્ધિ, સંપત્તિ અને સંતોષ પ્રદાન કરનાર.
» ગજાનન - શુભ ફળ-બુદ્ધિ પ્રદાન કરનાર.
» લંબોદર - આરોગ્ય અને લાંબુ આયુષ્ય પ્રદાન કરનાર.
» વિકટ ગણપતિ - શત્રુઓ અને નકારાત્મક શક્તિઓના નાશ માટે.
» વિઘ્નરાજ - સર્વ પ્રકારના અડચણોને દૂર કરનાર.
» ધૂમ્રવર્ણ - ભૂતપ્રેત, નકારાત્મક ઊર્જાઓથી રક્ષણ કરનાર.
» ભાલચંદ્ર - મનની શાંતિ અને સૌમ્યતા પ્રદાન કરનાર.
» સિદ્ધિવિનાયક - સિદ્ધિ અને મનોકામનાની પૂર્તિ કરનાર.

### માનવતાને ઈશ્વરનું મહત્વ સમજાવા માટે અવતર્યા

## ભય હરે, ભૂખ હરે, વિઘ્ન હરે અષ્ટ વિનાયકના સ્વરૂપોની દિવ્યગાથા

### અષ્ટવિનાયક આપણી રક્ષા કરે છે અને આપણને પ્રેરિત કરે છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વિનાયક - વિનાયક શબ્દનો એક અર્થ નાયક કે ઉત્પન્ન થયા છે. ઈશ્વર હોવાથી શિવજીને પિતૃઋણ નહોતું, એટલે તેમને પુત્રની જરૂર પણ નહોતી પરંતુ પાર્વતીજીને પુત્રની એષણા હતી. માનવતાને ઈશ્વરનું મહત્ત્વ સમજાવી શકે એવો એક પુત્ર. એટલે તેમણે પોતાને હળદર અને તેલનો લેપ લગાડ્યો અને એ લેપથી એક પુત્રને જન્મ આપ્યો. નાયક કે પુરુષ વિના જન્મ લીધો એટલે તેમને વિનાયક નામ અપાયું. અષ્ટવિનાયક - વિનાયકને શિવજીના ગણોના નાયક કહે છે. વિનાયકનું એક રૂપ અષ્ટવિનાયક છે. મહારાષ્ટ્રમાં પેશ્વાઓએ રાજ્યની સુરક્ષા માટે અષ્ટવિનાયકને ઈષ્ટ દેવતા ગણાવ્યા. દિગ્પાલોની જેમ અષ્ટવિનાયક ૮ દિશામાં સ્થાપિત કર્યા. એ વિઘ્નોથી રક્ષા કરે છે. પેશ્વા તેમને અષ્ટભૈરવ માનતા હતા. આ અષ્ટનાયકોનાં નામ છે, મોરેશ્વર, સિદ્ધિવિનાયક, બલ્લાલેશ્વર, વરદવિનાયક, ચિંતામણિ, ગિરિજાત્મજ, વિઘ્નેશ્વર અને મહાગણેશ.વિઘ્ન વિનાયક- ગણેશજીને વિઘ્નહર્તા કહેવાયા છે. તેમનું એક નામ વિઘ્ન વિનાયક પણ છે. પ્રારંભમાં તેમને વિઘ્નકર્તા કહેતા હતા. ઈ.સ. પૂર્વ ૫૦૦માં રચાયેલા માનવ-ગૃહ-સૂત્રમાં ચાર અનિયંત્રિત આત્માનો ઉલ્લેખ છે, જેને વિનાયક કહ્યા છે. ત્રીજી સદીના યાજ્ઞવલ્ક્ય-સ્મૃતિ નામના ગ્રંથમાં માત્ર એક જ વિનાયકનો વિઘ્નકર્તા સ્વરૂપે ઉલ્લેખ છે પરંતુ સાતમી સદીમાં વિનાયક શિવ અને શક્તિના પુત્ર ગણાવા લાગ્યા.ગજમુખ - પ્રાચીન સાહિત્યમાં વિનાયક શબ્દ વિઘ્નનું નિર્માણ કરતાં આત્માનું પ્રતિનિધિત્વ કરતા હતા. સમયની સાથે એ સકારાત્મક, રક્ષાત્મક દેવતાઓનું પ્રતિનિધિત્વ કરવા લાગ્યા. આરંભના ગ્રંથોમાં વિનાયકને ગજરૂપી યક્ષ સ્વરૂપે દર્શાવાયા છે. ગ્રંથોમાં ગજલક્ષ્મી રૂપનું વર્ણન છે. ગજલક્ષ્મી એટલે કે વૈભવ, ધન, ઐશ્વર્ય.

## ગણપતિ બાપ્પા મોરિયા; મૂર્તિ, મંડપ, ફૂલને પ્રસાદ સાથે કરોડોની 'ઉત્સવ ઈકોનોમિ'

# બાપ્પા આવ્યા ને બજારમાં બરકત
# ગુજરાતમાં 12 દિવસમાં 1200 કરોડનો કારોબાર

### વેપારને બૂસ્ટર ડોઝ; રાજકોટમાં ગણેશોત્સવમાં 90 કરોડની ઈકોનોમી



#### ગણેશ મૂર્તિઓ
- ૫૫.૫ લાખ મૂર્તિ
- સરેરાશ ૫,૫૦૦
- ૨૭૫-300 કરોડ



#### પંડાલ અને ડેકોરેશન
- લાખો ઘર + જાહેર મંડળ
- નાના-મોટા પંડાલ
- ૨૪૦-૨૭૦ કરોડ




#### ફૂલ-હાર
- ૧૨ દિવસ
- ઘર, મંડળ, મંદિરો
- ૭૦૯૦ કરોડ



#### પ્રસાદ, લાડુ
- ૧૨ દિવસ
- ઘર + મંડળ
- ૧૩૦-૧૬૦ કરોડ



#### ભોજન/કેટરિંગ
- ભંડારા, પ્રસાદ, કાર્યક્રમો
- ૧૨ દિવસ
- ૧૦૦-૧૩૦ કરોડ



#### લાઈટિંગ, સાઉન્ડ
- આગમન + આરતી + વિસર્જન
- ૧૨ દિવસ
- ૭૦૯૦ કરોડ

#### વિસર્જન વ્યવસ્થા
- મૂર્તિ, પંડાલ, સાધનો
- રાજ્યભરમાં
- ૩૫૫૦ કરોડ


#### પૂજા સામગ્રી
- ધૂપ, દીવા, નાળિયેર વગેરે
- ૧૨ દિવસ
- ૩૫ કરોડ

#### કપડાં, ગિફ્ટ
- ખરીદી તહેવાર સંબંધિત
- ૧૨ દિવસ
- ૩૦૪૦ કરોડ

#### ઈવેન્ટ મેનેજમેન્ટ
- વિવિધ સેવાઓ
- ૧૨ દિવસ
- ૨૫૩૫ કરોડ

#### કુલ અંદાજ
1,000થી 1,200 કરોડ

#### રાજકોટનો અંદાજ
રાજકોટ માટે અલગથી જોવામાં આવે તો ૬૦૯૦ કરોડનું ગણેશોત્સવ બજાર એક વાજબી અંદાજ બની શકે છેમૂર્તિઓ, પંડાલ-ડેકોરેશન, ફૂલ, લાઈટિંગ, DJ/બેન્ડ, પ્રસાદ, કેટરિંગ અને ટ્રાન્સપોર્ટ સહિત. રાજકોટમાં મૂર્તિકારો ૧થી ૧૦ ફૂટ સુધીની મૂર્તિઓ બનાવે છે.



#### એટલે સરળ ભાષામાં
- ૫.૫ લાખ મૂર્તિઓ × સરેરાશ ૫,૫૦૦ = ૩૦૨ કરોડ
- ડેકોરેશન ૨૫૫ કરોડ
- ફૂલ ૮૦ કરોડ
- પ્રસાદ-મીઠાઈ ૧૪૫ કરોડ
- ભોજન ૧૧૫ કરોડ
- લાઈટ-સાઉન્ડ-બેન્ડ ૮૦ કરોડ
- ટ્રાન્સપોર્ટ ૪૦ કરોડ
- પૂજા સામગ્રી ૩૦ કરોડ
- અન્ય ૫૩ કરોડ
- આશરે ૧,૧૦૦ કરોડ


## લાલબાગના રાજા મંદિર શિવની થીમ પર સજાવવામાં આવ્યું

# દેશભરમાં ગણેશ ઉત્સવ શરૂ






**ઈન્દૌરમાં 3 ટન માટીમાંથી બનેલ બાપ્પાઃ હૈદરાબાદમાં 72 ફૂટ ઊંચી ગણેશજીની પ્રતિમા**



**મુંબઈમાં 66 Kg સોનાથી બાપ્પાનો શ્રૃંગાર**



**ઈન્દૌરમાં 7 કરોડના આભૂષણોથી ગણેશજીનો શ્રૃંગાર**

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દેશભરમાં સોમવારથી ગણેશ મહોત્સવ શરૂ થઈ ગયો છે. આ વર્ષે મુંબઈના પ્રસિદ્ધ લાલબાગના રાજાનો પંડાલ અને બાપ્પાનું સ્વરૂપ મહાદેવ (શિવ)ની થીમ પર આધારિત છે, જેના કેન્દ્રમાં એક વિશાળ ત્રિશૂળ પણ શણગારવામાં આવ્યું છે. મંડળ અનુસાર આ તેનો ૯૩મો ગણેશોત્સવ છે.ઈન્દોરના તિલક નગરમાં ૩ ટન માટીમાંથી ૧૪ ફૂટ ઊંચી ગણેશ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. પ્રતિમા અને આખા પંડાલને પ્રકૃતિ-પશુ કલ્યાણનો સંદેશ આપવાના રૂપમાં શણગારવામાં આવ્યો છે.જયપુરના મોતી ડુંગરી ગણેશ મંદિરમાં સિંજારા મહોત્સવ અને જન્મોત્સવ પર વિશેષ દર્શન વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં શ્રદ્ધાળુઓ સવારે ૫ વાગ્યાથી રાત્રે ૧૧:૪૦ વાગ્યા સુધી દર્શન કરી શકશે.પટનામાં આ વખતે મદુરાઈના પ્રસિદ્ધ મીનાક્ષી મંદિરની જેમ પંડાલ બનાવવામાં આવ્યો છે. અહીં મુંબઈના લાલબાગના રાજાની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે, જે સાડા ૫ ફૂટ ઊંચી છે.હૈદરાબાદના ખૈરતાબાદમાં ૭૨ ફૂટ ઊંચી પ્રતિમા લાવવામાં આવી છે. જ્યારે, ઉપ્પુગુડામાં વિકસિત ભારત ૨૦૪૭ની થીમ પર પંડાલ અને ગણેશ પ્રતિમા બનાવવામાં આવી છે.મુંબઈના GSB સેવા મંડળના મહાગણપતિ, જે કિંગ્સ સર્કલ, માટુંગામાં બિરાજે છે. તેમને મુંબઈના 'સૌથી ધનિક ગણપતિ' પણ કહેવામાં આવે છે. ૨૦૨૬માં ગણપતિને ૬૬ કિલોથી વધુ સોનાના આભૂષણો અને ૩૩૫ કિલોથી વધુ ચાંદીથી શણગારવામાં આવ્યા છે.
મહારાષ્ટ્રના મુંબઈમાં ગણેશ ચતુર્થી પર બાપ્પાના દર્શન માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ સિદ્ધિવિનાયક મંદિરે પહોંચ્યા. મંદિરમાં ગણપતિ બાપ્પા મોરિયાના જયઘોષ કરવામાં આવ્યા. ભીડને ધ્યાનમાં રાખીને સુરક્ષાના કડક બંદોબસ્ત કરવામાં આવ્યા હતા.
ઈન્દોરના ખજરાના ગણેશ મંદિરમાં લગભગ ૭ કરોડના સોનાના આભૂષણો ભગવાનને અર્પણ કરવામાં આવ્યા છે. આ પહેલા રવિવારે બ્રહ્મમુહૂર્તમાં ભગવાનને હીરાજડિત નેત્ર ધારણ કરાવવામાં આવ્યા હતા. ભગવાન ગણેશને આજે સવા લાખ મોદકનો ભોગ પણ ધરાવવામાં આવશે. ઈન્દોરના ખજરાના ગણેશ મંદિરમાં, દેવતાને આશરે ૭ કરોડના સોનાના દાગીનાથી શણગારવામાં આવ્યા હતા. બ્રહ્મમુહૂર્ત દરમિયાન, દેવતાને હીરા જડિત આંખોથી શણગારવામાં આવ્યા હતા.

### ગણપતિ બાપ્પા મોરિયા; સલમાન ખાનથી આયુષ્માન ખુરાના ઘરે લાવે છે બાપ્પાને

# બોલિવુડ સેલેબ્સના ઘરે ગણેશોત્સવની ધૂમ







ગણેશોત્સવનો પવિત્ર તહેવાર શરૂ થતાં જ સમગ્ર મુંબઈ નગરી ભક્તિના રંગે રંગાઈ ગઈ છે, ત્યારે બોલિવૂડ ઇન્ડસ્ટ્રીમાં પણ બાપ્પાના સ્વાગતનો અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સુપરસ્ટાર સલમાન ખાનથી લઈને આયુષ્માન ખુરાના સુધીના જાણીતા અભિનેતાઓ દર વર્ષે સંપૂર્ણ શ્રદ્ધા અને પરંપરા મુજબ પોતાના ઘરમાં ગણપતિ બાપ્પાની મૂર્તિની સ્થાપના કરે છે.શૂટિંગના વ્યસ્ત શેડ્યૂલ વચ્ચે પણ આ ફિલ્મ સિતારાઓ પોતાના પરિવાર સાથે મળીને વિઘ્નહર્તાની આરતી, પૂજા અને સેવામાં લીન થઈ જાય છે, જેમના ઘરના ઉત્સવની ઝલક જોવા પ્રશંસકોમાં ભારે આતુરતા રહે છે.




## અંબાણી પરિવારે બાપ્પાનું ભવ્ય સ્વાગત કર્યું



**દર વર્ષની જેમ આ વર્ષે પણ અંબાણી પરિવારે ભવ્ય રીતે ગણપતિ બાપ્પાનું સ્વાગત કર્યું. રાધિકા મર્ચન્ટ ભાણેજને ખોળામાં લઈને બાપ્પાના દર્શન કરવા પહોંચ્યા. અનંત અંબાણી પણ સાથે હાજર રહ્યા.**

## આ વર્ષે પણ ગરબે ઘૂમો, ઘડિયાળ ભૂલી જાઓ

# નવરાત્રીમાં NO TIME LIMIT આખી રાત રમો ગરબા !

## વેપારીઓને ધંધો કરવાની છૂટછાટ નવરાત્રિમાં પણ દિવાળી જેવી કમાણીની આશા





**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગાંધીનગરમાં આયોજિત એક કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જનતાને સંબોધિત કરતા જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાતના વિકાસ અને પ્રજાની સુખાકારી માટે સતત કામગીરી થઈ રહી છે. તાજેતરમાં જ વડાપ્રધાનની ગુજરાત મુલાકાત દરમિયાન વડોદરાથી રાજ્યને ૩૪ હજાર કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોની ભેટ મળી છે.

આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ વર્ષે પણ નવરાત્રી આખી રાત ચાલશે તેવો સ્પષ્ટ ઈશારો કર્યો છે. લોકાર્પણ સમારોહ દરમિયાન હર્ષ સંઘવીએ ઉપસ્થિત જનતાને પૂછ્યું હતું કે, "નવરાત્રીમાં કેટલા વાગ્યા સુધી ગરબા રમો છો?" જેના જવાબમાં લોકોએ ઉત્સાહભેર "આખી રાત" એવો પ્રત્યુત્તર આપ્યો હતો. નાયબ મુખ્યમંત્રીએ મજાકમાં હળવી ટકોર કરતા કહ્યું હતું કે, જો કોઈ 'ચૌદશ' આવી જાય તો આખી રાત ન ફરી શકાય. ભૂપેન્દ્ર પટેલ સરકારના શાસનમાં નવરાત્રી દરમિયાન આખી રાત ગરબા રમવાની છૂટ મળતા લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ નિર્ણયના કારણે રાત્રિ દરમિયાન નાના વેપારીઓને પણ પોતાનો વેપાર-ધંધો ચાલુ રાખવાની તક મળે છે, જેનાથી તેઓ નવરાત્રીમાં જ દિવાળી જેવી શાનદાર કમાણી કરી રહ્યા હોવાની વાત પણ તેમણે જણાવી હતી.

ગાંધીનગર હવે માત્ર 'સચિવાલયના શહેર' તરીકેની પોતાની પરંપરાગત ઓળખમાંથી બહાર આવીને એક અત્યાધુનિક અને સ્માર્ટ શહેર તરીકે વિકસી રહ્યું છે. ભાજપ સરકારના શાસનમાં અહીં એક પછી એક મોટા વિકાસ પ્રોજેક્ટો સાકાર થયા છે. ગિફ્ટ સિટી, મહાત્મા મંદિર અને હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર જેવી આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાઓના નિર્માણથી ગાંધીનગરની એક નવી જ ઓળખ ઊભી થઈ છે. આ માળખાગત સુવિધાઓના પરિણામે હવે રાત્રિના સમયે પણ વેપાર-રોજગાર અને લોકોની અવરજવર વધવા પામી છે, જેનાથી શહેરની રોનકમાં નોંધપાત્ર વધારો થયો છે.

## ગુજરાતમાં નવરાત્રીમાં ફાલ્ગૂની પાઠક હિમેશ, મિકા સિંહ સિંગર્સ ગરબાની રમઝટ બોલાવશે

શહેરમાં ગરબાનો માહોલ અત્યારથી જ જામ્યો છે. જેથી મોટા નવરાત્રિ આયોજકોએ કલાકારોની જાહેરાત શરૂ કરી દીધી છે. આ વર્ષે સુરતની નવરાત્રીમાં હિમેશ રેશમિયા, કૈલાશ ખેર, મિકા સિંહ, અભિજીત સાવંત સહિત ૧૦થી વધુ બોલિવૂડ સિંગર્સ પરફોર્મ કરશે. ઉપરાંત રાણી કોહિનૂર, નીરવ બારોટ, તૃપ્તિ ગઢવી, રાજભા ગઢવી સહિતના ગુજરાતી કલાકારો પણ ગરબાની રમઝટ બોલાવશે.આ વર્ષે બોલિવૂડના જાણીતા સિંગર્સ ગરબાના રંગમાં જોવા મળશે. તેમાં હિમેશ રેશમિયા, કૈલાશ ખેર, મિકા સિંહ ગુરદીપ મહેંદી, અભિજીત સાવંત, અરુણિતા કાંજીલાલ, સચેત ટંડન, પરંપરા ટંડન, આદિત્ય નારાયણ અને શર્લી સેટિયા જેવા કલાકારો સુરતીઓને ગરબે ઝુમાડશે. આ ઉપરાંત ગુજરાતી કલાકારોમાં રાણી કોહિનૂર, દર્શન બુદ્ધેલિયા, મયુર દવે, નીરવ બારોટ, ધ્વનિ પરીખ, ડેવિન ઓડેરા, વિરાલી દોશી, ધ્રુવ ટેલર, નિકિતા ગ્રેગરી અને સિદ્ધાર્થ પટેલ સહિતના કલાકારો પણ ગરબાની રમઝટ બોલાવશે. જેથી આ વખતે બોલિવૂડના કલાકારો સુરતના ગરબાને એક નવો અનુભવ અને નવી ફીલ આપશે. યશ્વી નવરાત્રિ, સીબી પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ પર યોજાનારી યશવી નવરાત્રિમાં આ વર્ષે ખાસ આકર્ષણ તરીકે પૂર્વ મંત્રી અને પોસ્ટ નવરાત્રિ કાર્યક્રમમાં ફાલ્ગુની પાઠક હાજરી આપશે. ફાલ્ગુની પાઠક ૮ વર્ષ બાદ સુરતમાં પરફોર્મ કરવા આવી રહ્યાં હોવાથી તેમના કાર્યક્રમને લઈને પણ ગરબા રસિકોમાં ખાસ ઉત્સુકતા જોવા મળી રહી છે.

કેસરિયા નવરાત્રિ ૪.0નું આયોજન ભગવાન મહાવીર કોલેજ સામે કરાશે, જેમાં રુત્વી પંડ્યા અને રાજેશ આહિર પરફોર્મ કરશે.
સરસાણા ડોમના ધ OG નવરાત્રિમાં કેસર બાવડિયા; રાજ તેજાણી અને જયસિંહ ગઢવી ગરબાની રમઝટ બોલાવશે.
શ્વેત રાત્રિનું આયોજન કોહિનૂર ફાર્મ : ડુમસ રોડ ખાતે ૮થી ૧૧ ઓક્ટોબર દરમિયાન થશે. તેમાં ઋષભ અગ્રવાલ, હરિઓમ ગઢવી, જસરાજ શાસ્ત્રી અને મુકેશ ચૌધરી પરફોર્મ કરશે.



## નીમ કરોલી બાબાના પરચા અને અદભુત ભક્તિભાવનો સુભગ સમન્વય

# ‘હનુમાન અંશ’ રાજકોટીયન્સનું દિલ જીત્યું

## ‘Gen Z’થી પરિવારો સુધી સૌ માટે ‘મસ્ટ-વૉચ’ બની ફિલ્મ

### થિયેટરમાંથી બહાર આવ્યા પછી એક જ શબ્દ આ ફિલ્મ જરૂર જોવા જેવી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ "હનુમાન અંશ" દર્શકોમાં, ખાસ કરીને રાજકોટીયન્સમાં ભારે આકર્ષણ જમાવી રહી છે. પબ્લિક રિવ્યુમાં થિયેટરમાંથી બહાર આવતા લોકોના ચહેરા પર ફિલ્મને લઈને એક અલગ જ સંતોષ અને ભક્તિભાવ જોવા મળ્યો હતો. દર્શકોના મતે, આ ફિલ્મમાં પ્રખ્યાત સંત નીમ કરોલી બાબાના ચમત્કારો અને તેમના મહિમાને ખૂબ જ સુંદર અને હૃદયસ્પર્શી રીતે ઉજાગર કરવામાં આવ્યો છે.

એક સ્થાનિક યુવતીના જણાવ્યા મુજબ, વિરાટ કોહલી જેવા સેલિબ્રિટીઝની મુલાકાત બાદ ભલે બાબાનો આશ્રમ આખી દુનિયામાં વધુ લાઈમલાઈટમાં આવ્યો હોય, પરંતુ સ્થાનિક લોકો અને બાબાના ભક્તો માટે આ ફિલ્મ એક અદભુત અનુભવ છે. લોકો માને છે કે આપણે ત્યાં સુધી આપણી મહાન સંસ્કૃતિને નથી સ્વીકારતા જ્યાં સુધી બહારના લોકો તેના વખાણ ન કરે, પરંતુ આ ફિલ્મે એ ધારણાને તોડીને સાચી ભક્તિના દર્શન કરાવ્યા છે.

આજના સમયમાં અન્ય ફિલ્મો જોવા કરતા દર્શકો "હનુમાન અંશ" ને અનેક ગણી શ્રેષ્ઠ ગણાવી રહ્યા છે. રિવ્યુ આપનાર તમામ લોકો અને ખાસ કરીને યુવાનોનો સ્પષ્ટ મત છે કે આજની ’Gen Z’ (નવી પેઢી) અને બાળકોએ આ ફિલ્મ અચૂક જોવી જ જોઈએ. લોકોના મતે આ એક સંપૂર્ણ પારિવારિક ફિલ્મ છે, જેને પૂરા પરિવાર સાથે બેસીને કોઈ પણ સંકોચ વિના માણી શકાય છે અને નવી પેઢીને એક સારો સંદેશ આપી શકાય છે.



## થાનમાં ત્રિનેત્રેશ્વર મહાદેવના સાનિધ્યમાં 14ની 17 સપ્ટેમ્બર સુધી ચાલશે

# તરણેતરના મેળાનો પ્રારંભ

## તરણેતરનો મેળો ઝાલાવડની લોકપરંપરા, લોકકલા અને ગ્રામ્ય જીવન શૈલીની આગવી ઓળખ ધરાવે છે

**સિટી ન્યૂઝ@સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરના થાનમાં ત્રિનેત્રેશ્વર મહાદેવના સાનિધ્યમાં યોજાતો વિશ્વવિખ્યાત તરણેતરનો મેળો આજે ૧૪ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહ્યો છે, જે ૧૭ સપ્ટેમ્બર સુધી ચાલશે. આ વર્ષે સોડમ પુરાતન પાંચાળની થીમ સાથે યોજાઈ રહેલા આ મેળામાં લોકસંગીત, રાસ-ગરબા અને લોકસંસ્કૃતિના રંગ વચ્ચે આ વખતે રમતગમતનો ઉત્સાહ પણ જોવા મળશે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે તરણેતરમાં ૨૧મી ગ્રામીણ ઓલિમ્પિકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૪-૧૫-૧૬ સપ્ટેમ્બર ૩ દિવસ ભાઈઓ-બહેનો માટે પરંપરાગત રમતોની સાથે એથ્લેટિક્સ સહિતની વિવિધ સ્પર્ધાઓ યોજાશે. તરણેતર લોકમેળામાં લાખોની સંખ્યામાં લોકો ઉમટી પડવાની સંભાવના છે. ઋષિ પંચમીના દિવસે અઢીથી ત્રણ લાખ જેટલી જનમેદની મેળામાં ઉમટતી હોય છે. વરસાદ વિલન ન બને તો આ વર્ષે પણ મોટી સંખ્યામાં લોકો મેળાની મજા માણવા પહોંચશે.

તરણેતરનો મેળો ઝાલાવાડની લોકપરંપરા, લોકકલા અને ગ્રામ્ય જીવનશૈલીની આગવી ઓળખ ધરાવે છે. સાંસ્કૃતિક અને પ્રવાસન ક્ષેત્રે મળેલા પ્રોત્સાહનથી મેળાને વૈશ્વિક ઓળખ મળી છે. હવે ગ્રામીણ ઓલિમ્પિક જેવી રમતગમતની સ્પર્ધાઓ અને પશુ પ્રદર્શન સહિતના આયોજનોને કારણે તરણેતર મેળો લોકસંસ્કૃતિ, રમતગમત અને પ્રવાસનના ત્રિવેણી સંગમનું કેન્દ્ર બની રહ્યો છે. ૧૪ સપ્ટેમ્બર, ભાદરવા સુદ ત્રીજના દિવસે સવારે ત્રિનેત્રેશ્વર મહાદેવના પૂજનથી મેળાની શરૂઆત થઈ છે. કાલે ૧૫ સપ્ટેમ્બરે ચોથના દિવસે રંગત જામશે, યૌવન ખીલે અને રાસ, ગરબા, દુહા અને છંદની રમઝટ બોલશે. ટીટોડો અને હૂડારાસ એ તરણેતરના મેળાનું આગવું અંગ છે.

૧૬ સપ્ટેમ્બરને ઋષિપાંચમે વહેલી સવારે ગંગા અવતરણ આરતી બાદ પાળિયાદના મહંત પાળિયાદના પૂ. વિસામણ બાપુની જગ્યાના મહંતશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર પૂ.શ્રી નિર્મળાબા ઉનડબાપુના હસ્તે બાવન ગજની ધજાનું ધ્વજારોહણ થશે. રાત્રે ૯:૦૦ કલાકે મેળાના સ્ટેજ પર સુરેન્દ્રનગર જિલ્લા માહિતી કચેરી દ્વારા લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે, જે ગુજરાતના લોકકલાકારોને માણવાનો અનેરો અવસર પૂરો પાડશે.

૧૭ સપ્ટેમ્બરે સવારે છઠના દિવસે ત્રિનેત્રેશ્વર મહાદેવની સવારની આરતી બાદ ત્યારબાદ બપોરે ૧૨:૦૦ કલાકે જિલ્લા વહીવટી તંત્ર તથા જિલ્લા પોલીસ પ્રશાસન દ્વારા ધ્વજારોહણ કાર્યક્રમ થયા બાદ તરણેતર લોકમેળા-૨૦૨૬ની પૂર્ણાહુતિ કરવામાં આવશે.






### દોઢ વર્ષમાં બાળલગ્નનો પર્દાફાશ થતા તમામ નોંધણીમાંથી બ્લેકલિસ્ટ કરાયા

# રાજકોટમાં બાળલગ્નનો ખુલાસો; 151 યુગલોએ સગીર વયમાં લગ્ન કરી લીધા

## ઓનલાઈન લગ્ન નોંધણીથી રાજકોટમાં 415 ઓનલાઈન લગ્ન નોંધણી કરવામાં આવી જેમાં 151 યુગલોએ સગીર વયમાં લગ્ન કર્યાનું ખૂલ્યું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાપાલિકા દ્વારા જન્મ મરણના દાખલાની જેમ જ લગ્ન નોંધણી પણ ઓનલાઈન શરૂ કરાયા બાદ જાન્યુઆરી-૨૦૨૫થી અત્યાર સુધીમાં એટલે કે છેલ્લા દોઢ વર્ષમાં જ ૧૫૧ સગીરોનાં લગ્ન (બાળલગ્ન) થયાનું ખુલતાં લગ્ન નોંધણી વિભાગ દ્વારા આ તમામ યુગલોને બ્લેક લિસ્ટ કરવામાં આવ્યા છે. રાજકોટ મહાપાલિકા દ્વારા ઓન લાઇન લગ્ન નોંધણીની પ્રક્રિયા શરૂ થયા બાદ માર્ચ-૨૦૨૬થી ઓગસ્ટ સુધીમાં ૪૧૫ ઓનલાઈન લગ્ન નોંધણી કરવામાં આવી છે. જેમાં ૧૫૧ યુગલોએ સગીર વયમાં લગ્ન કર્યાનું ખુલતા મેરેજ રજિસ્ટ્રેશન વિભાગએ કડક કાર્યવાહી કરી છે. હવે આ યુગલો ફરીવાર ક્યારેય લગ્ન નોંધણી કરાવી શકશે નહીં.




પ્રાપ્ત વિગત મુજબ રાજકોટમાં વર્ષ ૨૦૨૬નાં માર્ચમાં ૫૦,એપ્રિલ માસમાં ૭૫, મે માસમાં ૭૨, જૂન માસમાં ૭૨, જૂલાઈ માસમાં ૬૧ અને ઓગસ્ટ માસમાં ૮૫ જેટલા ઓનલાઈન લગ્ન નોંધણી કરવામાં આવી છે. એટલે કે ધીમે-ધીમે લગ્નની નોંધણી ઓનલાઈન કરાવનારા લોકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. સાથે જ ઓનલાઈન નોંધણી પ્રક્રિયા શરૂ થતાં સગીર વયમાં જ લગ્ન કરનાર યુગલો પણ સામે આવી રહ્યા છે. અગાઉ ૨૦૨૪ના વર્ષમાં ૯૦ યુગલોએ નિર્ધારિત લગ્ન વય કરતાં વહેલા એટલે કે સગીર વયમાં જ લગ્ન કરી લીધાનું ખુલ્યા બાદ જાન્યુઆરી ૨૦૨૫થી ઓગસ્ટ-૨૦૨૬ સુધી આવા વધુ ૧૫૧ કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. જેને લઈને આ તમામને બ્લેક લિસ્ટ કરવામાં આવ્યા છે.

મહાનગરપાલિકાના મેરેજ રજીસ્ટ્રર વિભાગમાં લગ્ન સર્ટિફિકટ માટે આવતા મોટા ભાગના યુગલો પારંપારિક રીતે લગ્ન કર્યા બાદ લગ્ન પ્રમાણપત્ર (મેરેજ સર્ટિફિકેટ) કઢાવવા આવતા હોય છે.

નિયમ મુજબ યુગલો દ્વારા લગ્નનું સ્થળ તેમજ બન્નેના માતા-પિતાની સંમતિ સહિતના ડોક્યુમેન્ટ ફરજિયાત કરવામાં આવ્યા છે. લગ્ન નોંધણી માટે આવતા યુગલોએ ક્યાં સ્થળે લગ્ન કર્યા તે દર્શાવવું ફરજિયાત છે.

જોકે, પરિવારની મંજૂરી વગર ઘેરથી ભાગીને મંદિરમાં, કોર્ટ મારફત કે પછી અન્ય કોઈ સ્થળે લગ્ન કરી લીધા હોય અને ત્યારબાદ જ્યારે, મેરેજ સર્ટિફિકેટની જરૂરિયાત ઉભી થાય ત્યારે આવા યુગલો દ્વારા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ હસ્તકના લગ્ન નોંધણી વિભાગમાં અરજી કરવામાં આવે હોય છે.

મનપા દ્વારા ડોક્યુમેન્ટ ચકાસણી દરમિયાન પ્રથમ પતિ અને પત્નીની ઉંમર ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે. જેમાં ૨૦૨૪ના એક વર્ષ દરમિયાન ૯૦ યુગલો જેની ઉંમર૧૮ વર્ષ કરતા ઓછી હોવા છતાં પણ લગ્ન કરીને લગ્ન નોંધણી માટે અરજી કરી હતી.

આ પછી વર્ષ ૨૦૨૫માં જાન્યુઆરી માસથી ઓગસ્ટ માસ સુધીમાં વધુ ૧૫૧ કિસ્સા ઓનલાઇન રજીસ્ટ્રેશન દરમિયાન પકડાયા છે જેમાં નિર્ધારિત લગ્ન વય કરતા નાની ઉંમરમાં લગ્ન કરી લેવાયા છે. આ તમામ કિસ્સામાં મોટેભાગે યુવકની ઉંમર ઓછી હોવાનું નોંધવામાં આવ્યું છે. અમુક કિસ્સામાં યુગલોને સંતાન થઈ ગયા બાદ મેરેજ સર્ટિફિકેટ માટે અરજી કરવામાં આવી હોવાનું પણ સામે આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, લગ્ન નોંધણી કરાવવા આવનારાની પુછપરછ દરમિયાન તેઓએ પોતાની ઉંમર ૨૫ વર્ષથી વધુ હોવાનું જણાવ્યું હતું. પરંતુ લગ્ન સમયે તેઓ સગીર હોવાથી આ પ્રકારની તમામ અરજીનો અભ્યાસ કરી ૨૦૨૪ના એક વર્ષ દરમિયાન આવેલ ૯૦ અરજી તેમજ ૨૦૨૫માં જાન્યુઆરી માસથી ઓગસ્ટ માસ સુધીમાં વધુ ૧૫૧ કિસ્સા સામે આવતા તમામ અરજી અમાન્ય રાખી તમામ યુગલોના નામ સાથેના ડોક્યુમેન્ટને સેવ કરી બ્લેક લીસ્ટમાં મુકવામાં આવ્યા છે. જેથી હવે તેઓ રાજકોટ મનપામાં ક્યારેય લગ્નની નોંધણી કરાવી શકશે નહીં.

### રોયલ સ્ટેગ, રોયલ ચેલેન્જ, બ્લેન્ડર જેવી બ્રાન્ડની કંપનીનો દારૂ બનાવવાના નેટવર્કનો પર્દાફાશ

# ગુજરાતમાં કેમિકલથી બનતો નકલી દારૂ?

## ભાવનગરના લઠ્ઠાકાંડમાં 14નાં મોત, ફરી નકલી રોયલ સ્ટેગ બનાવતી ફેક્ટરી ઝડપાઈ; રાજસ્થાનથી દારૂ બનાવવાનું મટીરિયલ પાર્સલ કર્યુ




**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ભાવનગરમાં ભૂતકાળમાં સર્જાયેલા દર્દનાક લઠ્ઠાકાંડમાં ૧૪થી વધુ લોકોના મોત થયા હોવાની ગંભીર ઘટના બાદ પણ અસામાજિક તત્વો અને બુટલેગરો બેફામ બન્યા છે. રાજ્યમાં પ્રોહિબિશનના કડક અમલ વચ્ચે ભાવનગર, કચ્છના આદિપુર અને મોરબીના મોટા દહિંસરામાં વિદેશી દારૂ બનાવતી નકલી ફેક્ટરીઓ એકપછી એક ઝડપાતાં ખળભળાટ મચી ગયો છે. પોલીસ દરોડામાં સામે આવેલા દ્રશ્યો દર્શાવે છે કે રાજ્યમાં કેમિકલયુક્ત ઝેરી દારૂનું નેટવર્ક કેટલું ઊંડું ઉતરી ગયું છે. ભાવનગર LCB (લોકલ ક્રાઈમ બ્રાન્ચ)ની ટીમે શહેરમાં ચાલી રહેલી દારૂની બનાવટી ફેક્ટરી પર દરોડો પાડીને રેલવે કર્મચારી સહિત ૩ આરોપીઓની ધરપકડ કરી છે.પોલીસે સ્થળ પરથી ૧૮૦ MLની ૧૭ પ્લાસ્ટિક બોટલો, અલગ-અલગ બ્રાન્ડના ૩૮૨ નંગ નકલી સ્ટીકરો અને કેમિકલયુક્ત પ્રવાહી ભરેલો કેરબો જપ્ત કર્યો છે.નકલી દારૂ બનાવવા માટે વપરાતા શંકાસ્પદ કેમિકલના ૪૦૦ ML પ્રવાહીમાંથી ૨૦૦ MLની ૨ બોટલો સેમ્પલ તરીકે લઈ તેને FSL (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી) ખાતે મોકલવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.તપાસમાં ખુલાસો થયો છે કે રાજસ્થાનના એક શખસે નકલી દારૂ બનાવવાનું મટીરીયલ પાર્સલ મારફતે મોકલ્યું હતું, જ્યારે બીજા શખસે ભાવનગર આવીને આ કાળો કારોબાર શરૂ કર્યો હતો. આ સમગ્ર રેકેટમાં સાળા-બનેવીની જોડી મુખ્ય સૂત્રધાર હોવાનું સામે આવ્યું છે.કુલ ૧૦ શખસો સામે પ્રોહિબિશનની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ઝડપાયેલા ૩ આરોપીઓને રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરાઈ છે.

### આદિપુરમાંથી ડુપ્લિકેટ દારૂની ફેક્ટરી પકડાઈ

ગત ૨૬ ઓગસ્ટના રોજ કચ્છના આદિપુર વિસ્તારમાંથી પણ આવી જ એક ડુપ્લિકેટ દારૂની ફેક્ટરી પકડાઈ હતી.પોલીસે ૨ આરોપીઓને દબોચી તેમની પાસેથી ૯,૦૦૦ ખાલી બોટલો, ૬૦૦થી વધુ ક્વાર્ટર અને ૬૦૦ liter શંકાસ્પદ કેમિકલ કબજે કર્યું હતું.આ આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે બ્રાન્ડેડ કંપનીઓના નામે કેમિકલ પેક કરીને વેચવાનું કેટલું મોટું રેકેટ ધમધમી રહ્યું હતું.

### મોરબીમાંથી ડુપ્લિકેટ દારૂની ફેક્ટરી પકડાઈ

૭ સપ્ટેમ્બરના રોજ મોરબી LCB ટીમે માળીયા (મીં) તાલુકાના મોટા દહિંસરા ગામે એક રહેણાંક મકાનમાં ચાલતી ગેરકાયદે ફેક્ટરી પર દરોડો પાડ્યો હતો.પોલીસે સ્થળ પરથી ૫ આરોપીઓની ધરપકડ કરી હતી, જ્યારે મુખ્ય સૂત્રધાર પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયો હતો.પોલીસે કેમિકલ, ડુપ્લિકેટ દારૂ, ખાલી બોટલો, સ્ટીકરો, રોકડ અને કાર સહિત કુલ ૨૦,૭૫,૪૪૪ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

## પ્રજા ભગવાન; રાજ્યમાં કુલ 4 કરોડ, 40 લાખ, 30 હજાર 725 મતદારો

# Mission 2027; ગુજરાતની સત્તા માટે ભાજપ, કોંગ્રેસ અને આપે રાજનીતિની રણનિતી શરૂ કરી

## 1 વર્ષ સુધી વિપક્ષો ખેડૂતો, રોજગાર અને મોંઘવારીને ચૂંટણી મુદ્દો બનાવશે?




**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાતમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને હજુ સમય છે, પરંતુ રાજકીય પક્ષોએ અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. એક તરફ મતદાર યાદીની વિશેષ ચકાસણી બાદ અંતિમ મતદાર યાદી જાહેર થઈ છે, તો બીજી તરફ ભાજપ અને કોંગ્રેસે સંગઠનને મજબૂત કરવાની કવાયત શરૂ કરી છે. આમ આદમી પાર્ટી પણ ગુજરાતમાં પોતાનો રાજકીય પ્રભાવ વધારવા સક્રિય છે.આ ઉપરાંત પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા , બહુજન સમાજ પાર્ટી સહિતના રાજકીય પરિબળોની સક્રિયતાથી ૨૦૨૭ની ચૂંટણીમાં નવાજૂનીના એંધાણ જોવા મળી રહ્યા છે.હવે સવાલ એ છે કે ૨૦૨૭માં ગુજરાતનું રાજકીય ચિત્ર કેવું રહેશે અને મતદારોનો મિજાજ કોના પક્ષમાં રહેશે?ચૂંટણીની સમગ્ર પ્રક્રિયામાં મતદાર યાદીનું મહત્વ સૌથી વધુ હોય છે. ગુજરાતમાં વિશેષ સઘન સુધારણા એટલે કે SIRની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ફેબ્રુઆરી ૨૦૨૬માં અંતિમ મતદાર યાદી જાહેર કરવામાં આવી હતી. અંતિમ મતદાર યાદી પ્રમાણે ગુજરાતમાં કુલ ૪ કરોડ ૪૦ લાખ ૩૦ હજાર ૭૨૫ મતદારો નોંધાયા હતા. આ મતદારો જ આગામી વિધાનસભા ચૂંટણીમાં રાજકીય પક્ષોના ભાવિનો નિર્ણય કરશે.નવી મતદાર યાદી બાદ રાજકીય પક્ષો માટે મતદારો સુધી પહોંચ વધારવી અને પોતાના સંગઠનને વધુ મજબૂત બનાવવું મહત્વપૂર્ણ બનશે. ત્યારે સવાલ એ છે કે ૨૦૨૭ની ચૂંટણી પહેલાં નવી મતદાર યાદી રાજકીય પક્ષોની રણનીતિને કેટલી અસર કરશે?

સત્તાધારી ભાજપ માટે ૨૦૨૭ની ચૂંટણી સતત સત્તા જાળવી રાખવાનો મોટો પડકાર રહેશે. પક્ષે સંગઠન મજબૂત કરવા અને આગામી ચૂંટણી માટેની રણનીતિ પર કામ શરૂ કરી દીધું છે. ભાજપ સામે સૌથી મોટો પડકાર વિકાસના મુદ્દાને મતમાં કેવી રીતે ફેરવવો તેનો રહેશે. બીજી તરફ યુવાનો અને ખાસ કરીને ઝેન-જી મતદારો સુધી પહોંચ વધારવા પર પણ રાજકીય પક્ષોનું ધ્યાન છે. દેશવ્યાપી રાજકીય પરિસ્થિતિની અસર ગુજરાત પર પણ પડી શકે છે. યુવાનો, રોજગાર અને વિકાસ જેવા મુદ્દાઓ આગામી ચૂંટણીમાં કેટલા અસરકારક સાબિત થશે તે જોવું મહત્વપૂર્ણ રહેશે. ખાસ કરીને યુવા મતદારોનો મિજાજ ૨૦૨૭ની ચૂંટણીમાં રાજકીય ગણિત બદલવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે.૨૦૨૭ની ચૂંટણી કોંગ્રેસ માટે ગુજરાતમાં ફરીથી મજબૂત પડકાર ઊભો કરવાની મોટી તક માનવામાં આવી રહી છે. કોંગ્રેસે ગુજરાત માટે નવા પ્રભારી તરીકે રણદીપ સુરજેવાલાની જવાબદારી સોંપી છે. તેઓ ૧૨ સપ્ટેમ્બરે ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. તેમની મુલાકાત ભાજપના ગુજરાત માટેના નવા પ્રભારી તરુણ ચુઘના રાજ્ય પ્રવાસ સાથે જ ચર્ચામાં રહી હતી. કોંગ્રેસ હવે બેરોજગારી, શિક્ષણ, મોંઘવારી, ખેડૂતો અને યુવાનો જેવા મુદ્દાઓને કેન્દ્રમાં રાખવાની દિશામાં આગળ વધી રહી છે.

## વિધાનસભાની ચૂંટણી પહેલા પોલીસ બેડામાં ફેરફારની તૈયારી

# ગુજરાતમાં 50થી વધુ IPS અધિકારીઓની થશે બદલી અને બઢતી !

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**


ગુજરાતમાં આગામી વર્ષ એટલે કે ૨૦૨૭ના ડિસેમ્બરમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. રાજ્યમાં વિધાનસભા ચૂંટણીને માત્ર એક વર્ષ બાકી રહ્યું છે. તેવામાં અધિકારીઓની બદલીની ચર્ચાઓ પણ શરૂ થઈ ગઈ છે. સામે આવેલી વિગલ પ્રમાણે આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલા રાજ્યમાં ૫૦થી વધુ IPS અધિકારીઓની બદલી કરાશે.વિધાનસભાની ચૂંટણી પહેલા બદલીઓનો દોર શરૂ થતો હોય છે.તેવામાં આગામી વર્ષે ડિસેમ્બર ૨૦૨૭મા ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે, જે પહેલાં અનેક આઈપીએસ અધિકારીઓની બદલી થઈ શકે છે. આ પહેલા તંત્રએ તૈયારી શરૂ કરી છે. ગુજરાતમાં ૫૦થી વધુ આઈપીએસ અધિકારીઓને બઢતી આપવા અને બદલી કરવાની તૈયારીઓ અંદરખાને શરૂ થઈ છે.રાજ્યમાં વર્ષ ૨૦૨૪મા અપાયેલા પોસ્ટિંગને ૨૦૨૭મા ત્રણ વર્ષ થઈ જશે, તેવામાં વિધાનસભા ચૂંટણી પહેલા અનેક અધિકારીઓની બદલી થશે. રાજ્યમાં તાજેતરમાં બે વરિષ્ઠ અધિકારીઓ પ્રફુલકુમાર રોશન અને રાજુ ભાર્ગવની નિવૃત્તિથી ડીજી રેન્કમાં બે જગ્યા ખાલી પડી છે. તો ૧૯૯૭ બેચના આઈપીએસ અને અમદાવાદના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતને ડીજીપીનું પ્રમોશન મળી શકે છે.આ સિવાય એડિશનલ ડીજીપી રેન્કના ખુરશીદ એહમદને પણ ડીજીપી રેન્કમાં પ્રમોશન મળી શકે છે. તો ૧૯૯૮ બેચના અમિત વિશ્વકર્મા અને પિયૂષ પટેલનજે પણ પ્રમોશન મળે તેવી ચર્ચા છે. જો ચૂંટણી પહેલા બદલીની વાત કરવામાં આવે તો વડોદરાના સીપી, રાજકોટના પોલીસ કમિશનર, એટીએસના વડા અમિત વિશ્વકર્મા, સુરતના ઈન્ચાર્જ સીપી, વડોદરાના રેન્જ આઈજી, સુરતના રેન્જ આઈજી જેવા અધિકારીઓની બદલી થઈ શકે છે.રાજ્યમાં વર્તમાનમાં ૧૫ આઈપીએસ અધિકારીઓ એવા છે જેની પાસે બે જગ્યાનો ચાર્જ છે. તેવામાં તેમના પર કામનું ભારણ રહેલું છે. તેવામાં ઘણા અધિકારીઓને વધારાના ચાર્જમાંથી મુક્ત પણ કરવામાં આવી શકે છે. વર્તમાનમાં તો આ મુદ્દે માત્ર ચર્ચાઓ ચાલી રહી છે, આ અંગે ગૃહ વિભાગ આગામી સમયમાં શું નિર્ણય લેશે તે જોવાનું રહેશે.



## ક્લાસરૂમથી ચૂંટણી મેદાન સુધી, રાહુલ ગાંધીનું ગુજરાતમાં Yooth Mission 2027

# યુવાનોની નાડ પારખવા ગુજરાતમાં રાહુલ ગાંધી કરશે 'છાત્રો કી ગૂંજ' કાર્યક્રમ

## વિધાનસભાની ચૂંટણી પહેલા યુવા વોર શરૂ: વડોદરામાં PM મોદી બાદ હવે કોંગ્રેસ કરશે GEN-Zને સાધવાનો ગેમપ્લાન



સિટી ન્યૂઝ@નવી દિલ્હી

ગુજરાત વિધાનસભાની ૨૦૨૭ની ચૂંટણીને હજુ સમય છે, ત્યારે રાજકીય પક્ષોએ અત્યારથી જ યુવા મતદારોને રીઝવવા માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ જ કડીમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ગુજરાતમાં છાત્રો કી ગૂંજ કાર્યક્રમ યોજે તેવી ચર્ચા છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ઇન્દોર બાદ ગુજરાતમાં પણ રાહુલ ગાંધી વિદ્યાર્થીઓ અને યુવાનો સાથે સીધો સંવાદ કરશે.ગુજરાતમાં યોજાનારા સંભવિત કાર્યક્રમમાં શિક્ષણ વ્યવસ્થા, રોજગાર, યુવાનોની તકો અને વિદ્યાર્થીઓના પ્રશ્નો મુખ્ય મુદ્દા બની શકે છે. કાર્યક્રમમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન સિસ્ટમ અમલમાં મૂકવાની પણ ચર્ચા હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

કોંગ્રેસના આ કાર્યક્રમનો હેતુ માત્ર વિદ્યાર્થીઓ સાથે સંવાદ પૂરતો નહીં પરંતુ ૨૦૨૭ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને યુવાનો સાથે સીધું જોડાણ વધારવાનો પણ હોવાનું માનવામાં આવે છે.

ગુજરાતમાં યુવા મતદારોની સંખ્યા નોંધપાત્ર છે. રાજ્યમાં અંદાજે ૪.૪ કરોડ મતદારો છે અને ૧૮થી ૨૯ વર્ષની વયના મતદારોનો હિસ્સો આશરે ૨૩ ટકા હોવાનું જણાવાય છે. આટલી મોટી સંખ્યામાં યુવા મતદારો હોવાથી આગામી વિધાનસભા ચૂંટણીમાં તેમનો ઝુકાવ રાજકીય પક્ષો માટે મહત્વપૂર્ણ બની શકે છે.ખાસ કરીને Gen-Z મતદારો સોશિયલ મીડિયા, રોજગાર, શિક્ષણ, ટેક્નોલોજી અને જીવનશૈલી જેવા મુદ્દાઓને મહત્વ આપતા હોવાથી રાજકીય પક્ષોની પ્રચારની રીતમાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે.તાજેતરમાં વડોદરામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુવાનો સાથે સીધો સંવાદ કર્યો હતો. યુવાનોને કેન્દ્રમાં રાખીને યોજાયેલા આવા કાર્યક્રમો બાદ હવે કોંગ્રેસ પણ યુવા મતદારો સુધી પહોંચવા માટે સક્રિય બની રહી હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.આથી રાહુલ ગાંધીનો સંભવિત છાત્રો કી ગૂંજ કાર્યક્રમ ૨૦૨૭ની ચૂંટણી પહેલાં કોંગ્રેસના યુવા કનેક્ટ અભિયાનનો મહત્વનો ભાગ બની શકે છે. ગુજરાત કોંગ્રેસ દ્વારા કાર્યક્રમને લઈને પ્રાથમિક તૈયારીઓ શરૂ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

### ગુજરાતના પ્રભારી રણદીપ સુરજેવાલાએ કહ્યું

## કોંગ્રેસ બનાવશે 'ન્યુ ગુજરાત'નો એજન્ડા

### કોંગ્રેસની વિચારધારા ગુજરાતની માટીમાંથી નીકળી છે


સિટી ન્યૂઝ@નવી દિલ્હી

કોંગ્રેસના મહાસચિવ અને રાજ્યસભા સાંસદ રણદીપ સુરજેવાલાને ગુજરાતની જવાબદારી સોંપાઈ છે. તેઓ ગુજરાતના પ્રભારી બન્યા બાદ હાલમાં જ ગુજરાતની ઉડતી મુલાકાત આવ્યા હતા અને અમદાવાદમાં રાજીવ ગાંધી ભવન ખાતે ધારાસભ્યો, શહેરી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને વિવિધ સેલના ચેરમેન સાથે બેઠકો યોજી હતી. નેતાઓને તેમણે સૂચના પણ આપી કે લોકો, ખેડૂતોના પ્રશ્નો જાણો અને પછી આંદોલન કરો.

અત્રે જણાવવાનું કે કોંગ્રેસે સચિન પાયલોટ સહિત અનેક દિગ્ગજ નેતાઓને અલગ અલગ રાજ્યોની જવાબદારી સોંપેલી છે.

ગુજરાતના પ્રભારી રણદીપ સૂરજેવાલાએ શનિવારે કહ્યું કે ગુજરાત કોંગ્રેસ માટે ફક્ત એક રાજ્ય નહીં પરંતુ પ્રેરણાનો સ્ત્રોત છે. ગુજરાતની ધરતીથી કોંગ્રેસની વિચારધારાની શરૂઆત થઈ અને પાર્ટી માટે ગુજરાત અને કોંગ્રેસ એક બીજાના પર્યાય છે. હાલમાં જ ગુજરાતના પ્રભારી તરીકે કાર્યભાર સંભાળનારા સુરજેવાલાએ કહ્યું કે પાર્ટી પોતાના કાર્યકરો અને સહયોગીઓ સાથે મળીને રાજ્યમાં વિકાસ, પ્રગતિ, સદભાવ એ ભાઈચારીને રાહને મજબૂત કરશે. તેમણે એવો પણ ભરોસો વ્યક્ત કર્યો કે કોંગ્રેસ એક થઈને એક નવા ગુજરાતના નિર્માણની દિશામાં કામ કરશે.ગાંધી અને સરદારની ધરતી સુરજેવાલાએ કહ્યું કે ગુજરાતની ધરતી એ બાપુ અને સરદાર પટેલની ધરતી છે અને કોંગ્રેસની વિચારધારાનું જન્મસ્થળ છે. કોંગ્રેસની વિચારધારા ગુજરાતની માટીમાંથી નીકળી છે.

કોંગ્રેસ અને ગુજરાત એક બીજાના પર્યાય છે. આથી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ માટે ગુજરાત એક રાજ્ય નહીં પરંતુ પ્રેરણાનો સ્ત્રોત છે.



### મધ્યપ્રદેશનો ગજબનો કિસ્સો

# ટ્રકનું ટાયર બદલતાં જ વિસ્ફોટ થયો; ડ્રાઈવરના ટુકડા થયા








**સિટી ન્યૂઝ@સિંગરૌલી**

એમપીના સિંગરૌલીમાં એક મોટો અકસ્માત થયો છે. કોલસાની ટ્રકનું ટાયર બદલતી વખતે એટલો જોરદાર વિસ્ફોટ થયો કે ડ્રાઈવરના ટુકડા થઈ ગયા. આ ઘટનાનું એક ભયાનક દ્રશ્ય સામે આવ્યું છે.

મધ્યપ્રદેશના સિંગરૌલી જિલ્લાના બરગવાન પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક દુઃખદ અકસ્માત થયો હતો. આ ઘટનાનો એક ભયાનક વીડિયો પણ સામે આવ્યો છે. કોલસા ભરેલા ટ્રેલરનું પંચર થયેલું ટાયર બદલતી વખતે અચાનક જોરદાર ધડાકા સાથે ટાયર ફાટ્યું હતું.

વિસ્ફોટ એટલો ગંભીર હતો કે ડ્રાઈવરના ટુકડા થઈ ગયા હતા, જ્યારે અન્ય બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માત બાદ ચારેબાજુ ધુમાડો દેખાઈ રહ્યો હતો, આ ઘટનાનો લાઈવ વીડિયો પણ સામે આવ્યો છે.

આ તસવીર સિંગરૌલીના બરગવાન પોલીસ સ્ટેશન વિસ્તારના બારી ઝરિયા વિસ્તારની છે, જ્યાં મોડી રાત્રે રોડ કિનારે કોલસાથી ભરેલું ટ્રેલર ઊભું હતું. મળતી માહિતી મુજબ, ટ્રેલરનું ટાયર પંચર થયા બાદ પચૌરનો રહેવાસી ડ્રાઈવર અનિલ સાહુ તેને ખોલવાનો પ્રયાસ કરી રહ્યો હતો. દરમિયાન અચાનક જોરદાર ધડાકા સાથે ટાયર ફાટ્યું હતું.

વિસ્ફોટ એટલો જોરદાર હતો કે ડ્રાઈવર અનિલ સાહુના શરીરના ટુકડા થઈ ગયા અને તેમનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું. અકસ્માત સમયે ટ્રેલરની પાસે હાજર અન્ય બે લોકો પણ બ્લાસ્ટની ઝપેટમાં આવી ગયા હતા અને તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘટના બાદ ઘટના સ્થળે અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો.

ઘટનાની માહિતી મળતાની સાથે જ સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ઘાયલોને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલ બાયધન મોકલવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. પોલીસે મૃતક ડ્રાઈવરના મૃતદેહને પોતાની કસ્ટડીમાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. પ્રાથમિક માહિતી મુજબ ટાયરમાં હવાના વધુ પડતા દબાણને કારણે આ અકસ્માત થયો હોઈ શકે છે. હાલ પોલીસ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે અને ઘટના પાછળનું કારણ જાણવાનો પ્રયાસ કરી રહી છે.



### ઘરકામ બાબતે ડખ્ખો થતા વહૂનો મગજ ગયો

# વહૂએ સાસુને ગળું દબાવી મારી નાંખી

**સિટી ન્યૂઝ@ઉત્તર પ્રદેશ**

ઉત્તર પ્રદેશના બિજનૌરમાં સાસુ-વહુ વચ્ચેનો ઘરેલુ વિવાદ જીવલેણ બન્યો હતો. ધામપુર પોલીસ સ્ટેશન વિસ્તારના કરનાવાલા ગામમાં ૬૫ વર્ષની ઓમવતીનું મોત થયું હતું. ઘટના સમયે ઘરમાં ઓમવતી અને તેમની ૩૪ વર્ષની વહૂ પ્રીતિ જ હાજર હતાં. પુત્ર કમલ મજૂરી માટે બહાર ગયો હતો, જ્યારે બાળકો પણ ઘરની બહાર હતાં.

પોલીસના જણાવ્યા અનુસાર, ૧૩ સપ્ટેમ્બરની સાંજે આશરે ૫ વાગ્યે કોઈ ઘરેલુ બાબતને લઈને સાસુ-વહુ વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. ધીમે ધીમે વિવાદ ઉગ્ર બન્યો અને મારપીટ સુધી પહોંચ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં પ્રીતિએ ઓમવતી સાથે મારપીટ કરી તેમને જમીન પર પછાડી તેમનું ગળું દબાવ્યું હોવાની વિગતો સામે આવી છે. ત્યારબાદ ઓમવતીનું મોત થયું હતું.

ઘટનાની જાણ થતાં ધામપુર પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી. પોલીસે ઘટનાસ્થળનું નિરીક્ષણ કરી આસપાસના લોકો પાસેથી પણ માહિતી મેળવી હતી. ઓમવતીના મૃતદેહને કબજામાં લઈ પંચનામાની કાર્યવાહી બાદ પોસ્ટમોર્ટમ માટે બિજનૌર મોર્ચરીમાં મોકલવામાં આવ્યો છે.

બિજનૌર પોલીસના જણાવ્યા મુજબ, કરનાવાલા ગામના કમલ પુત્ર મહાવીરના લગ્ન વર્ષ ૨૦૧૫માં અફઝલગઢ વિસ્તારના હરબંશપુરની પ્રીતિ સાથે થયા હતા. કમલનો કોઈ ભાઈ નથી. પરિવારમાં તેની માતા ઓમવતી અને પત્ની પ્રીતિ રહેતાં હતાં.

૧૩ સપ્ટેમ્બરે કમલ મજૂરી માટે બહાર ગયો હતો. તે સમયે આશરે ૬૫ વર્ષની ઓમવતી અને ૩૪ વર્ષની પ્રીતિ ઘરે હતાં. બાળકો પણ બહાર હોવાથી ઘટના સમયે ઘરમાં સાસુ-વહૂ સિવાય અન્ય કોઈ હાજર નહોતું.

પોલીસે જણાવ્યું કે મહિલાના મોતનું વાસ્તવિક કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ સ્પષ્ટ થશે. શરીર પર ઈજાના નિશાનની સ્થિતિ સહિતની વિગતો પણ રિપોર્ટથી સામે આવશે. પોલીસે ઘટનાસ્થળેથી પુરાવા એકત્ર કરવા ફોરેન્સિક અને ફીલ્ડ યુનિટને જાણ કરી છે.

પોલીસે વહૂ પ્રીતિને કસ્ટડીમાં લઈ પૂછપરછ શરૂ કરી છે. સમગ્ર મામલે તપાસ ચાલી રહી છે. પોલીસના જણાવ્યા મુજબ તપાસ દરમિયાન સામે આવતા તથ્યો અને પોસ્ટમોર્ટમ રિપોર્ટના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ઘટનાને પગલે ગામમાં ખળભળાટ મચ્યો હતો, જોકે હાલ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામાન્ય હોવાનું જણાવાયું છે.



## ઉત્તરપ્રદેશમાં નકલી સિક્કા બનાવતી ફેક્ટરીનો પોલીસે કર્યો પર્દાફાશ

# ભણવામાં 10મું ફેલ; 'ચિલ્લર કિંગ' યુવાને રૂા.20નાં 70 કરોડ નકલી સિક્કા બજારમાં ઘૂસાડી દીધા

**6 મશીનથી રોજ 10થી 12 હજાર સિક્કા બનાવાના એક 20 રૂપિયાનો સિક્કો બનાવવા માટે 5થી 6 રૂપિયાનો ખર્ચ થતો હતોઃ એજન્ટોને 12થી 15 રૂપિયામાં નકલી સિક્કો વેંચી દીધો'તો**

સિટી ન્યૂઝ@નવી દિલ્હી

ઉત્તર પ્રદેશના સહારનપુરમાં પોલીસે નકલી સિક્કા (Fake Coins) બનાવતી મોટી ફેક્ટરીનો પર્દાફાશ કર્યો છે. પોલીસે અત્યાર સુધીમાં પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. આ ગેંગનો મુખ્ય સૂત્રધાર ઉપકાર લૂથરા ઉર્ફે અભય પ્રતાપ સિંહ હોવાનું સામે આવ્યું છે. ખાસ વાત એ છે કે લૂથરા ૧૦મું ધોરણ ફેલ છે, પરંતુ નકલી સિક્કા બનાવવાની કળા શીખ્યા બાદ તે આ ગેરકાયદેસર ધંધામાં મોટું નામ બની ગયો હતો.પોલીસના જણાવ્યા અનુસાર, સહારનપુરમાં ચાલતી આ ફેક્ટરીમાં ૨૦ના નકલી સિક્કા તૈયાર કરવામાં આવતા હતા. અહીંથી મોટી સંખ્યામાં તૈયાર અને અધબનાવટવાળા સિક્કા મળી આવ્યા છે. પોલીસને આશંકા છે કે આ ગેંગ અત્યાર સુધીમાં ૭૦ કરોડથી વધુના નકલી સિક્કા



બજારમાં ચલાવી ચૂક્યો છે. પોલીસને આરોપીઓ પાસેથી સાત રજિસ્ટર પણ મળી આવ્યા છે. આ રજિસ્ટરમાં નકલી સિક્કાના વ્યવહારો અને સપ્લાય (Supply) સાથે જોડાયેલી વિગતો હોવાની આશા છે.હવે પોલીસ આ રજિસ્ટરના આધારે એજન્ટો, દુકાનદારો અને નકલી સિક્કાના સમગ્ર નેટવર્ક સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે.

### છ મશીનથી રોજ બનતા 10થી 12 હજાર સિક્કા

સહારનપુરમાં બનાવવામાં આવેલી નવી ફેક્ટરીમાં છ મશીન લગાવવામાં આવી હતી. આ મશીનોની મદદથી દરરોજ લગભગ ૧૦થી ૧૨ હજાર ૨૦ના નકલી સિક્કા બનાવવામાં આવતા હતા.પોલીસની કાર્યવાહી દરમિયાન ફેક્ટરીમાંથી ૬,૪૦૦ તૈયાર નકલી સિક્કા અને આશરે ૫ લાખ કિંમતના અધૂરા સિક્કા મળી આવ્યા હતા.

### દારૂના ઠેકા અને ટોલ પર ચલાવતા નકલી સિક્કા

ગેંગે નકલી સિક્કા બજારમાં ચલાવવા માટે એવી જગ્યાઓ પસંદ કરી હતી જ્યાં દરરોજ મોટી સંખ્યામાં રોકડ (Cash)નું લેવડદેવડ થતું હોય. પોલીસની પૂછપરછમાં દારૂના ઠેકા, ટોલ પ્લાઝા અને કરિયાણાની દુકાનો પર નકલી સિક્કા ચલાવવાની માહિતી સામે આવી છે.આ ગેંગમાં દારૂના ઠેકાને ખાસ પ્રાથમિકતા આપવામાં આવતી હતી.

### 6માં બનતો સિક્કો 12થી 15માં વેચતા

પોલીસના જણાવ્યા અનુસાર, એક ૨૦નો નકલી સિક્કો બનાવવામાં લગભગ ૫થી ૬નો ખર્ચ થતો હતો. ત્યારબાદ એ જ સિક્કો એજન્ટને ૧૨થી ૧૫માં વેચવામાં આવતો હતો. એજન્ટો કમિશનના આધારે આ સિક્કા વિવિધ દુકાનો અને અન્ય વ્યવસાયિક સ્થળોએ ચલાવતા હતા.ઓછા ખર્ચે ઉત્પાદન અને ૨૦ની કિંમત ધરાવતા સિક્કાને કારણે ગેંગને દરેક સિક્કા પર સારો નફો મળતો હતો. મોટી સંખ્યામાં સિક્કાનું ઉત્પાદન થતું હોવાથી થોડા જ સમયમાં આ ગેરકાયદેસર કારોબાર કરોડો રૂપિયા સુધી પહોંચી ગયો હતો.

# ઝોમેટોથી કેશ ઓન ડિલિવરી ફૂડ મંગાવવું મોંઘો : ઓનલાઈ પેમેન્ટ પર રાહત

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ ઝોમેટો પરથી ફૂડ ઓર્ડર કરવું હવે મોંઘું થઈ ગયું છે. હવે જો તમે ઝોમેટો પરથી ફૂડ ઓર્ડર કરતી વખતે 'કેશ ઓન ડિલિવરી' એટલે કે ડિલિવરી સમયે રોકડ ચુકવણીનો વિકલ્પ પસંદ કરશો, તો તમારે ૫ રૂપિયા વધુ ચૂકવવા પડશે. આ નવો ચાર્જ એપના બિલ સમરીમાં 'પે ઓન ડિલિવરી ફી'ના નામથી અલગથી ઉમેરાશે. કેટલાક યુઝર્સના એપ બિલમાં આ ફી ૭ રૂપિયાથી લઈને ૨૦ રૂપિયા સુધી અલગ-અલગ પણ દેખાઈ રહી છે.

જોકે, જે યુઝર્સ UPI, ક્રેડિટ/ડેબિટ કાર્ડ અથવા નેટ બેન્કિંગ જેવા ડિજિટલ માધ્યમોથી ઓનલાઈન ચુકવણી કરશે, તેમને આ વધારાનો ચાર્જ લાગશે નહીં. ઝોમેટો દ્વારા લાદવામાં આવેલી આ નવી 'પે ઓન ડિલિવરી ફી' કંપનીના પ્લેટફોર્મ ફી, રેસ્ટોરન્ટ પેકેજિંગ ચાર્જ, ડિલિવરી ચાર્જ અને GST થી અલગ છે. એટલે કે, હવે તમારે ખાવા ઉપરાંત પેકેજિંગ, ડિલિવરી, પ્લેટફોર્મ અને રોકડમાં




ચુકવણી કરવા માટે પણ અલગથી પૈસા ચૂકવવા પડશે. જોકે, સ્વિગીએ હાલમાં આવો કોઈ ચાર્જ લાગુ કર્યો નથી.

ઝોમેટો પર દરરોજ લગભગ ૨૩થી ૨૫ લાખ ઓર્ડર કરવામાં આવે છે. જો માત્ર ૫ રૂપિયાનો નાનો એક્સ્ટ્રા ચાર્જ પણ લગાવવામાં આવે, તો કંપનીને દરરોજ ૧.૨૫ કરોડ રૂપિયા સુધીની વધુ કમાણી થઈ શકે છે. ભલે બધા ગ્રાહકો કેશ ઓન ડિલિવરીનો વિકલ્પ ન પસંદ કરે, તેમ છતાં આ નિર્ણયથી ઝોમેટોનો નફો વાર્ષિક સેંકડો કરોડ રૂપિયા વધી જશે. ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ્સ દ્વારા ઓર્ડર પર અલગ-અલગ શુલ્ક ઉમેરવાનો સિલસિલો નવો નથી. એપ્રિલ ૨૦૨૩માં ઝોમેટો અને સ્વિગીએ માત્ર ૨ પ્લેટફોર્મ ફીથી શરૂઆત કરી હતી, જે હવે વધીને ૧૪.૯૯ પ્રતિ ઓર્ડર (વત્તા ૧૮% GST) થઈ ગઈ છે. દેખાવમાં આ ૨થી ૧૫નો ચાર્જ નાનો લાગે છે, પરંતુ ઈ-કોમર્સ અને ફૂડ ડિલિવરી કંપનીઓ આ નાના ચાર્જિસથી જ વાર્ષિક ૩,૫૦૦થી ૪,૦૦૦ કરોડની મોટી કમાણી કરી લે છે.

ઝોમેટોનો આ નિર્ણય એવા સમયે આવ્યો છે, જ્યારે દેશના ક્વિક-કોમર્સ અને ફૂડ-ડિલિવરી સેક્ટરમાં સ્પર્ધા ઘણી તેજ બની ગઈ છે. રેપિડોનું 'ઓન્લી' પ્લેટફોર્મ અને ફ્લિપકાર્ટની નવી 'ઈટ ઈન' સર્વિસ આ માર્કેટમાં પગ મૂકી રહ્યા છે.

### હિન્દીની બીજી ભાષાઓ સાથે કોઈ હરિફાઈ નહીં : અમિત શાહ

# 2029 પહેલા 21 રાજ્યોમાં UCC લાગુ કરાશે : શાહ

**» વિવિધતા દેશની સૌથી મોટી તાકાત**

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ગૃહમંત્રી અમિત શાહે રવિવારે મુંબઈમાં કહ્યું કે ભાજપ-એનડીએ શાસિત ૨૧ રાજ્યોમાં ૨૦૨૯ પહેલા UCC લાગુ કરી દેવામાં આવશે. આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૯માં યોજાવાની છે. ઉત્તરાખંડમાં જાન્યુઆરી ૨૦૨૫થી UCC સંપૂર્ણપણે લાગુ છે. હાલમાં UCC લાગુ કરનારું આ એકમાત્ર રાજ્ય છે.

ગુજરાત, આસામ અને મધ્યપ્રદેશમાં વિધાનસભામાંથી પ્રસ્તાવ પસાર થઈ ચૂક્યો છે. રાષ્ટ્રપતિની મંજૂરી અને અધિસૂચના જાહેર થવાની રાહ જોવાઈ રહી છે. મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢે UCC



લાગુ કરવા માટે કાયદાનો મુસદ્દો તૈયાર કરનારી સમિતિઓ ગઠિત કરી દીધી છે. શાહ મુંબઈમાં ભાજપના સેવા સંકલ્પ અભિયાનના લોન્ચિંગ માટે પહોંચ્યા હતા. અહીં તેમણે પ્રેસ કોન્ફરન્સ પણ કરી હતી. ૨૦૧૪માં ભાજપ/એનડીએની સરકારો લગભગ ૭ રાજ્યોમાં હતી. ૨૦૧૮ સુધીમાં આ સંખ્યા વધીને ૨૧ રાજ્યો સુધી પહોંચી ગઈ. ૨૦૧૯ પછી કેટલાક રાજ્યોમાં સત્તા ગુમાવવાથી સંખ્યા ઘટીને લગભગ ૧૬-૧૭ રહી ગઈ. ૨૦૨૪-૨૦૨૬ દરમિયાન મહારાષ્ટ્ર, બિહાર, આસામ અને પશ્ચિમ બંગાળ સહિત ઘણા રાજ્યોમાં સત્તા વાપસી થઈ. ૨૦૨૬માં ભાજપના નેતૃત્વ હેઠળનું એનડીએ ૨૨ રાજ્યોમાં સરકાર ચલાવી રહ્યું છે.

કેરળની મુસ્લિમ સંસ્થા સમસ્ત કેરળ જેમ-ઈયાતુલ ઉલમા પણ UCCનો વિરોધ કરી રહી છે. સંસ્થાના અધ્યક્ષ મોહમ્મદ જિફ્રીનું કહેવું છે કે માત્ર મુસ્લિમ જ નહીં, પરંતુ અન્ય ધર્મો જેવા કે ખ્રિસ્તી, બૌદ્ધ અને જૈન પણ યુનિવર્સલ સિવિલ કોડને સ્વીકારી શકશે નહીં. તેમનું કહેવું છે કે મુસ્લિમોમાં લગ્ન, છૂટાછેડા અને વારસો ધર્મનો જ એક ભાગ છે.



### ગુસ્સામાં હત્યા કરી હતી, 50,000 રૂપિયાનું ઈનામ રાખવામાં આવ્યું હતું

# મુંબઈમાં 20 બિલાડીઓની હત્યા કરનાર ગિરફ્તાર

**સિટી ન્યૂઝ@મુંબઈ**

મુંબઈના ચેમ્બુરમાં લગભગ ૨૦ રખડતી બિલાડીઓને મારવા બદલ પોલીસે ૪૦ વર્ષના એક શખ્સની ધરપકડ કરી છે. આરોપીની ઓળખ શિવા કેશવ જોશી તરીકે થઈ છે. પોલીસે આસપાસના વિસ્તારોના CCTV ફૂટેજના આધારે આરોપીની ઓળખ કરી. પૂછપરછમાં જોશીએ બિલાડીઓને ગુસ્સામાં મારવાની વાત કબૂલી.

૪ સપ્ટેમ્બરે વિસ્તારમાં ઘણી બિલાડીઓના મૃતદેહ મળ્યા હતા. કેટલાક બિલાડીના બચ્ચા પણ મૃત અને ઘાયલ હાલતમાં મળ્યા હતા. પશુ અધિકાર સંગઠન પેટા ઈન્ડિયાએ બિલાડીઓને મારનારની જાણકારી આપવા પર ૫૦ હજારનું ઈનામ રાખ્યું હતું. રૂબીના અબ્દુલ મલિક પઠાણ છેલ્લા ૫-૬ વર્ષથી વિસ્તારમાં રખડતી બિલાડીઓને ખવડાવવા અને તેમની સારવાર કરાવવામાં મદદ કરે છે.

### ભારતમાં અમેરિકા કરતા 41,000, કેનેડામાં 44,400 મોંઘો મળશે

# આઈફોન 18 પ્રો અને પ્રો મેક્સનું બુકિંગ શરૂ

## ભારતમાં 18 પ્રોની કિંમત 1.65 લાખ




## પ્રો મેક્સની કિંમત 1.80 લાખ




**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

એપલના નવા ફ્લેગશિપ સ્માર્ટફોન આઈફોન ૧૮ પ્રો અને આઈફોન ૧૮ પ્રો મેક્સનું બુકિંગ ભારત સહિત દુનિયાભરમાં શરૂ થઈ ગયું છે. ભારતમાં આઈફોન ૧૮ પ્રોની શરૂઆતની કિંમત ૧.૬૫ લાખ રૂપિયા અને આઈફોન ૧૮ પ્રો મેક્સની કિંમત ૧.૮૦ લાખ રૂપિયા રાખવામાં આવી છે.કંપનીએ આ વખતે તેના પ્રો મોડેલ લાઈનઅપમાં નવો A૨૦ પ્રો ચિપસેટ, એડવાન્સ્ડ કૂલિંગ સિસ્ટમ અને મેઈન કેમેરામાં પહેલીવાર DSLR કેમેરાવાળી વેરીએબલ અપર્ચર ટેકનોલોજી આપી છે. જોકે, ગ્લોબલ માર્કેટની સરખામણીમાં ભારતમાં આ બંને મોડેલ્સની કિંમતો ઘણી વધારે છે.

એપલ Siri AI માં ક મોટા અપડેટ્સ

સ્ક્રીન જોઈને કામ કરવું: સ્ક્રીન પર શું દેખાઈ રહ્યું છે, સિરી તેને સમજીને સીધું તે જ કાર્ય પૂર્ણ કરી દે છે.

ખાનગી ડેટાથી સચોટ જવાબ: ઈમેલ, મેસેજ કે કેલેન્ડરમાંથી માહિતી કાઢીને તમારી ફ્લાઈટ, મીટિંગ કે પ્લાન જણાવી દે છે.

એપ્સની અંદર કામ: ફક્ત એપ ખોલતી જ નથી, પરંતુ ફોટો એડિટ કરીને કોઈને મોકલવા જેવું અંદરનું કામ પણ કરી દે છે.

## નોનવેજ ધરાવવા પાછળ સ્થાનિક લોકવિશ્વાસ, શક્તિ ઉપાસના તાંત્રિક પરંપરા, બલિની પ્રથા અને સદીઓ જૂની સાંસ્કૃતિક માન્યતાઓ જોડાયેલી છે

# દેશના ખ્યાતનામ મંદિરોમાં ચિકન, મટન અને માછલીના ભોગ ધરાવવાની પરંપરા

## કાલીઘાટ મંદિરમાં માછલી અને બલિની પરંપરાનો લાંબો ઈતિહાસ

**સિટી ન્યૂઝ@કોલકાતા**

ક્યાંક માછલી, ક્યાંક બકરાનું માંસ તો ક્યાંક ચિકન અથવા અન્ય પ્રાણીના માંસને ધાર્મિક વિધિ બાદ દેવીને અર્પણ કરવાની પરંપરા જોવા મળે છે. આ પરંપરાઓને માત્ર 'નોનવેજ ખાવાની રીત' તરીકે જોવી યોગ્ય નથી. અનેક સ્થળોએ તેની પાછળ સ્થાનિક લોકવિશ્વાસ, શક્તિ ઉપાસના, તાંત્રિક પરંપરા, બલિની પ્રથા અને સદીઓ જૂની સાંસ્કૃતિક માન્યતાઓ જોડાયેલી છે. જોકે દરેક મંદિરમાં નિયમો અને વિધિઓ અલગ હોય છે અને સમય સાથે તેમાં ઘણા ફેરફારો પણ થયા છે. તાજેતરમાં પશ્ચિમ બંગાળમાં દુર્ગા પૂજા અને માંસાહારી ભોજનને લઈને થયેલી ચર્ચાએ આ વિષયને ફરી ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધો છે. બાગેશ્વર ધામના ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ બંગાળી હિન્દુઓને દુર્ગા પૂજા દરમિયાન નોનવેજથી દૂર રહેવાની અપીલ કરી હતી. આ નિવેદન બાદ બંગાળમાં ધાર્મિક પરંપરા અને ખાનપાનને લઈને રાજકીય તથા સામાજિક ચર્ચા શરૂ થઈ હતી. આ દરમિયાન ભાજપના નેતા શુભેન્દુ અધિકારી કૌશિકી અમાસના પ્રસંગે કોલકાતાના પ્રસિદ્ધ કાલીઘાટ મંદિર પહોંચ્યા હતા અને પરંપરાગત માછલીના ભોગનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

### કાલીઘાટ મંદિર
**જ્યાં માછલી અને બલિની પરંપરાનો છે લાંબો ઈતિહાસ**



કોલકાતાનું કાલીઘાટ કાલી મંદિર શક્તિ ઉપાસનાના સૌથી જાણીતા કેન્દ્રોમાંનું એક છે. મા કાલીની આરાધના સાથે જોડાયેલું આ મંદિર બંગાળની ધાર્મિક અને સાંસ્કૃતિક ઓળખમાં વિશેષ સ્થાન ધરાવે છે. કાલીઘાટમાં પરંપરાગત રીતે બકરાની બલિની પ્રથા જોવા મળે છે. ધાર્મિક વિધિ બાદ બલિ આપવામાં આવેલા બકરાના માંસને તૈયાર કરીને દેવીને ભોગ ધરાવવામાં આવતો અને ત્યારબાદ તેનો પ્રસાદરૂપે ઉપયોગ કરવામાં આવતો હોવાના ઉલ્લેખો મળે છે.

### તારાપીઠ
**તંત્ર સાધના સાથે જોડાયેલું અનોખું ધાર્મિક કેન્દ્ર**



પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લામાં આવેલું તારાપીઠ મંદિર મા તારાની ઉપાસના માટે પ્રસિદ્ધ છે. આ સ્થળ ખાસ કરીને તંત્ર સાધના સાથે જોડાયેલા સાધુઓ અને સાધકો માટે મહત્વનું માનવામાં આવે છે. તારાપીઠની ધાર્મિક પરંપરામાં પણ બલિનું સ્થાન જોવા મળે છે. અહીં ચોક્કસ ધાર્મિક વિધિઓ દરમિયાન બકરાની બલિ આપવાની પરંપરા વિશે ઉલ્લેખ થાય છે.



### કામાખ્યા મંદિર
**શક્તિ ઉપાસના અને બલિની પરંપરા**

અસમના ગુવાહાટીમાં આવેલું કામાખ્યા મંદિર ભારતના સૌથી મહત્વપૂર્ણ શક્તિપીઠોમાં ગણાય છે. મંદિર માત્ર ધાર્મિક આસ્થાનું કેન્દ્ર જ નથી, પરંતુ તંત્ર સાધના અને શક્તિ ઉપાસનાની પરંપરાઓ સાથે પણ તેનો ઊંડો સંબંધ છે. કામાખ્યા મંદિરમાં પરંપરાગત રીતે પશુબલિની પ્રથા જાણીતી રહી છે. વિવિધ ધાર્મિક પ્રસંગોએ બકરા સહિત કેટલાક પશુઓની બલિ આપવામાં આવતી હોવાના ઉલ્લેખ મળે છે.



### ભદ્રકાલી મંદિર

ભારતના દક્ષિણ ભાગમાં પણ માંસાહારી ભોગની પરંપરાના ઉદાહરણો જોવા મળે છે. ઉત્તર કેરળના કેટલાક ભદ્રકાલી મંદિરોમાં સ્થાનિક ધાર્મિક પરંપરાઓમાં માંસાહારી નૈવેદ્યનું સ્થાન રહ્યું છે. આ પરંપરામાં ખાસ રસપ્રદ બાબત એ છે કે કેટલાક સ્થળોએ અગાઉ પશુબલિ કરવામાં આવતી હતી. પરંતુ કાયદાકીય નિયંત્રણો અને સામાજિક પરિવર્તન બાદ બલિની પદ્ધતિમાં ફેરફાર થયો.

### દેવી-દેવતાઓને માંસાહારી ભોગ કેમ ધરાવવામાં આવે છે?

આ સવાલનો એક જ જવાબ નથી. ભારતની વિવિધ ધાર્મિક પરંપરાઓમાં ભોગ અને નૈવેદ્ય અંગે અલગ-અલગ માન્યતાઓ છે. શક્તિ ઉપાસનાની કેટલીક પરંપરાઓમાં બલિને પ્રાચીન ધાર્મિક વિધિ તરીકે જોવામાં આવે છે. કેટલાક સાધકો માટે તેનો સંબંધ શક્તિ, તંત્ર અને દેવીના ઉગ્ર સ્વરૂપ સાથે જોડાય છે. બીજી તરફ, અનેક ભક્તો માટે આ માત્ર કુટુંબ અથવા પ્રદેશની સદીઓ જૂની પરંપરા છે, જેને તેઓ ધાર્મિક આસ્થા સાથે આગળ વધારે છે. કેટલાક સમાજોમાં જે વસ્તુ સામાન્ય જીવનમાં ખોરાકનો ભાગ છે, તેને જ દેવી-દેવતાને અર્પણ કરવાની પરંપરા જોવા મળે છે. એટલે કોઈ ચોક્કસ સમુદાયમાં માછલી અથવા માંસ સામાન્ય ભોજનનો ભાગ હોય તો તે ધાર્મિક ભોગ તરીકે પણ સ્વીકારવામાં આવ્યું હોઈ શકે છે. આ કારણે સમગ્ર હિંદુ ધર્મ માટે 'ભગવાનને માત્ર શાકાહારી ભોગ જ ચઢે' અથવા 'માંસાહારી ભોગ જ ચઢે' એવું સામાન્યીકરણ કરવું યોગ્ય નથી. અલગ-અલગ સંપ્રદાય, પ્રદેશ અને દેવતા પ્રમાણે પરંપરાઓ બદલાય છે.


### શું માંસનો પ્રસાદ ભક્તોને પણ આપવામાં આવે છે?

કેટલાક મંદિરો અને સ્થાનિક ધાર્મિક પરંપરાઓમાં બલિ અથવા નૈવેદ્ય બાદ તૈયાર કરાયેલું માંસ પ્રસાદ અથવા ધાર્મિક ભોજનના સ્વરૂપમાં ભક્તોમાં વહેંચવામાં આવે છે. પરંતુ દરેક મંદિર માટે આ નિયમ સમાન નથી. ક્યાંક ભોગ માત્ર ધાર્મિક વિધિ પૂરતો મર્યાદિત રહે છે, જ્યારે ક્યાંક ભક્તો પણ તેનો ભાગ બને છે. કેટલાક સ્થળોએ બલિના સ્થાને પ્રતીકાત્મક અર્પણ કરવામાં આવે છે. એટલે 'નોનવેજ પ્રસાદ' શબ્દ સાંભળતાં દરેક મંદિરની રીત એકસરખી છે એવું માનવું ભૂલભર્યું થશે. બંગાળની સંસ્કૃતિમાં ખોરાક અને ધાર્મિક જીવન વચ્ચેનું જોડાણ વિશેષ પ્રકારનું છે. માછલી અહીં માત્ર ખોરાક નથી, પરંતુ અનેક સામાજિક અને સાંસ્કૃતિક પ્રસંગોમાં તેનું મહત્વ જોવા મળે છે. કેટલીક શક્તિ ઉપાસનાની પરંપરાઓમાં પણ માછલીને નૈવેદ્ય તરીકે સ્થાન મળ્યું છે. આથી જ દુર્ગા પૂજા દરમિયાન નોનવેજ અંગે કોઈ નિવેદન થાય ત્યારે બંગાળમાં તે માત્ર ખાવા-પીવાની પસંદગીનો મુદ્દો રહેતો નથી. તે સ્થાનિક સંસ્કૃતિ, ધાર્મિક પરંપરા અને ઓળખ સાથે પણ જોડાઈ જાય છે.

### અમેરિકાના કેલિફોર્નિયામાં ભારતીય મુળની મહિલા શાલિની ઠાકુરની હત્યા

# લગ્નની ના પાડતા 14 વર્ષ નાના આશિકે ગોળી મારી હત્યા કરી

### ડંકી રૂટથી અમેરિકા પહોંચેલા યુવકે મહિલાનો પીછો કરી રેસ્ટોરન્ટ બહાર ગોળીથી વીંધી નાંખી





સિટી ન્યૂઝ@વોશિંગ્ટન

અમેરિકાના કેલિફોર્નિયામાં ભારતીય મૂળની મહિલા શાલિની ઠાકુરની હત્યા કરી દેવામાં આવી. આરોપીએ કેલિફોર્નિયાના સેકરામેન્ટોમાં મંગળવારે ૩૮ વર્ષની શાલિનીનો પીછો કરી રેસ્ટોરન્ટ બહાર ગોળી મારી દીધી.આરોપીની ઓળખ ૨૨ વર્ષના રોહિત નામના શખ્સ તરીકે થઈ છે. રોહિતને જ્યારે પોલીસની ટીમે ઘેર્યો તો તેણે પોતાના માથામાં ગોળી મારીને આત્મહત્યા કરી લીધી.શાલિનીની માતા સુદેશ કુમારીએ જણાવ્યું કે રોહિત એક વર્ષથી ૩૮ વર્ષીય શાલિનીનો પીછો કરી રહ્યો હતો અને તેને હેરાન કરી રહ્યો હતો. તેમણે જણાવ્યું કે રોહિત તેમની દીકરી સાથે લગ્ન કરવા માંગતો હતો પરંતુ ઉંમરના અંતરને કારણે તેણે ના પાડી દીધી. આનાથી રોહિત ભડકેલો હતો. સેકરામેન્ટો કાઉન્ટી શેરીફ ઓફિસના જણાવ્યા અનુસાર, શાલિની સેકરામેન્ટોના આર્ડન આર્કેડ વિસ્તારમાં એક શોપિંગ પ્લાઝામાં કામ કરતી હતી. કામ પર જવા દરમિયાન જ રોહિતે તેનો પીછો કર્યો. તેણે શાલિનીને એક રેસ્ટોરન્ટ બહાર રોકી લીધી. શાલિની જીવ બચાવવા ભાગી, પરંતુ રોહિતે પીછો કર્યો અને અનેક ગોળીઓ મારી દીધી.લોકોએ પોલીસને શંકાસ્પદની ગાડીનું વર્ણન આપ્યું. ગાડીનું છેલ્લું લોકેશન જલ્દી જ ખબર પડી ગઈ. થોડી જ મિનિટો પછી ગાડી ઈસ્ટબાઉન્ડ હાઈવે ૫૦ પર મળી. જ્યારે અધિકારીઓએ ગાડીને રોકવાનો પ્રયાસ કર્યો તો રોહિતે અચાનક ગાડી રોકી દીધી.પોલીસ કાર સુધી પહોંચી તો જોયું કે રોહિત ડ્રાઈવર સીટ પર લોહીથી લથપથ હાલતમાં પડેલો હતો. તેણે પોતાને ગોળી મારી લીધી હતી.સ્થાનિક રિપોર્ટ્સ અનુસાર, રોહિત જાન્યુઆરી ૨૦૨૬થી શાલિનીનો પીછો કરી રહ્યો હતો. ઘણી વખત તે મદદ કરવાના બહાને શાલિનીની કારના ટાયરોની હવા કાઢી નાખતો હતો. તે કામ પર જતી વખતે તેનો પીછો કરતો હતો. એકવાર તેણે શાલિનીના એપાર્ટમેન્ટની ચાવીની કોપી મેળવી લીધી હતી. આ પછી તે ગમે ત્યારે તેના ઘરમાં ઘૂસી જતો હતો. શાલિનીએ મે મહિનામાં રોહિત વિરુદ્ધ કેસ નોંધાવ્યો હતો. કોર્ટે રોહિતને ચેતવણી પણ આપી હતી. આમ છતાં, તેણે શાલિનીનો પીછો છોડ્યો ન હતો.અમેરિકી ગૃહ સુરક્ષા વિભાગના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, રોહિત વૈધ દસ્તાવેજો વિના અમેરિકામાં રહેતો હતો. પ્રવક્તાએ જણાવ્યું કે ૨૦૨૩માં એરિઝોનાના રસ્તે અમેરિકામાં દાખલ થયા પછી અમેરિકી સીમા પેટ્રોલિંગ દળ દ્વારા તેની ધરપકડ કરવામાં આવી હતી.



### કોર્ટે કહ્યું મરજીથી ભેટો આપી હતી હવે તેના પૈસા પરત માંગી શકાય નહીં

# ગર્લફ્રેન્ડ પાછળ બોયફ્રેન્ડે 30 કરોડ ખર્ચ્યા, બ્રેકઅપ થયું તો ગર્લફ્રેન્ડ સામે કેસ કરી રૂપિયા પરત માંગ્યા

### સિંગાપોરમાં ભારતીય મૂળના CEOનો કેસ કોર્ટમાં પહોંચ્યો

સિટી ન્યૂઝ@નવીદિલ્હી

સિંગાપોરમાં ભારતીય મૂળના એક CEO બ્રેકઅપ બાદ પોતાની ગર્લફ્રેન્ડ સામે કોર્ટમાં પહોંચી ગયા હતા. સંબંધ દરમિયાન તેમણે પોતાની ગર્લફ્રેન્ડને 'પ્રાડા' અને 'ડાયો' જેવી મોંઘી બ્રાન્ડની વસ્તુઓ ભેટમાં આપી હતી. બાદમાં આ ભેટો પાછળ ખર્ચાયેલા પૈસા પરત મેળવવા માટે તેમણે પોતાની પૂર્વ ગર્લફ્રેન્ડ સામે કેસ કર્યો હતો.જોકે, CEO આ કેસ હારી ગયા હતા. કોર્ટે ચુકાદો આપતાં કહ્યું હતું કે તેમણે ગર્લફ્રેન્ડને જે પણ ભેટ આપી હતી, તે પોતાની મરજીથી આપી હતી અને હવે તેના પૈસા પરત માગી શકાય નહીં. કેસ કરનાર વ્યક્તિનું નામ ચંદર અગ્રવાલ છે. તેઓ ભારતીય લોજિસ્ટિક્સ કંપની TCI એક્સપ્રેસના CEO અને મેનેજિંગ ડિરેક્ટર છે. રિપોર્ટ અનુસાર, આ કેસની સુનાવણી સિંગાપોરની સિનિયર જજ લી સેઉ કાન કરી રહ્યા હતા. જજે પોતાના લેખિત ચુકાદામાં જણાવ્યું હતું કે ચંદર અગ્રવાલે પોતાની પૂર્વ ગર્લફ્રેન્ડને તમામ ભેટ પોતાની મરજીથી આપી હતી, કારણ કે તે સમયે તેઓ તેના પ્રેમમાં હતા.જજે એમ પણ જણાવ્યું હતું કે સંબંધ દરમિયાન ચંદર પોતાની ગર્લફ્રેન્ડ પર ખૂબ જ ફિદા હતા. આ જ કારણસર તેઓ તેને મોંઘી વસ્તુઓ ભેટમાં આપતા હતા. જોકે, જ્યારે બંનેનું બ્રેકઅપ થયું ત્યારે ચંદર ગુસ્સે થઈ ગયા હતા.કોર્ટે એ પણ નોંધ્યું હતું કે ફેલિસિયા લી સાથે સંબંધમાં હોવા છતાં ચંદરના અન્ય મહિલાઓ સાથે પણ શારીરિક સંબંધો હતા.ચંદર અગ્રવાલ પોતાની પૂર્વ ગર્લફ્રેન્ડ ફેલિસિયા લી સાથે વર્ષ ૨૦૧૯માં મળ્યા હતા. બંને વચ્ચે સપ્ટેમ્બર ૨૦૨૨થી ડિસેમ્બર ૨૦૨૩ સુધી સંબંધ રહ્યો હતો.સંબંધ દરમિયાન બંને વચ્ચે કોઈ મુદ્દે વિવાદ થયો હતો અને ત્યારબાદ તેમનું બ્રેકઅપ થઈ ગયું હતું. બ્રેકઅપના થોડા મહિના બાદ, માર્ચ ૨૦૨૪માં ચંદરે ફેલિસિયા લી સામે કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો.ચંદરે પોતાની ફરિયાદમાં દાવો કર્યો હતો કે ફેલિસિયા લી માટે તેમણે જે વસ્તુઓ ખરીદી હતી અથવા જે પૈસા ખર્ચ્યા હતા, તે વાસ્તવમાં ભેટ નહોતા પરંતુ લોન તરીકે આપવામાં આવ્યા હતા. ચંદરે દાવો કર્યો હતો કે તેમણે ફેલિસીના ક્રેડિટ કાર્ડના ખર્ચ માટે લગભગ ૧૯ કરોડ રૂપિયા, વિદેશ પ્રવાસો માટે લગભગ ૧૨ કરોડ રૂપિયા, ફેલિસિયાના ફ્લેટ માટે ૧૬ લાખ રૂપિયા અને સ્ટેનફોર્ડ-NUS એક્ઝિક્યુટિવ પ્રોગ્રામની ફી માટે લગભગ ૨૮ લાખ રૂપિયા ખર્ચ્યા હતા.

## પિતાનો આરોપ મારી દીકરીનો ગેંગરેપ પછી હત્યા

# દિશા સાલિયાનના મોતના 6 વર્ષ પછી CBIએ FIR નોંધી

## આદિત્ય ઠાકરે સહિત અન્ય લોકો વિરૂધ્ધ FIRની માંગ કરી

**સિટી ન્યૂઝ@મુંબઈ**

એક્ટર સુશાંત સિંહ રાજપૂતની પૂર્વ મેનેજર દિશા સાલિયાનના મોતના કેસમાં કેન્દ્રીય તપાસ બ્યુરો (CBI) એ સોમવારે FIR નોંધી છે. બોમ્બે હાઈકોર્ટે દિશાના પિતાની અરજી પર CBI તપાસના નિર્દેશ આપ્યા હતા.

કોર્ટે મુંબઈ પોલીસની તપાસ પર સવાલ ઉઠાવતા કહ્યું હતું કે ૬ વર્ષ સુધી FIR નોંધવી નહીં અને કેસને માત્ર અકસ્માત તરીકે જોવો ઘણા સવાલો ઉભા કરે છે. મુંબઈ પોલીસે બે વાર તપાસ કરી હતી અને દિશાના મોતને અકસ્માત ગણાવ્યો હતો.

દિશાનું મોત ૮ જૂન ૨૦૨૦ ના રોજ મુંબઈના મલાડમાં એક ઇમારતની ૧૪મી માળ પરથી પડી જવાથી થયું હતું. ઘટનાના ૬ દિવસ પછી, ૧૪ જૂન ૨૦૨૦ ના રોજ સુશાંત સિંહ પણ મુંબઈના બાંદ્રા સ્થિત પોતાના એપાર્ટમેન્ટમાં મૃત મળી આવ્યા હતા.


દિશા કેસની શરૂઆતની તપાસ લગભગ ત્રણ મહિનામાં બંધ કરી દેવામાં આવી હતી, પરંતુ સોશિયલ મીડિયા પર અલગ-અલગ દાવાઓ સામે આવ્યા પછી ૨૦૨૩ માં તેને ફરીથી ખોલવામાં આવ્યો અને SIT બનાવવામાં આવી. ત્યારથી તપાસ ચાલુ છે.




દિશાના પિતા સતીશ સાલિયાનનો આરોપ છે કે દિશા સાથે ગેંગરેપ અને હત્યા થઈ હતી અને મામલાને દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમણે આદિત્ય ઠાકરે સહિત અન્ય લોકો વિરુદ્ધ FIRની માગ કરી હતી. તેમણે કહ્યું- હું ૬ વર્ષથી તેની રાહ જોઈ રહ્યો હતો. ખુશ થવાનું કોઈ કારણ નથી. મેં મારી દીકરી ગુમાવી છે. આજે મને રાહત અનુભવાઈ રહી છે. મેં હાથ જોડીને જજ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો.

સતીશ સાલિયાનના વકીલ નિલેશ ઓઝાએ કહ્યું હતું કે જે લોકો વિરુદ્ધ તપાસમાં પુરાવા મળશે, તેમની વિરુદ્ધ કાર્યવાહી થશે. જો કોઈ વ્યક્તિ વિરુદ્ધ પુરાવા નહીં મળે તો તેને આરોપી બનાવવામાં આવશે નહીં. જો CBIનો રિપોર્ટ નકારાત્મક આવે છે, તો પરિવારને તેના પર વાંધો ઉઠાવવાનો અને પ્રોટેસ્ટ પિટિશન દાખલ કરવાનો અધિકાર રહેશે.

ઓઝાના મતે, FIRમાં આદિત્ય ઠાકરે, સૂરજ પંચોલી, ડીનો મોરિયા, આદિત્ય ઠાકરેના બોડીગાર્ડ, રિયા ચક્રવર્તી, પરમબીર સિંહ, ઉદ્ધવ ઠાકરે, સચિન વાઝે અને અગાઉની SITના તે સભ્યોના નામ પણ આરોપી તરીકે આપવામાં આવ્યા છે, જેમના પર કેસને દબાવવાનો આરોપ છે. કોર્ટને જણાવવામાં આવ્યું કે દિશાનું પોસ્ટમોર્ટમ એક ડોક્ટરે કર્યું હતું, જ્યારે દિશાનિર્દેશો મુજબ બે ડોક્ટર હોવા જોઈતા હતા. રિપોર્ટમાં માથા, હાથ, પગ અને છાતી પર ઈજાઓનો ઉલ્લેખ હતો. જ્યારે, પોલીસે કહ્યું કે રેપ કે યૌન હુમલાના કોઈ પુરાવા મળ્યા નથી અને સાક્ષીઓ તથા ફોરેન્સિક તપાસના આધારે દિશાએ પોતે ઇમારત પરથી છલાંગ લગાવી હોવાની વાત સામે આવી હતી. ૨૦૨૫ના સોગંદનામામાં પણ પોલીસે તેને આત્મહત્યા ગણાવીને ષડયંત્રનો ઇનકાર કર્યો હતો.





## ભગવાન રામ સીતાના લગ્નની ઝલક જોવા મળી

# ‘રામાયણ’નું ભક્તિમય પહેલું ગીત ‘જય જય રામ’ રિલિઝ

» **શ્રેયા ઘોષાલ-અરિજિત સિંહે અવાજ આપ્યો**

**સિટી ન્યૂઝ@મુંબઈ**

આગામી ફિલ્મ રામાયણનું પહેલું ગીત જય જય રામ રિલીઝ થઈ ગયું છે. નિતીશ તિવારીના નિર્દેશનમાં બની રહેલી આ ફિલ્મ બે ભાગમાં રિલીઝ થશે. આ ગીતને શ્રેયા ઘોષાલ અને અરિજીત સિંહે પોતાનો અવાજ આપ્યો છે. તેના સંગીતને એ.આર. રહેમાને કમ્પોઝ, પ્રોડ્યુસ અને અરેન્જ કર્યું છે. ગીતના લિરિક્સ ડૉ. કુમાર વિશ્વાસે લખ્યા છે. આ ફિલ્મના સંગીત પર એ.આર. રહેમાન સાથે હોલીવુડના મ્યુઝિક કમ્પોઝર હંસ ઝિમર પણ કામ કરી રહ્યા છે.

જય જય રામના વિઝ્યુઅલ્સમાં સિયા-રામના દિવ્ય સંબંધને દર્શાવવામાં આવ્યો છે. ગીતમાં ભગવાન રામ અને સીતાના ભવ્ય લગ્નને પણ દર્શાવવામાં આવ્યા છે. ગીતમાં ભક્તિ અને આધ્યાત્મિક ભાવને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ગીતમાં જય જય રામનું વારંવાર પુનરાવર્તન કરવામાં આવ્યું છે.

## ફિલ્મ ટાર્ઝનમાં જોવા મળશે

# સલમાનના બોડીગાર્ડ શેરાનો દીકરો બોલિવૂડમાં ડેબ્યૂ કરશે

**સિટી ન્યૂઝ@મુંબઈ**

સલમાન ખાનના લાંબા સમયથી બોડીગાર્ડ રહેલા ગુરમીત સિંહ જોલી ઉર્ફે શેરાના પુત્ર અબીર સિંહ જલ્દી બોલિવૂડમાં ડેબ્યૂ કરી શકે છે. ફિલ્મફેરના રિપોર્ટ અનુસાર, અબીર ફિલ્મ ટાર્ઝનથી એક્ટિંગ ડેબ્યૂ કરશે. ફિલ્મમાં સૂરજ પંચોલી પણ જોવા મળશે. અબીરના ડેબ્યૂને લઈને ૨૦૨૨થી રિપોર્ટ્સ સામે આવતી રહી છે. તે સમયે દાવો કરવામાં આવ્યો હતો કે સલમાન ખાન તેમના ડેબ્યૂ પ્રોજેક્ટની તૈયારીમાં વ્યક્તિગત રીતે સામેલ છે. આ ફિલ્મ અભિનેતા-ફિલ્મમેકર સતીશ કૌશિકના નિર્દેશનમાં બનવાની વાત કહેવામાં આવી હતી અને જાન્યુઆરી ૨૦૨૩માં શૂટિંગ શરૂ થવાનો રિપોર્ટ હતો. જોકે,



આ પ્રોજેક્ટની કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી. માર્ચ ૨૦૨૩માં સતીશ કૌશિકના નિધન પછી અબીરના ડેબ્યૂને લઈને આગળ કોઈ માહિતી સામે આવી નથી. હવે નવા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે અબીરને ટાર્ઝન મળી ગઈ છે. ફિલ્મના ડિરેક્ટર, પ્રોડક્શન બેનર અને બાકીની કાસ્ટની માહિતી હાલમાં સામે આવી નથી. જેના કારણે હજુ એ જાણી શકાયું નથી કે સલમાન ખાન અબીર સિંહને લોન્ચ કરશે કે નહીં.

### સૌરાષ્ટ્રના કેન્સરગ્રસ્ત દર્દીઓને મોટી રાહ

# રાજકોટ એઈમ્સમાં કાલથી કેન્સરની આધુનિક સારવાર શરૂ





> મામૂલી દરથી નિદાન અને સર્જરી થશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતમાં વધી રહેલા કેન્સરના કેસો વચ્ચે રાજકોટ એઈમ્સ ખાતે દર્દીઓ માટે રાહતના સમાચાર આવ્યા છે. એઈમ્સ હોસ્પિટલમાં છેલ્લા બે મહિનાથી પ્રાથમિક ધોરણે ચાલી રહેલા અદ્યતન કેન્સર કેર ફેસિલિટી સેન્ટરનું ૧૫ સપ્ટેમ્બરને મંગળવારે કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાના હસ્તે વર્ચ્યુઅલ લોકાર્પણ કરાશે. આ સેન્ટરમાં હવે સર્જરી, કીમોથેરાપી અને રેડિયોથેરાપી સહિતની તમામ સારવાર એક જ છત નીચે મળશે. ખાસ કરીને આયુષ્માન ભારત યોજના હેઠળ ગરીબ દર્દીઓને નિશુલ્ક સારવાર મળશે, જ્યારે સામાન્ય દર્દીઓને ખાનગી હોસ્પિટલોના લાખો રૂપિયાના ખર્ચની સામે સાવ મામૂલી દરે નિદાન અને સર્જરીની સુવિધા ઉપલબ્ધ થશે.ગુજરાતમાં કેન્સરનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે, જેમાં પુરુષોમાં મોઢા-ગળાનું અને મહિલાઓમાં બ્રેસ્ટ તથા સર્વાઇકલ કેન્સર મુખ્ય છે. પ્રાપ્ત આંકડા મુજબ વર્ષ ૨૦૨૦માં રાજ્યમાં ૬૯,૬૬૦ કેસ હતા, જે વર્ષ ૨૦૨૪માં વધીને ૯૯,૨૧૭ થતાં ૫ વર્ષમાં ૯,૫૫૭ કેસ એટલે કે ૧૩.૭ ટકાનો વધારો નોંધાયો છે. ૨૦૨૪ના કુલ કેસોમાં ૩૮,૦૯૯ પુરુષો અને ૬૧,૧૧૮ મહિલાઓનો સમાવેશ થાય છે. અત્યાર સુધી સૌરાષ્ટ્રના દર્દીઓએ કીમોથેરાપી કે સર્જરી કરાવ્યા બાદ રેડિયેશન સારવાર મેળવવા માટે અમદાવાદ કે અન્ય મોટા શહેરો સુધી ધક્કા ખાવા પડતા હતા, પરંતુ હવે એઈમ્સમાં જ સંપૂર્ણ સુવિધા મળતા દર્દીઓની હેરાનગતિનો કાયમી અંત આવશે.રાજકોટ એઈમ્સ ખાતે કેન્સરની અત્યાધુનિક સારવાર માટે કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટ ઇન એઇડ હેઠળ રૂ. ૩૯ કરોડના ખર્ચે મેળવેલી એડવાન્સ્ડ રેડિયોથેરાપી સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. અહીં હવે હાઇ-એનર્જી લિનિયર એક્સિલરેટર, સીટી સિમ્યુલેશન અને એચડીઆર બ્રેકિથેરાપી જેવી સુવિધાઓ પૂર્ણપણે કાર્યરત કરી દેવાઈ છે. આ નવીનતમ પદ્ધતિઓની મદદથી કેન્સરની ગાંઠને અત્યંત ચોક્કસાઈથી નિશાન બનાવી શકાય છે, જેથી આસપાસના તંદુરસ્ત અંગોને ઓછામાં ઓછું નુકસાન પહોંચે અને દર્દીઓ ઝડપથી સ્વસ્થ થઈ શકશે. આર્થિક દ્રષ્ટિએ પણ આ સેન્ટર સામાન્ય અને ગરીબ દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

# સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા અવેરનેસ, નિઃશુલ્ક કેમ્પનું આયોજન

**સિટી ન્યૂઝ@રાજકોટ**




સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા બહેનો માટે બ્રેસ્ટ કેન્સર અવરનેસ તેમજ ડાયાબિટીસ હિમોગ્લોબિન અને હાડકા ની ઘનતા માપવાનું કેમ્પનું નિશુલ્ક આયોજન કરેલ હતું. ૬- રજપૂતપરા બ્રાહ્મણ બોર્ડિંગ ખાતે તા.૧૦/૦૯/૨૬ને ગુરુવારે કરવામાં આવ્યું પ્રમુખ દર્શિતભાઈ અને કશ્યપભાઈ ના માર્ગદર્શનથી મહિલા પાંખ ની સમગ્ર ટિમ એ સુંદર આયોજન કરેલ જેમાં ડૉ દર્શનાબેન પંડ્યા,ડૉ અશ્વિનીબેન જસાણી, ડૉ સ્વેતાબેન ત્રિવેદી તેમજ તેમની ટીમ થી આ કેમ્પ નો ૧૦૦ થી વધુ બહેનો એ લાભ લીધો સાથે બહેનો માટે પ્રાદેશિક સાડી પરિધાન હરીફાઈ રાખેલ ખુબ સરસ ઇનામો ધાત્રીબેન ભટ્ટ દ્વારા આપવામાં આવ્યુ હતું. અને આ કાર્યક્રમમાં સાડી પરિધાન સ્પર્ધામાં જજ તરીકે નીતાબેન વ્યાસએ સંચાલન કર્યું હતું. મેયરશ્રી નેહલભાઈ શુક્લ એમના ધર્મપત્ની નેહાબેન શુક્લ બ્રહ્મ અગ્રણી લીનાબેન શુક્લ, જાગૃતિબેન ભાણવડીયા. નીતાબેન વ્યાસ એ દીપ પ્રાગટ્ય કરી ઉપસ્થિત રહી અમને પ્રોત્સાહિત કરેલ આભાર મહિલા પાંખના સુરભીબેન આચાર્ય, ધાત્રીબેન ભટ્ટ, નીલમબેન ભટ્ટ, ડૉ ધરાબેન વ્યાસ, હિરલબેન જાની ના વિશેષ સહકારથી આભાર માન્યો હતો.

# આજે પર્યુષણ પર્વનો 7મો દિવસ

## જગતમાં વસવું એનું નામ પ્રદૂષણ અને જાતમાં વસવું એનું નામ પર્યુષણ

# જીવનમાં કોઈના સુખનું કારણ બનો, ભાગીદાર નહીં, દુઃખમાં ભાગીદાર બનો કારણ નહીં

### યુવાનો વ્યસનમાં, યુવતિઓ ફેશનમાં તો પરિવાર ટેન્શનમાં માટે પર્યુષણ કહે છે કે Art of Living દ્વારા Life Manage કરતા શીખો

સિટી ન્યૂઝ@રાજકોટ

ઝિંદગી મેં મુશ્કિલોં કા આના પાર્ટ ઑફ લાઇફ હૈ ઔર ઉનમેં સે હંસકર બહાર આના આર્ટ ઑફ લાઇફ હૈ. જીવનનાં ૫૧ વર્ષ પછીના દરેક વર્ષ બોનસ, ૬૧ પછીનો દરેક મહિનો બક્ષિસ, ૭૧ પછીનો પ્રત્યેક દિવસ ઉપહાર, ૮૧ પછીનો દરેક કલાક પ્રસાદી છે. વૃદ્ધાવસ્થા આવતાં પહેલાં વ્યવસ્થા કરી લે તેને વ્યથા કરવાની નોબત નહીં આવે!જગતને ભૂલીને પોતાની જાતમાં વસવાનું છે.જગતને તમારા વિચારોથી કંઈ લેવાદેવા નથી. કામમાં આવો તો રામ, ન આવો એટલે રાવણ.જે મળ્યું છે એમાં વિશ્વાસ કરવો. સંત એકનાથને પત્ની અનુકૂળ હતી, સંત તુકારામને પત્ની પ્રતિકૂળ હતી, નરસિંહ મહેતાને પત્નીનો વિયોગ થયો હતો.જેની ફરિયાદ સૌથી ઓછી તે જગતમાં સૌથી વધુ સુખી. જીવન બરફ જેવું છે. જેનો ભૂતકાળ પાણી અને ભવિષ્યકાળ પણ પાણી છે. જીવનમાં પથારી અને પથારા પાથરતા શીખ્યા છો. હવે સંકેલતા શીખવાનો સંદેશ પર્વાધિરાજ પર્યુષણ પર્વ આપી રહેલ છે.પત્ની પતિને કહે છે, 'તમે બહુ ભોળા છો! તમને કોઈ છેતરી જાય એની ખબર પણ પડતી નથી.'પતિ કહે છે, 'બિલકુલ સાચી વાત છે. શરૂઆત મારાં સાસુજીએ જ કરી હતી!'આત્માની શુદ્ધિ માટે ભૂતકાળમાં પાપ કર્યાં છે એનું પ્રાયશ્ચિત્ત કરો. વર્તમાનમાં પાપ બંધાય છે એને અટકાવો. ભવિષ્યમાં પાપનાં ફળ ભોગવવાં ન પડે એવાં કાર્યો કરો. જીભનો વેપાર ઘણો કર્યો, હવે જિગરનો વેપાર કરો તો જગદીશ ખુશ થઈ જશે.કોઈને ન બને બાધક તેનું નામ સાધક. શુભ વિચારમાં જીવે, પ્રસન્નતામાં જીવે, વિવેકમાં જીવે, વૈરાગ્યમાં જીવે અને વિશ્વાસમાં જીવે તે સાધક છે.શરીર ચાલે શ્વાસથી, પરિવાર ચાલે વિશ્વાસથી.જોકે આજનો માહોલ જ એવો થઈ ગયો છે કે ના કોઈને કાયદો પસંદ છે, ના કોઈને વાયદો પસંદ છે, બસ! બધાને પોતાપોતાનો ફાયદો પસંદ છે! જોકે મુશ્કેલી આવે ત્યારે ગૃહદોષ, વાસ્તુદોષ, પિતૃદોષ, શનિદોષ બધા દોષ દેખાવા લાગે; પણ માણસને પોતાના દોષ દેખાય નહીં! જીવનમાં કેટલું દોડી શકો છો એના પર નહીં પણ કેટલું છોડી શકો છો એના પર સુખનો આધાર રહેલો છે. એ સમજાવવા પર્યુષણ પધારે છે.સત્કર્મ વિના સુખસંપત્તિ વધતી નથી, સંયમ વિના સુખસંપત્તિ ટકતી નથી, દાન વિના સુખસંપત્તિ શોભતી નથી; કેમ કે સમય માનવીને મોટો બનાવે છે, સમજ માનવીને મહાન બનાવે છે.



# તપસ્યા એ કોઈ ભૂખમરો નહીં પણ આ આત્મજાગૃતિનું સર્વોચ્ચ વિજ્ઞાન છે

સિટી ન્યૂઝ@રાજકોટ

રસ્તા પર રખડતો ભિખારી પણ ભૂખ્યો રહે છે, પણ તે તપસ્વી કેમ નથી કહેવાતો? જ્યાં પાણી માગે ત્યાં ખીર મળે એવા લોકો પણ મહિનાઓના ઉપવાસ હસતાં-હસતાં કરે છે કયા કારણે? દેખાદેખીથી કોઈ ભૂખ્યું ન રહી શકે તો એવું શું છે જે તેમને તપ કરવા પ્રેરે છે? ભીતર રહેલા પરમાત્માને પ્રગટ કરવાનું સાધન એટલે તપ. જ્યાં લાચારી નહીં, સંકલ્પનું સામ્રાજ્ય છે.જૈનોની તપશ્ચર્યા આટલી આકરી કેમ? શું માત્ર ભૂખ્યા રહેવાથી જ મોક્ષ કે ઈશ્વર મળે? જ્યારે કોઈ ભૂખથી ટળવળતુ હોય ત્યારે મન તો ભોજનની આસપાસ જ ભટક્યા કરે, એમાં ભજનમાં મન ક્યાંથી લાગવાનું?! ખાઈ-પીને જલસા કરવાના હોય. ભગવાને આપેલા ભોજનનો અનાદર કહેવાય જો આપણે ભૂખ્યા રહીએ તો. ભૂખથી આપણને પીડાતા જોઈને કયા ભગવાન ખુશ થવાના...સામાન્ય બુદ્ધિ ધરાવતા આધુનિક માનવીના મનમાં આવા કંઈકેટલાય તર્ક-વિતર્કો આવતા રહે છે. ભૂખ્યા રહેવાથી ભગવાન મળે એ તર્ક તપમાં છુપાયેલો છે કે તપ એટલે કે ઉપવાસ વગેરે કરવાનો હેતુ કંઈક અલગ છે? ખરેખર તપની જરૂરિયાત શું કામ ઊભી થઈ? માત્ર જૈન પરંપરામાં જ નહીં પરંતુ સનાતન પરંપરાથી લઈને ઇસ્લામ અને ઈસાઈ ધર્મમાં પણ જુદી-જુદી રીતે આહારના ત્યાગ સાથે તપની મહત્તા ગવાઈ છે. એવું તે શું છે? આજે સાતમા દિવસ સાથે પર્યુષણ એના અંતિમ ચરણમાં છે અને જૈન પરંપરામાં માનનારા ઘણા શ્રદ્ધાળુઓ ઉપવાસ, આયંબિલ (જેમાં ઘી, તેલ, દૂધ, દહીં, છાશ, ગોળ, સાકર, લીલાં શાકભાજી, ફળના ત્યાગ સાથે માત્ર અનાજરૂપી આહાર એક ટંક લેવાનો), અઠ્ઠાઈ, માસક્ષમણ (૮ દિવસના, 30 દિવસના નકોરડા ઉપવાસ) જેવા આકરા તપની પૂર્ણાહુતિની નજીક પહોંચી ગયા હશે ત્યારે શરીરને ભોજનથી વંચિત રાખવાની આ આખી પ્રોસેસમાં તેમણે શું મેળવ્યું આ ગહન વિષયને સમજવા સ્વયં ત્યાગ અને તપમાં શિરોમણિ અને પોતાના જીવનને જ તપોભૂમિ બનાવનારા આજીવન આયંબિલના તપસ્વી પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય હેમવલ્લભસૂરીશ્વરજી મહારાજસાહેબના અનુભવો, જૈનદર્શન અને આધુનિક વિજ્ઞાનની એરણ પર આ વિષયનું વિશ્લેષણ કરીએ.જૈનદર્શન અનુસાર તપ એ માત્ર ભૂખ્યા રહેવાની પ્રક્રિયા નથી, પરંતુ આત્મા પર લાગેલાં પૂર્વસંચિત કર્મોની નિર્જરા એટલે કે ક્ષય કરીને મોક્ષ તરફ આગળ વધવાનું એક સર્વોત્કૃષ્ટ સાધન છે. પૂજ્ય આચાર્યશ્રી હેમવલ્લભસૂરિ મહારાજ પોતાની સૌમ્ય શૈલીમાં એક સચોટ દૃષ્ટાંત આપતાં કહે છે, 'જો તમારે દૂધ ગરમ કરવું હોય તો દૂધને સીધું અગ્નિ પર મુકાતું નથી. ગૅસ પર પહેલાં તપેલી મૂકવી પડે છે, જ્યારે તપેલી તપે ત્યારે અંદર રહેલું દૂધ આપોઆપ ઊકળે છે. એ જ રીતે આપણો આત્મા શરીરની અંદર છે. જ્યારે શરીરરૂપી તપેલીને તપના અગ્નિથી તપાવવામાં આવે છે ત્યારે અંતરમાં રહેલા આત્મા સાથે જોડાયેલાં કર્મો બળીને ભસ્મ થઈ જાય છે. શાન્તસુધારસ નામના મહાકાવ્યમાં ઉપાધ્યાય વિનયવિજય મહારાજ એક શ્ળોકમાં તપને નમસ્કાર કરતાં જણાવે છે કે અતિ મહાન પર્વતને કાપવા માટે જેમ વજ્ર સમર્થ હોય છે એમ તપ એ કર્મબંધનને તોડવાનું અપૂર્વ અને એકમાત્ર સાધન છે. તેથી કહેવાય છે કે 'કર્મણાં તાપનાત્ તપ' એટલે કે કર્મોને જે તપાવે, નષ્ટ કરે એ તપ. જે રીતે અગ્નિ સોનાના વાસ્તવિક નિર્મળ સ્વરૂપને પ્રકટ કરે છે એ જ રીતે તપ પણ આત્મા પર જામેલા કર્મોના મેલને દૂર કરીને એના શુદ્ધ સ્વરૂપને બહાર કાઢે છે. વાદળાંનો કાફલો ગમે એટલો ઘનઘોર બનીને છવાયો હોય, પરંતુ આંધીરૂપે આવતા પવનના પ્રહારથી વેરવિખેર થઈને છૂટો પડી જાય છે એ જ રીતે તપશ્ચર્યાના અપ્રતિમ તેજના પ્રભાવથી પાપોની હારમાળાઓ પણ બળીને રાખ થઈ જાય છે.





# મોદીના 25 વર્ષના જાહેર જીવનની ઉજવણી, વીરપુરમાં યાત્રાનું સ્વાગત

## સોમનાથથી વડનગર જતી જન સેવા સંકલ્પ યાત્રા રથ–બાઈક–કારના કાફલા સાથે પહોંચી; ગ્રામસભામાં બહેનોને સહાયના ચેક અને આવાસની સનદ અપાઈ

સિટી ન્યૂઝ@ગૌરવ ગાજીપરા – વીરપુર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મુખ્યમંત્રીથી વડાપ્રધાન સુધીના જાહેર જીવનના ૨૫ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી અંતર્ગત સોમનાથથી વડનગર સુધી નીકળેલી જન સેવા સંકલ્પ યાત્રા ૧૪ સપ્ટેમ્બરે યાત્રાધામ વીરપુર પહોંચી હતી. રથ, બાઈક અને કારના વિશાળ કાફલા સાથે યાત્રાના આગમન સમયે સ્થાનિક આગેવાનો, ભાજપના કાર્યકરો અને ગ્રામજનોએ કંકુ તિલક કરી ભવ્ય સ્વાગત કર્યું હતું.

વીરપુર ખાતે જલારામ બાપાની મૂર્તિ સમક્ષ દીપ પ્રાગટ્ય બાદ સમસ્ત ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજની વાડી ખાતે ગ્રામસભા યોજાઈ હતી. જેમાં જરૂરિયાતમંદ બહેનોને સહાયના ચેક તેમજ આવાસ યોજના હેઠળ લાભાર્થીઓને મકાનની સનદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મંત્રી પ્રદ્યુમ્ન વાંજાએ જલારામ બાપાની જયના નારા સાથે સંબોધનની શરૂઆત કરી હતી. તેમણે ૨૦૪૭માં દેશની આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ થાય ત્યારે ભારતને આત્મનિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પ સાથે વિરાસતથી વિકાસની ભાવનાને આગળ વધારવાની વાત કરી હતી.

પ્રદેશ મહામંત્રી પ્રશાંત કોરાટે જણાવ્યું હતું કે જન સેવા સંકલ્પ યાત્રા ગુજરાતના વિવિધ ઝોન અને પવિત્ર યાત્રાધામોને સાંકળીને યોજાઈ રહી છે. સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચે તે માટે કામગીરી ચાલી રહી છે.

### વડનગરમાં પવિત્ર જળથી અભિષેક

યાત્રા દરમિયાન ગુજરાતની વિવિધ પવિત્ર નદીઓ અને યાત્રાધામોમાંથી જળકળશમાં પવિત્ર જળ એકત્ર કરવામાં આવી રહ્યું છે. ૧૬ સપ્ટેમ્બરે વડનગર ખાતે શ્રી હાટકેશ્વર મહાદેવના જળાભિષેકમાં આ પવિત્ર જળનો ઉપયોગ કરવામાં આવશે. યાત્રા વીરપુર બાદ ગોંડલ, આટકોટ, જસદણ, વિંછીયા સહિતના વિવિધ સ્થળોએથી પસાર થઈ ૧૬ સપ્ટેમ્બરે વડનગર પહોંચશે.કાર્યક્રમમાં મંત્રી પ્રદ્યુમ્ન વાંજા, રાજ્ય મંત્રી કૌશિક વેકરિયા, પ્રદેશ મહામંત્રી પ્રશાંત કોરાટ, જિલ્લા ભાજપ પ્રમુખ સહિતના આગેવાનો, કાર્યકરો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.







# સોમનાથના સાનિધ્યે શિવવંદનામાં સ્વરાભિષેક

## હે મહાદેવ... ચપટી ભભૂત મેં ખજાના કુબેર કા સહિત ભક્તિગીતોની જમાવટ; જયદેવ ગોસાઈના સૂર અને રણજીત વાંકની શૌર્યકથાથી શિવમય બન્યું વાતાવરણ

સિટી ન્યૂઝ@ગીર સોમનાથ

પવિત્ર શ્રાવણ માસની માસિક શિવરાત્રિની રાત્રે સોમનાથ મંદિરના સાનિધ્યે ચોપાટી મેદાનમાં કવિ દુલાભાયા કાગની સ્મૃતિમાં કાગડાયરા શિવવંદના કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત ફર્સ્ટ આયોજિત આ કાર્યક્રમમાં શિવભજનો, સ્તુતિ, ગીતો અને સોમનાથના ભવ્ય ઇતિહાસના વર્ણનથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.જાણીતા લોકગાયક જયદેવ ગોસાઈએ ગણેશવંદનાથી કાર્યક્રમનો પ્રારંભ કરી એક પછી એક શિવભજનો, સ્તુતિ અને ભક્તિગીતોની રજૂઆત કરી હતી. શિવ શિવ શિવ, અનહદ નાદ અને શિવતાંડવ સહિતની રચનાઓથી જાણે સોમનાથમાં સ્વરાભિષેક થયો હોય તેવો માહોલ સર્જાયો હતો. જાણીતા લોકસાહિત્યકાર ડૉ. રણજીત વાંકે સોમનાથના પરમભક્ત કવિ દુલાભાયા કાગને યાદ કરી તેમની રચનાઓ સાથે વાત રજૂ કરી હતી. સાથે સોમનાથની સખાતે શહીદવીર હમીરજી ગોહિલની શૌર્યકથા રજૂ કરી કાગડાયરા શિવવંદનામાં સોમનાથનો ભૂતકાળ જીવંત કર્યો હતો. શિવવંદનાના પ્રારંભે સોમનાથ મંદિર સહિત આસપાસના વિસ્તારમાં સફાઈની કામગીરી કરતા સફાઈકર્મીઓની ફરજ અને સેવાભાવને બિરદાવવામાં આવ્યો હતો. ગુજરાત ફર્સ્ટ તરફથી સેનિટેશન ચેરમેન હિતેશભાઈ દામોદરાનું સન્માન કરવામાં આવ્યું હતું. માસિક શિવરાત્રિના દિવસે ચોપાટી મેદાનમાં શિવવંદના યોજાઈ રહી હતી ત્યારે સોમનાથ મંદિરમાં પણ વિશેષ પૂજા-અર્ચના અને જ્યોત પૂજન યોજાયું હતું. મધરાત્રિએ આરતી થઈ હતી. એક તરફ કલાકારોના સ્વરાભિષેકથી ચોપાટી મેદાન ગુંજી રહ્યું હતું, તો બીજી તરફ મંદિર વેદમંત્રોચ્ચાર અને પૂજા-અર્ચનાથી શિવમય બન્યું હતું.કાર્યક્રમને સોમનાથ ટ્રસ્ટ ઉપરાંત ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીનો આર્થિક સહયોગ મળ્યો હતો. ગીર સોમનાથના સ્થાનિક અધિકારીઓ-પદાધિકારીઓ તેમજ રાજકોટ, જૂનાગઢ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.


સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...




### રાજકોટમાં કાયદો–વ્યવસ્થાની સ્થિતિના લિરે લીરા ઉડાડતી ગુંડાગર્દીની ઘટના

# હનુમાનમઢી ચોકમાં મેડિકલ સ્ટોર્સમાં તોડફોડ: લુખ્ખાઓનો આંતક

## દવા લેવા આવેલા શખ્સને સાઈડમાં જવાનું કહેતા ડખ્ખો : કુખ્યાત સહીત 7 સામે ગુનો





**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં કાયદો વ્યવસ્થાના ધજાગરા ઉડાવતા લૂખ્ખાઓ ઉપર ખાખીનો ડર ગાયબ થઈ ગયો હોય તેમ રૈયા રોડ પર ટ્રાફીકથી ધમધમતા હનુમાન મઢી ચોકમાં ધોકા-પાઈપ સાથે ધસી આવેલા ૭ જેટલા શખસોએ સરાજાહેર આંતક મચાવી મેડીકલ સ્ટોરમાં તોડફોડ કરી કર્મચારીને મારકુટ કરી નાસી છુટયા હતા. બનાવની જાણ થતા ગાંધીગ્રામ પોલીસે ઘટનાસ્થળે પહોચી તપાસ હાથ ધરી હતી પોલીસે વેપારીની ફરિયાદ પરથી કુખ્યાત શખ્સ સહીત ૭ સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

રાજકોટના રૈયા રોડ પર હનુમાન મઢી ચોક પાસે આવેલ દેવપુષ્પ મેડિકલ સ્ટોર્સના વેપારી પ્રણવભાઈ ધીરજલાલ ઉનડકટએ કુખ્યાત શખ્સ સાજીદ કચરાવાલા અને તેની સાથેના પાંચ જેટલા અજાણ્યા શખ્સો સામે ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે ફરિયાદમાં જણાવ્યું હતું કે આ ટોળકી ધોકા પાઈપ સાથે ઘસી આવી આતંક મચાવ્યો હતો અને મેડીકલ સ્ટોરમાં ઘૂસીને ભારે તોડફોડ કરી દુકાનના સંચાલક પર હુમલો કર્યો હતો. ભરચક વિસ્તારમાં ગુંડાગીરી આચરવામાં આવી હતી. બનાવને પગલે લોકોના ટોળા એકઠા થઈ જતા ગુનોગારો નાસી છુટયા હતા. બનાવની જાણ થતા ગાધીગ્રામ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોચી તપાસ કરતા મેડીકલમાં દવા લેવા આવેલા શખસને સાઈડમાં ઉભા રહેવાનુ કહેતા તે ઉશ્કેરાયો હતો અને તેને ફોન કરી અન્ય શખસોને બોલાવી મારકુટ કરી હોવાનુ પ્રાથમીક તપાસમાં બહાર આવતા પોલીસે આરોપીઓ સામે ગુનો નોધવાની તેમજ લુખ્ખાઓને પકડી લેવા દોડધામ કરી છે.

# ફ્લેટ ખાલી કરાવવા જૂના મકાન માલિક સહિતનાનો પરિવાર પર હુમલો

### » રાજકોટમાં બેંકની હરરાજીમાંથી ફ્લેટ ખરીદી કર્યાનો ખાર રાખી તૂટી પડ્યા

### » દંપતી સહિત પાંચ લોકો ઘાયલ : પિતા પુત્ર સહિત ૩ સામે નોંધાતો ગુનો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં ટાગોર રોડ પર જુના ભાડુઆતે બેંકની હરરાજીમાંથી ફલેટની ખરીદી કરતા ઉશ્કેરાયેલા જુના મકાન માલિક સહીતે પરીવાર ઉપર લોખંડના પાઈપ વડે હુમલો કરતા પાંચ વ્યકિતને ઈજા થતા તેને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાતા એડીવીઝન પોલીસે ગુનો નોધી પિતા-પુત્ર સહિત ૩ આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

શહેરમાં ટાગોર રોડ પર શ્રી એપાર્ટમેન્ટમાં રહેતા લલિતાદેવી લલિતકુમાર ઝાએ ફરીયાદ કરી હતી. જેમા આરોપી તરીકે જુના મકાન મકાન માલિક નવનીત, તેનો પુત્ર રૂદ્ર અને એક અજાણ્યા શખસના નામો આપ્યા હતા. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે લલિતાદેવીના પરિવારે બેંક હરાજીમાં મુકાયેલ ફ્લેટ નં. ૩૨ ખરીધો હતો, જે અગાઉ નવનીતભાઈની માલિકીનો હતો. આ બાબતનો ખાર રાખી નવનીતભાઈ અવારનવાર નાની નાની વાતોમાં ઝગડો કરતા હતા. તા. ૩૧/૦૭/૨૦૨૬ના રોજ નવનીતભાઈએ પોતાનો ફ્લેટ ખાલી કરતા ફરિયાદીનો પરિવાર પોતાના ખરીદેલા ફ્લેટમાં શિફ્ટ થયો હતો. ગત તા. ૧૨/૦૯ના રોજ રાત્રિના સુમારે ફરિયાદીનો મોટો પુત્ર પ્રિન્સ સિક્યુરિટીની નોકરી પરથી પરત ફરી રહ્યો હતો ત્યારે એપાર્ટમેન્ટના ગેટ પાસે આરોપી નવનીતભાઈ, તેમનો પુત્ર રુદ્ર અને અન્ય શખસોએ તેને લોખંડના પાઈ પ વડે માર મારવાનું શરૂ કર્યું હતું. બૂમાબૂમ સાંભળી લલિતાદેવી, તેમના પતિ લલિતકુમાર તથા અન્ય બે સંતાનો છોડાવવા નીચે દોડી આવ્યા હતા. આરોપીઓએ તેઓ તમામ પર લોખંડના પાઈપ અને ઢીકાપાટુ વડે હુમલો કરી ફ્લેટ ખાલી કરી દેજો, નહીંતર જીવતા નહીં છોડીએ તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનુ જણાવતા પોલીસે ગુનો નોધી કાર્યવાહી કરી છે.

# રાજકોટમાં મારા રૂપિયા દેવાના છે કે નહિ કહી યુવક પર હુમલો

## ફડાકા ઝીકી, મારી નાખવાની ધમકી આપી સીપી ઓફિસે લઈ જવાનું કહી માર માર્યો

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટના અટીકા લાલબહાદુર સોસાયટીમાં રહેતા અને જમીન-મકાન લે-વેચનો ધંધો કરતા ક્રિપાલસિંહ મનહરસિંહ જાડેજા (ઉ.વ. ૩૦) પર તેના મિત્ર વિનિત વિનાયકભાઈ ભટ્ટે હુમલો કર્યો હતો. ભક્તિનગર સર્કલ પાસે રાત્રે સાડા બાર વાગ્યે બનેલા બનાવ બાદ ક્રિપાલસિંહને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરી હતી.

ફરિયાદ મુજબ આશરે ચાર વર્ષ પહેલાં ક્રિપાલસિંહ ક્રાઉડ પાવર નામની કંપનીમાં ડાયરેક્ટર તરીકે નોકરી કરતા હતા. તેમની સલાહથી મિત્ર વિનિત ભટ્ટે કંપનીમાં રૂ. ૧૫ લાખનું રોકાણ કર્યું હતું. કંપનીનો માલિક કળણાલ પાટડીયા તમામ નાણાં લઈને દુબઈ ભાગી જતાં વિનિતે પોતાના રૂપિયા પરત મેળવવા ક્રિપાલસિંહ પાસે અવારનવાર ઉઘરાણી કરી હતી. ક્રિપાલસિંહે સગવડ થતાં ધીરે-ધીરે રૂપિયા ચૂકવવાનું કહ્યું હતું.

દરમિયાન રવિવારે મોડી રાત્રે સાડા બાર વાગ્યે વિનિતે ફોન કરી ક્રિપાલસિંહને ભક્તિનગર સર્કલ પાસે અંજુ પાન પાસે બોલાવ્યા હતા. ત્યાં પહોંચતાં વિનિતે ઝઘડો કરી હવે રૂપિયા પાછા આપવાના છે કે નહીં? તેમ કહી ગાળો ભાંડી હતી અને ડાબા કાન પાસે બે ફડાકા ઝીકી દીધા હતા.

ત્યારબાદ વિનિતે તું હવે સી.પી. ઓફિસે મારી સાથે આવ તેમ કહેતાં ક્રિપાલસિંહ તેને સ્કૂટરમાં બેસાડી બંને નીકળ્યા હતા. શાસ્ત્રી મેદાન પાસે રાજકુમાર કોલેજ નજીક વિનિતે સ્કૂટર ઊભું રખાવી ક્રિપાલસિંહને નીચે ઉતારી ફરી ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમજ પોલીસ ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાદમાં વિનિતને ભક્તિનગર સર્કલ પર ઉતારી ક્રિપાલસિંહ ઘરે જઈ સૂઈ ગયા હતા.

સવારે ડાબા કાનમાંથી લોહી નીકળતું જણાતાં તેઓ બે ખાનગી હોસ્પિટલમાં ગયા હતા, પરંતુ તબીબ ન મળતાં સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી હતી. આ અંગે પીએસઆઈ પી.બી. વારોતરીયાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ગોંડલના નિવૃત રેલ કર્મીના નામે પર્સનલ લોન કરાવી 3.58 લાખ ટ્રાન્સફર કરી લીધા

» એસબીઆઈના કર્મચારીની ઓળખ આપી યોનો એપ ડાઉનલોડ કરાવી શીશામાં ઉતાર્યા

» એટીએમના છેલ્લા છ ડિજિટ, ઓટીપી વગેરે માંગી ફ્રોડ આચરનાર સાયબર ગઠિયા સામે ફરિયાદ

સિટી ન્યૂઝ@ગોંડલ

ગોંડલની ગોકુલ વાટીકા સોસાયટીમાં રહેતા નિવૃત રેલ કર્મચારી અતુલકુમાર જમનાદાસ બોસમિયા (ઉ.વ. ૬૭)ના નામે રૂ.૭.૧૦ લાખની પર્સનલ લોન કરાવી તેમાંથી રૂ.૩,૫૮,૦૫૦ અલગ-અલગ ટ્રાન્જેક્શનથી ટ્રાન્સફર કરી સાયબર ફ્રોડ આચરાયો છે. આ અંગે એસબીઆઈ બેંક કર્મચારીની ખોટી ઓળખ આપનાર અજાણ્યા શખ્સ સહિતના વિરુદ્ધ ગોંડલ બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.ફરિયાદ મુજબ અતુલકુમાર રેલવેમાં નોકરી કરતા હતા અને હાલ નિવૃત જીવન ગાળે છે. તા. ૩ના સવારે સાડા ૧૦ વાગ્યે તેમને ફોન આવ્યો હતો. સામેથી હિન્દીમાં વાત કરનાર શખ્સે પોતે એસબીઆઈના હેલ્પ ડેસ્કમાંથી બોલતો હોવાનું કહી, યોનો એપ નહીં વાપરતા હોવાથી લોનની ઓફર હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ વોટ્સએપ પર ૮૨૩૫૪૧૧૦૨૨ નંબર પરથી એસબીઆઈના લોગોવાળી એપીકે ફાઈલ મોકલી હતી.

વિશ્વાસમાં આવી અતુલકુમારે એપીકે ફાઈલ પર ક્લિક કરી યોનો એપ ઈન્સ્ટોલ કરી હતી. બાદમાં શખ્સે એટીએમ કાર્ડના છેલ્લા ૬ આંકડા અને પિન માંગતાં તેમણે આપી દીધા હતા. ત્યારબાદ મોબાઈલમાં આવેલ ઓટીપી પણ આપતાં તરત જ ફોન કટ થઈ ગયો હતો.સાંજે રાજકોટ રહેતા નાના પુત્ર હેમાંગે મોટા પુત્ર આનંદને ફોન કરી પિતાનો મોબાઈલ ચેક કરવા જણાવ્યું હતું. તપાસ કરતાં એસબીઆઈ ખાતામાંથી અલગ-અલગ ટ્રાન્જેક્શન મારફતે રૂ.૩,૫૮,૦૫૦ અન્ય ખાતામાં ટ્રાન્સફર થયેલા હોવાનું જાણવા મળ્યું હતું. આનંદે એસબીઆઈ હેલ્પલાઈન પર સંપર્ક કરતાં જાણવા મળ્યું કે ખાતામાં રૂ.૭.૧૦ લાખની પર્સનલ લોન કરાવી હતી અને તેમાંથી રૂ.૩,૫૮,૦૫૦ સાયબર ગઠિયાએ અલગ-અલગ ટ્રાન્જેક્શનથી ઉપાડી લીધા હતા.બનાવ બાદ સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ગોંડલ બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી ટેક્નિકલ સોર્સના આધારે તપાસ શરૂ કરી છે.

# સીતાજી ટાઉનશીપમાં મેન્ટેનન્સ મુદ્દે મહિલાને ગાળો ભાંડી માર માર્યો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટની સીતાજી ટાઉનશીપમાં એપાર્ટમેન્ટના મેન્ટેનન્સના પૈસા બાબતે થયેલી તકરારમાં મહિલાના ઘરે પહોંચી ગાળો ભાંડી હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ સામે આવ્યો છે. ફરિયાદ મુજબ તા. ૧૧/૯ના સવારે ૧૧ વાગ્યે વિંગમાં પાણી આવવાનું બંધ થઈ જતાં મહિલાઓ એકઠી થઈ હતી. તે સમયે દિપીબેન અને રેખાબેનને મેન્ટેનન્સના પૈસા બાકી હોવાનું જણાવાયું હતું. બંનેએ જણાવ્યું હતું કે ચોથા માળે રહેતા વસીમ કુરેશીએ અગાઉના મહિનાનું મેન્ટેનન્સ ભર્યું નથી, તે પૈસા ભરે ત્યાર બાદ તેઓ પોતાના પૈસા ભરશે. બાદમાં ઝાહિદાબેને વસીમ પાસેથી પૈસા લેવડાવ્યા પછી બંને મહિલાઓએ પણ મેન્ટેનન્સ ભરી દીધું હતું.

પોતાના મેન્ટેનન્સના પૈસા ન ભરવાની વાત બહાર આવતાં વસીમ ઉશ્કેરાયો હતો. તા. ૧૧ની રાત્રે ૮ વાગ્યે તેણે દિપીબેનને ફોન કરી ગાળો ભાંડી હતી અને ગાળો બોલવાની ના પાડતાં તારી ઓકાતમાં રહેજે, તને મારી નાખતા વાર નહીં લાગે તેવી ધમકી આપી હતી. વસીમની માતાએ પણ ફોન પર ગાળો આપી અમે તારા ઘરે આવીએ છીએ તેમ કહ્યું હતું.ત્યારબાદ વસીમ, તેની પત્ની યાસ્મીન, પુત્ર અસલમ અને માતા દિપીબેનના ઘર પાસે પહોંચ્યા હતા અને ગાળો બોલી માથાકૂટ કરવા લાગ્યા હતા. આ દરમિયાન યાસ્મીને દિપીબેનના વાળ પકડી મોઢા પર માર માર્યો હતો તેમજ હાથ મચકોડી દેતાં ડાબા હાથમાં ઈજા થઈ હતી.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે વસીમ અવારનવાર તેના ઘરે આવી કાકા તથા પિતાને પણ જાનથી મારી નાખવાની ધમકી આપે છે. વસીમ ગેરકાયદેસર ધંધા ચલાવતો હોવાનો અને પોતે તેનો વિરોધ કરતી હોવાથી અંગત અદાવતમાં તેને ટાર્ગેટ કરવામાં આવતી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. તાલુકા પીઆઈ એસ.આર. મેઘાણીની રાહબરીમાં હેડકોન્સ્ટેબલ યશપાલસિંહ ગોહિલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# લોધીકામાં ગેરેજ સંચાલક પર પેમેન્ટ મુદ્દે ધોકાથી હુમલો

સિટી ન્યૂઝ@રાજકોટ

લોધીકામાં મોગલમાંના મંદિર નજીક રહેતા ૪૫ વર્ષીય ગેરેજ સંચાલક સમીરભાઈ ધીરુભાઈ હરીયાણીએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રહીમ મુસા દોઢીયા (રહે.નિકાવા, કાલાવડ), અજિત ઈબ્રાહિમ દોઢીયા (રહે.પીપર, કાલાવડ) અને રમઝાન અજિત દોઢીયા (રહે.લોધિકા)નું નામ આપી જણાવ્યું હતું કે, તે લોધીકામાં રાધે પેટ્રોલીયમની સામે જય અંબે નામે ફોરવ્હીલનુ ગેરેજ ધરાવી વેપાર કરે છે.ગઈ તા.૧૨ ના તેઓ ગેરેજે હતાં ત્યારે સાંજના ગેરેજ પાસે રહીમ દોઢીયા, અજીત દોઢીયા અને રમઝાન દોઢીયા આવેલ હતા. રહીમએ કહેલ કે, પોરબંદરવાળુ બોરવેલના પેમેન્ટની જવાબદારી તમારી છે, જો આ પેમેન્ટ રોકાશે તો મજા નહીં આવે, આ પેમેંટ તમારે આપવુ પડશે તેમ કહ્યું હતું.જેથી રહીમને કહેલ કે, આ પેમેંટની જવાબદારી મારી ના હોય તેમ કહેતા રહીમ એકદમ ઉશ્કેરાય જઈ ગાળો આપી ઝપાઝપી કરવા લાગેલ હતો. બાદ અજિત અને રમઝાન પણ ગાળો આપી ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતો. દરમિયાન રહીમે ત્યા નજીકમા પડેલ ધોકો લઈ કહેલ કે, જો તુ હવે કાઈ બોલીશ તો તને જાનથી મારી નાખીશ. બાદ મીત્ર જાહીદભાઈ ગુંગાએ વચ્ચે પડી વધુ મારમાથી છોડાવેલ હતો. બાદ ગેરેજમા કામ કરતા રાજ વામજાએ ૧૧૨ જનરક્ષકમાં ફોન કરતા પોલીસ આવી ગયેલ હતી. જેથી પ્રૌઢએ લોધિકા પોલીસ મથકે ત્રિપુટી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# સગર્ભા પત્નીને દારૂડિયા પતિએ માર મારતા ગર્ભપાત કરવાની ફરજ પડી

- અંધશ્રદ્ધામાં માનતા સાસરિયાઓ ઉપવાસ કરાવી પરિણીતાને ભૂખી રાખતા
- લોકમેળામાં પરિચય બાદ પ્રેમલગ્ન કર્યા'તાઃ પતિ, સાસુ, સસરા સામે ગુનો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં પ્રેમ લગ્ન બાદ દારૂડીયા કારખાનેદાર પતિએ મારકુટ કરતા પત્નનો ગર્ભપાત કરી નાખ્યો હતો. અંધશ્રદ્ધામાં માનતા સાસુ અને સસરા તારે ઉપવાસ કરવાના કહી ભુખી રાખતા હતા અને શંકાઓ કરી પતિ સહિતનાઓ ત્રાસ આપતા હતા. કરિયાવર પચાવી પાડી તેને તેમજ તેની છ વર્ષની બાળકીને તરછોડી દીધી હોવાનો બનાવ સામે આવ્યો છે. રાજકોટના માધાપર ચોકડી નજીક રહેતા પૂનમબેન હર્ષભાઈ ગોસલીયા દ્વારા પોતાના પતિ હર્ષ, સાસુ ઉર્વીબેન અને સસરા



આશીત વિનયભાઈ ગોસલીયા સામે ફરીયાદ કરી હતી. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૧૮માં હર્ષ આશિતભાઈ ગોસલીયા સાથે લોકમેળામાં પરીચય થયા બાદ બન્ને વચ્ચે પ્રેમ સંબધ બધાયો હતો અને પરીવારની મરજીથી બન્નેના લગ્ન થયા હતા. લગ્નના એકાદ વર્ષ સુધી બધું બરાબર ચાલ્યા બાદ પતિ હર્ષ દ્વારા અવારનવાર શંકાઓ કરી ઝઘડાઓ કરતો તેમજ સાસુ ઉર્વીબેન અને સસરા આશિતભાઈ ઘરકામ બાબતે મહેણાં-ટોણા મારી અપશબ્દો બોલતા હતા. ગર્ભાવસ્થાના ત્રીજા મહિને પતિએ દારૂના નશામાં મારકુટ કરી ધક્કો મારી બેડ પર પછાડી દીધી હતી, જેના કારણે ગંભીર ઈજા પહોંચતા સોનોગ્રાફી કરાવતા બાળક મૃત્યુ પામતા સારવાર લેવી પડી હતી. સાસરિયાઓ દ્વારા અંધશ્રદ્ધામાં માની પરિણીતાને જબરદસ્તી ઉપવાસ કરાવવામાં આવતા હતા. પરિણીતાના પિયરપક્ષ તરફથી મળેલ સોનાના દાગીના પડાવી લીધા હતા એટલું જ નહીં, સ્ત્રીધન તરીકે મળેલું સોનું પતિએ ફેડરલ બેંકમાં લોન પર મૂકી દીધું હતું અને પરત આપવાની ના પાડી દીધાનું જણાવતા પીએસઆઈ બાંભણીયા સહીતે ગુનો નોંધી કાર્યવાહી કરી છે પરિણીતાની બીજી પ્રેગ્નેન્સી વખતે તબીબોએ માતા અથવા બાળકમાંથી એક જ જીવી શકે તેવી સ્થિતિ દર્શાવતા, સાસરિયાઓએ નિર્દયતા દાખવી કહ્યું હતું કે, "અમારે સંતાન બચી જાય તો ઘણું, વહુ તો બીજી મળી જશે". ઓછા વજનવાળી બાળકીનો જન્મ થતાં દૂધ પીવડાવવા જેવી નાની બાબતોમાં ઝઘડો કરી પરિણીતા પર હાથ ઉપાડવામાં આવતો હતો.

# રવિરત્ન પાર્કમાં વૃદ્ધ દંપતી પર પિતા અને પુત્રનો હુમલો



**સિટી ન્યૂઝ@રાજકોટ**

વિ રત્ન પાર્કની સોમેશ્વર મંદિર સોસાયટીમાં રહેતા નિવૃત્ત બેચરભાઈ ઘોડાસરા (ઉ.વ.૬૨) અને તેમનાં પત્ની નર્મદાબેન ગત શુક્રવારે સવારે મંદિરે જળ ચઢાવવા ગયા હતા. દરમિયાન શિવલિંગ પરથી શણગાર ઉતારવાની બાબતે નર્મદાબેને પાડોશી બાલુને થોડીવાર ઊભા રહેવા કહેતાં બંને વચ્ચે બોલાચાલી થઇ હતી. આ બાબતનો ખાર રાખીને શનિવારે સવારે બેચરભાઈ હનુમાન ચાલીસાના પાઠ કરીને ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે બાલુના પૌત્ર વેદાંતે તેમને રસ્તામાં અટકાવી ગેરવર્તન કર્યું હતું. નર્મદાબેન વચ્ચે પડતાં વેદાંત અને તેના પિતા પીવીસી પાઇપ લઈ દંપતી પર તૂટી પડ્યા હતા. હુમલામાં નર્મદાબેનના જમણા હાથમાં અને બેચરભાઈને શરીરે મૂઢ ઇજાઓ થઇ હતી. દંપતીએ ૧૧૨ પર કોલ કરતાં પોલીસ પહોંચી હતી. સારવાર બાદ બેચરભાઈએ યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

## એન્ટી નાર્કોટીકસ વિંગનો દરોડો : સપ્લાયરની શોધખોળ

# નાનામવા પાસેથી ફૂટનો વેપારી 5.241 કિ.ગ્રા. ગાંજા સાથે ઝડપાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરના નાનામવા પાસે આવેલ અર્જુન પાર્ક આવાસ યોજના કવાર્ટરના ગેઈટ પાસેથી એન્ટી નાર્કોટીકસ વિંગની ટીમે ફુટના વેપારીને ૫.૨૪૧ કિ.ગ્રામ ગાંજાના જથ્થા સાથે પકડી લઈ રૂ.૨.૬૫ લાખનો મુદામાલ કબજે કર્યો હતો. પ્રાથમિક તપાસમાં પરપ્રાંતિય શખસ આપી ગયાનું રટણ કરતા પોલીસે તેની શોધખોળ આદરી છે.શહેરમાં માદક પદાર્થોનું વેચાણ અટકાવવા એન્ટી નાર્કોટીકસ વિંગના પીઆઈ બી.બી.જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.વી.ધાંગુ, એએસઆઈ ફિરોજ રાઠોડ, હેડ કોન્સટેબલ હાર્દીકસિંહ પરમાર સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો.ત્યારે




નાનામવા પાસે આવેલ અર્જુન પાર્ક આવાસ યોજના કવાર્ટરના ગેઈટ પાસે એક શખસ માદક પદાર્થના જથ્થા સાથે ઉભેલ હોવાની બાતમી આધારે ટીમે દરોડો પાડી ઉભેલ શખસને પોતાનું નામઠામ પૂછતા પોતે કૌશર સલીમભાઈ મેતર ધંધો ફ્રુટ વેચવાનો જણાવેલ જેથી પોલીસે તેની ઝડતી લેતા તેના કબજામાંથી ૫.૨૪૧ કિ.ગ્રામ ગાંજાનો જથ્થો કિ.રૂ.૨.૬૫ લાખ મળી આવતા પોલીસે તેની ધરપકડ કરી હતી. પ્રાથમિક તપાસમાં પરપ્રાંતિય શખસ આપી ગયાનું રટણ કરતા પોલીસે તેની શોધખોળ આદરી છે.

### ગોંડલના કારખાનેદારના 50 હજાર ચોરી લેનાર ચાર શખ્સોને ક્રાઈમ બાન્ચે પકડી લીધા

# બે માસમાં 17 મુસાફરોના ખિસ્સા હળવા કરનાર રિક્ષા ગેંગ ઝડપાઈ

### રાજકોટ, મોરબી, ટંકારા, વાકાનેર, લીંબડી, વાસદ, વડોદરા, પાવાગઢના ભેદ ખુલ્યા

સિટી ન્યૂઝ@રાજકોટ

કુવાડવા રોડ પર ચાર્જીંગ પુરૂ થતા કાર ચાલક વેપારીને મદદ કરવાના બહાને રિક્ષામાં બેસાડી રૂ.૫૦ હજારની રોકડ સેરવી લીધાની કુવાડવા પોલીસે રિક્ષા ગેંગ સામે ગુનો નોધાયો હતો. દરમ્યાન ક્રાઈમ બ્રાંચે માધાપર ચોકડી પાસેથી ચાર શખસોને ઝડપી લઈ તેની પુછતાછ કરતા રાજકોટ, મોરબી, ટંકારા, વાકાનેર, લીંબડી, વાસદ, વડોદરા અને પાવાગઢમાં બે માસમાં ૧૭ મુસાફરોના ખિસ્સા હળવા કર્યાનું બહાર આવતા ક્રાઈમ બ્રાંચે ૪ શખસોની ધરપકડ કરી તેની પાસેથી રિક્ષા,રોકડ સહીતની મતા કબજે કરી છે.ગોંડલ રહેતા અને



પ્લાસ્ટિકના કારખાનાનું ચલાવતા વેપારી મૌનિકભાઈ મુળજીભાઈ ગઢીયા તા. ૧૨ સપ્ટેમ્બર ના રોજ સાંજના સમયે વેપારી પોતાના ભાગીદારો સાથે ઈલેક્ટ્રિક કાર લઈને નીકળ્યા હતા. કુવાડવા રોડ પર ચાર્જીંગ પુરૂ થતા તે ચાર્જીંગ સ્ટેશનની શોધમાં નીકળ્યા હતા તે વેળાએ રિક્ષાનો ચાલક અને તેના ત્રણ સાગરીતો ત્યાં આવ્યા હતા. રિક્ષા ચાલકે વેપારીને રસ્તો બતાવવાનો અને મદદ કરવાનો ડોળ કરી રિક્ષામાં બેસાડયા હતા. આ દરમિયાન રિક્ષામાં બેઠેલા અન્ય અજાણ્યા શખસોએ "પાછળ કશુંક પડી ગયું છે" તેમ કહી વેપારીનું ધ્યાન ભટકાવ્યું હતું. આ નજરચૂકનો લાભ ઉઠાવી તસ્કરોએ વેપારીના પેન્ટના ખિસ્સામાં મુકેલા રોકડા રૂ. ૫૦ હજાર સેરવી લીધા હતા.અને નાસી ગયા હતા. જે અંગે કુવાડવા પોલીસે ગુનો નોધી કાર્યવાહી કરી હતી. દરમ્યાન ક્રાઈમ બ્રાંચના પીઆઈ ચાવડા સહીતની ટીમે માધાપર ચોકડી પાસેથી શંકાસ્પદ રિક્ષાને અટકાવી પુછતાછ કરતા તે ભગવતી પરામાં રહેતો રોહિત ઈકુ કોઈડીયા,વિપુલ વિનોદ ડોડા,ઘંટેશ્વર ૨૫ વરીયામાં રહેતો આકાશ કિશન વાણોદીયા અને જંગલેશ્વર મહાદેવ મંદિર પાસે રહેતો પ્રકાશ નથુભાઈ સોલંકી હોવાનુ જણાવતા પોલીસે અટકાયત કરી તેની પુછતાછ કરતા તેને વેપારીના રૂ.૫૦ની ચોરી કરી હતી. તે ઉપરાંત બે માસમાં માધાપર ચોકડી, ગ્રીનલેન્ડ ચોકડી,માળી યા,ચોટીલા,વડોદરા,લીંબડી,વાસદ,પાવાગઢ,વાકાનેર,મોરબી સહીતના ૧૭ મુસાફરોના ખિસ્સા હળવા કર્યાની કબુલાત આપતા કુવાડવા પોલીસે આરોપીઓની ધરપકડ કરી તેની પાસેથી રોકડ,રિક્ષા મળી કુલ રૂ.૧.૪૦ લાખની મતા કબજે કરી હતી વધુ તપાસ કરતા આરોપી રોહીત સામે ચાર,વિપુલ સામે બે, આકાશ સામે ચાર અને પ્રકાશ સામે પાંચ ગુના નોધાયા હોવાનુ બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.

## મોટા ભાદરામાં નશાની હાલતમાં સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર હિતેષ સાકરીયા ઝડપાયો

સિટી ન્યૂઝ@રાજકોટ

જામકંડોરણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મોટા ભાદરા ગામે જાહેરમાં નશાની હાલતમાં લથડિયા ખાતા *સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર હિતેષભાઈ રાજેશભાઈ સાકરીયા (ઉ.વ. ૩૨)*ને પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસ પેટ્રોલિંગ ટીમ તા. ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સાંજના સમયે મોટા ભાદરા ગામમાં રામજી મંદિર પાસે શીંવાશ પાનની દુકાન નજીક પહોંચી હતી. તે દરમિયાન એક શખ્સ લથડિયા ખાતો તેમજ બકવાસ કરતો જોવા મળતા પોલીસે તેને રોકી પંચોની હાજરીમાં પૂછપરછ હાથ ધરી હતી. પોલીસ ફરિયાદ મુજબ શખ્સની ઓળખ હિતેષભાઈ રાજેશભાઈ સાકરીયા, રહે. મોટા ભાદરા, તા. જામકંડોરણા, જી. રાજકોટ ગ્રામ્ય તરીકે થઈ હતી. પોલીસે તેની સ્થિતિ તપાસતા મોઢામાંથી કેફી પ્રવાહી પીધેલો હોવાનો વાસ આવતો હોવાનું, આંખો નશાની હાલતમાં લાલઘૂમ હોવાનું તેમજ શરીરનું સંતુલન જાળવી ન શકતો હોવાનું નોંધ્યું હતું.



પોલીસે કેફી પ્રવાહી પીવા અંગે પાસ, પરમીટ કે અન્ય કોઈ આધાર રજૂ કરવા જણાવતા તેની પાસે કોઈ આધાર ન હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે. જેથી પોલીસે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૬(૧)(b) અને ૮૫(૧) હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.આ મામલે જામકંડોરણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે અને આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ શાલકુમાર પાંચાભાઈ હુણ દ્વારા હાથ ધરવામાં આવી છે.
ઉલ્લેખનીય છે કે, હિતેષ સાકરીયા અગાઉ આશરે એક મહિના પહેલા ખંડણીના કેસમાં પણ જેલવાસ ભોગવી ચૂક્યો છે.

### તેં મારી સાથે સંબંધ કેમ તોડી નાખ્યો કહી

## પૂર્વ પ્રેમીનો મંગેતરની હાજરીમાં યુવતી ઉપર જાહેરમાં છરીથી હુમલો

### સગાઈ કરી નંબર બ્લોક કરી નાખવા મામલે જંગલેશ્વરના શખ્સનો હુમલોઃ ગુનો નોંધાયો

સિટી ન્યૂઝ@રાજકોટ


શહેરમાં કોઠારીયા રોડ પર જંગલેશ્વર વિસ્તારમાં રહેતી યુવતી ઉપર પુર્વ પ્રેમીએ છરી વડે હુમલો કરતા ભકિતનગર પોલીસે કાર્યવાહી કરી હતી. યુવતીએ સગાઈ કરી લેતા ઉશ્કેરાયેલા શખસે તે મારો મોબાઈલ નંબર બ્લોક કેમ કરી નાખ્યો છે. તેમ કહી તેના મંગેતરને પછાડી હુમલો કરવા જતા વચ્ચે પડેલી યુવતીને છરીના ઘા ઝીંકી દિધા હતા. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ જંગલેશ્વરમાં રહેતી સુજાન સતારભાઈ દલ (ઉ.૧૮) અને તેનો મંગેતર દેવપરા શાક માર્કેટ પાસે હતા ત્યારે જંગલેશ્વરમાં રહેતો અફાન ઉર્ફે ગફાર જાહીદ પરમાર નામના શખસે ઝઘડો કરી છરી વડે હુમલો કરતા તેને સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં ખસેડાઈ હતી. બનાવની જાણ થતા ભકિતનગર પોલીસ મથકના પીએસઆઈ રાઠોડ સહિતની ટીમે તપાસ કરતા યુવતીને અગાઉ અફાન સાથે પ્રેમ સંબધ હોય સગાઈ બાદ મોબાઈલ નંબર બ્લોક કરી દેતા અને તેની સાથે સંબધ તોડી નાખ્યા હોય જેથી ઉશ્કરાયેલા શખસે હુમલો કર્યાનુ જણાવતા પોલીસે યુવતીની ફરીયાદ ઉપર થી ગુનો નોધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

# ચાચાએ આંખમાં આંસુ સાથે કહ્યું સાબ પરવેઝ કી કસમ મુઝે પતા નહિ થા વો રાક્ષસ મેરે ઘર રુકે હૈ...




સવારના સાડા ૮ વાગ્યે પોલીસની એક કાર ક્રાઈમ બ્રાન્ચ માં દાખલ થઈ, તે કાર ઈન્સપેક્ટર જાડેજાની જ હતી. જાડેજા કારમાંથી ઉતરી સીધા ડીસીપી સિન્હા ની ચેમ્બરમાં ગયા. સિન્હા બારી પાસે ઉભા રહી સિગરેટ પી રહ્યા હતા. દરવાજો ખુલવાનો અવાજ આવતા ડીસીપી એ પાછુ વળી જોયુ અને પાછુ બારી તરફ જોતા કહ્યુ બેઠો, જાડેજા ખુરશીમાં બેઠા, ડીસીપી રાતથી કેટલી સિગરેટ પી ગયા તેવો વિચાર જાડેજા ને આવતો હતો. સિગરેટ પુરી થવા આવી હતી, ડીસીપી એ બારી બહાર જોતા પુછ્યુ છોડ આયે ચાચા કો? જાડેજા એ કહ્યુ સર, ડીસીપી એ પુછ્યુ કુછ બોલા ચાચાને, જાડેજા એ કહ્યુ સર જબ મેં ઉનકો છોડને જા રહા થા. તબ વો રોને લગે થે, ઉન્હોને કહા મેરે પરવેજ કી કસમ ખાકે કહતા હું કે મુઝે નહીં પતા થા કી વો રાક્ષસ મેરે ઘર મેં ઠેરે થે. ફરી ડીસીપી અને જાડેજા વચ્ચે શાંતિ છવાઈ ગઈ. થોડીવાર પછી ડીસીપી એ પુછ્યુ જાડેજા ક્યા લગતા હૈ? ચાચા સચ બોલ રહા હૈ? જાડેજા એ ખુરશીમાં સહેજ ટટ્ટાર થતાં કહ્યુ સર મને લાગે છે કે ચાચા ખરેખર સાચુ જ બોલી રહ્યો છે.

ડીસીપીની સિગરેટ પુરી થઈ તે પોતાના ટેબલ ઉપર આવ્યા અને એસટ્રેમાં સિગરેટ ઓલવતા કહ્યુ કે મને પણ તેવુ જ લાગે છે. જાડેજાને બહુ વિચિત્ર લાગી રહ્યુ હતુ કે તેમની સામે ડીસીપી ઉભા હતા અને જાડેજા ખુરશીમાં બેઠા હતા. ડીસીપીએ ચેમ્બરમાં ચાલવાની શરૂઆત કરી, તેમણે કહ્યુ જાડેજા ચાચા સાચુ તો બોલે છે પણ મને જે વાત ખટકી રહી છે તે પહેલી કે ચાચાએ ૨૦૦૨માં પોતાનો દિકરો ગુમાવ્યો છે, જેનો દિકરો ગયો તેના મનમાં ક્યાંકને ક્યાંક બદલો લેવાની ભાવના અથવા ગુસ્સો હોવો સ્વભાવીક છે, પણ ચાચાની વાતમાં મને ક્યાંય ગુસ્સો દેખાતો નથી. ખરેખર ચાચા ગુસ્સામાં નથી કે ગુસ્સો બતાડવા માગતા નથી. જો ચાચામાં જરા પણ બદલો લેવાની ભાવના હોય તો નસીરૂદ્દીન ને તેનો ફાયદો લીધો હશે તેવુ મને લાગે છે. જાડેજા એ કહ્યુ સર મને પણ જરા વિચિત્ર લાગે છે. ચાચા ખરેખર જાણતા ન્હોતા કે તેમના ઘરે બ્લાસ્ટ કરનાર રોકાય હતા કે પછી આપણે તેમના સુધી પહોંચી ગયા તેના કારણે તેમણે આપણને પોતાની દર્દનાક કહાની સંભળાવી દીધી? ડીસીપી એ માત્ર હમ્મ કહ્યુ એક તરફ ડીસીપીનું મન કહી રહ્યુ હતું કે ફિરોજચાચા સાચુ બોલે છે, કદાચ એટલે જ હજી ડીસીપી એ તેમની સાથે કોઈ સખ્તી કરી ન્હોતી અને તેમને ઘરે પણ જવા દિધા હતા પણ બીજી તરફ તેમની અંદરનો પોલીસ અધિકારી ચાચાના તમામ વ્યવહાર ઉપર શંકા કરી રહ્યો હતો.આવુ પોલીસ અધિકારીમાં થવુ સ્વભાવીક હતું. ડીસીપી ની અંદર રહેલો પોલીસ અધિકારી ચાચા સાચુ બોલે છે તેના પુરાવા માંગી રહ્યો હતો. ડીસીપી એ ઘડિયાળ સામે જોયુ. તેમણે જાડેજાને પુછ્યુ એક ચાઈ હો જાય, જાડેજા ને ફાળ પડી ફરી એક ચ્હા એટલે બીજો એક કલાક. ડીસીપી જાડેજા નો ચહેરો જોઈ જાણે તેમના મનની વાત સમજી ગયા હોય તેમ તરત તેમણે સામેથી કહ્યુ બસ ચાઈ પી કે નિકલતે હૈ. કમાન્ડો ચ્હા લઈ આવ્યો ડીસીપી શાંત બેઠા હતા. ચ્હાનો કપ હોઠ સુધી આવ્યો અને ફરી ટેબલ ઉપર મુકતા કહ્યુ જાડેજા એક કામ કરો આજ કે દિન મેં આપ ચાચાને જો ભી બોલા વહ એક બાર વેરાફાઈ કરલો. ચાચા કા નંબર આપને લીયા હૈ ઉસકા સીડીઆર નિકાલો ઔર દેખો ચાચા કીસ કે સાથ સંપર્ક મેં થા ઔર આજ હી ચાચા કા નંબર સર્વેલન્સ મે ડાલ દો. ડીસીપી સિન્હા મનોમન બબડ્યા, બાત યહા રૂક જાય વો હમે મંજુર નહીં. જાડેજા એ તે સાંભળ્યુ હતું પણ તે કંઈ બોલ્યા નહીં. ડીસીપી ને પણ ખબર પડી કે જાડેજા એ તે સાંભળ્યુ એટલે તેમણે જાડેજા સામે જોયુ અને એક હાસ્ય આપ્યુ, ચ્હાનો કપ પુરો થયો અને સિન્હા એ ફરી સિગરેટનું પાકિટ હાથમાં લીધુ અને ત્યારે જાડેજા એ કહ્યુ સર, તરત સિન્હાએ સિગરેટનું પાકીટ ટેબલ ઉપર પાછુ મુકતા કહ્યુ આજ કુછ જ્યાદા હો ગઈ ક્યો.. પછી ડસ્ટબીનમાં સિગરેટના ખાલી ખોખા તરફ નજર કરતા કહ્યુ અરે રાતભર મેં દો પાકિટ પી ગયા.જાડેજાએ ડીસીપીને સિગરેટ પીતા રોક્યા હતા એટલે તેમણે સંકોચ સાથે કહ્યુ સોરી સર, ડીસીપી હસવા લાગ્યા, તેમણે કહ્યુ અરે જાડેજા આપ સોરી ક્યો કહેતો હો, સોરી તો મુઝે કહેના ચાહીયે, સિગરેટ મે પીતા હું ઔર ધુવા આપ કે ફેફડે મે જાતા હૈ. તેમણે સિગરેટ નું પાકિટ ડ્રોએરમાં મુક્યુ, મોબાઈલ ફોન


પ્રશાંત દયાળ

લઈ ઉપરના શર્ટના ખીસ્સામાં મુક્યો, ડ્રોઅરમાંથી પોતાની પિસ્તોલ કાઢી ટેબલ ઉપર મુકી અને બેલ વગાડી કમાન્ડોને બોલાવી કહ્યુ ગાડી લગાવો. તરત કમાન્ડોએ ડીસીપી ના ટેબલ ઉપર પડેલી પિસ્તોલ લીધી ત્યારે જ ડીસીપી ને યાદ આવ્યુ હોય તેમ તેમણે કહ્યુ દેખો ભાઈ લોડ કી હોગી ઉસે અનલોડ કરદો. જાડેજા પણ જવા માટે ઉભા થયા હતા. ડીસીપી એ કહ્યુ અબ આપ ઘર જાકે આરામ કરો, મે દો બજે તક આ જાઉગા, પછી તેમને કંઈક યાદ આવ્યુ હોય તેમ તેમણે પોતાના કપાળ ઉપર હાથ મુક્યો, જાડેજાએ પુછ્યુ ક્યા હુવા સર, ડીસીપી ના ચહેરા ઉપર અફસોસ આવી ગયો. તેમણે કહ્યુ અરે મેરી બીટીયા કો બુખાર થા, મેંને કલ સે ઉસકે સાથ એક ભી બાર બાત ભી નહીં કે અબ વો નારાજ હો જાયેગી. જાડેજાને લાગ્યુ કે તે કઈ રીતે સાહેબને આશ્વાસન આપે, પછી ડીસીપી એ કહ્યુ ચલો કુછ બાત નહીં બીવી કી ડાટ, ઔર બીટીયા કી નારાજગી સહેની હોગી. ડીસીપી ચેમ્બરની બહાર નિકળ્યા, તેમની કાર સ્ટાર્ટ થઈ ગઈ હતી. ડીસીપી એ કમાન્ડો સામે જોતા પુછ્યુ આપકી પાર્ટી ચેન્જ કરની હોગી. કમાન્ડોએ કહ્યુ જી સર, ઠીક હૈ, મુઝે છોડકર પાર્ટી ચેન્જ કર લેના. પાર્ટી ચેન્જ કરવાનો અર્થ થતો હતો કે રાતની શિફ્ટમાં જે ડ્રાઈવર, કમાન્ડો અને વાયરલેસ ઓપરેટર નોકરી ઉપર આવ્યા હતા તેમની નોકરી પુરી થતી હતી અને સવારની શિફ્ટના નવા માણસો ડ્યુટી ઉપર આવવાના હતા. ડીસીપીની કાર સ્ટાર્ટ થઈ અને જાડેજા એ તેમને સલામ કરી.

ડીસીપી ની કાર ક્રાઈમ બ્રાન્ચ માંથી બહાર નિકળી અને જાડેજા એ એક ઉંડો શ્વાસ છોડ્યો અને મોબાઈલ ફોન કાઢી પોતાના સબઈન્સપેક્ટરને ફોન જોડ્યો, જરૂરી સુચનાઓ આપી અને પોતે બપોરેને ૨ વાગે ઓફિસ આવશે તેની જાણકારી આપી. સબઈન્સપેક્ટરને આશ્ચર્ય થયુ કે જાડેજા અને ડીસીપી સર આખી રાત કામ કરતા હતા. પોતાની સરકારી જીપમાં બેસતા જાડેજાએ ડ્રાઈવરને પુછ્યુ સિગરેટ છે? ડ્રાઈવરે પાછુ વળી જોયુ તેને આશ્ચર્ય થયુ કારણ કે જાડેજા સાહેબને તેમણે ક્યારેય સિગરેટ પીતા જોયા ન્હોતા. જાડેજાએ તેની ખાતરી કરાવવા માટે કહ્યુ ભાઈ માથુ ભારે થઈ ગયુ છે એટલે સિગરેટ પીવી પડે તેમ છે. ડ્રાઈવરે તરત ખીસ્સામાંથી સિગરેટ અને માચીસ કાઢી આપ્યા. જાડેજા સિગરેટ પી રહ્યા હતા અને તેમની જીપ તેમના ઘર તરફ દોડી રહી હતી. જાડેજા એ ડ્રાઈવરને કહ્યુ કોલેજમાં હતો ત્યારે સિગરેટ પીતો હતો પણ એક દિવસ મારા બાપુ મને સિગરેટ પીતા જોઈ ગયા, મને ખુબ વઢ્યા, તે દિ પછી સિગરેટ છોડી દીધી, આજે પણ મારા બાપુની મને બહુ બીક લાગે, તે બેઠા હોય તો અમારાથી બેસાય પણ નહીં.(ક્રમશઃ)

## સતત 21માં વર્ષે જાજરમાન આયોજન

# ભક્તિનગર સર્કલ ખાતે ધર્મરક્ષક પરિષદ આયોજિત ગણેશ મહોત્સવનો પ્રારંભ

### સંતો-આગેવાનોની હાજરીમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે સ્થાપના કરાઈ ; રોજ 7:45 વાગ્યે મહાઆરતી અને 9:30 વાગ્યે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન



**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગણપતિ બાપા મોરિયા, રિદ્ધિ સિદ્ધિ લાયોના નાદ સાથે આજથી ગણેશ મહોત્સવનો દેશવ્યાપી પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે રાજકોટના ભક્તિનગર સર્કલ ખાતે ધર્મરક્ષક પરિષદ અને એમ.કે. ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સતત ૨૧મા વર્ષે પ્રિન્સ ઓફ કૈલાશ શ્રી ગણેશ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

ભક્તિનગર સર્કલ ખાતે આજે સાંજે ૪ કલાકે સૌરાષ્ટ્રભરમાંથી આવેલા સાધુ-સંતો, રાજકીય-સામાજિક ક્ષેત્રના આગેવાનો અને ધર્મપ્રેમી નાગરિકોની ઉપસ્થિતિમાં ગણપતિ દાદાની ભૂદેવોના વૈદિક મંત્રોચ્ચાર, બેન્ડવાજાની સુરાવલી અને ગણપતિ બાપા મોરિયાના જયઘોષ વચ્ચે ભક્તિ, શક્તિ અને શ્રદ્ધાપૂર્વક સ્થાપના કરવામાં આવી.

આ પ્રસંગે જૂનાગઢ પંચદશનામ જૂના અખાડાના આંતરરાષ્ટ્રીય ઉપાધ્યક્ષ મહંત ઇન્દ્રભારતી બાપુ, ગર્ગાચાર્ય મહેન્દ્રાનંદ ગિરીબાપુ, થનાપતિ બુદ્ધગીરી બાપુ અને મોટા આંકડિયા, અમરેલીના બાવકુપુરી બાપુ સહિતના સંતો ઉપસ્થિત રહ્યા.

ગણેશ મહોત્સવ દરમિયાન દરરોજ સાંજે ૭:૪૫ કલાકે મહાઆરતી યોજાશે. મહાઆરતી બાદ તિરંગા વાતાવરણમાં રાષ્ટ્રગાન કરવામાં આવશે અને ત્યારબાદ રાત્રે ૯:૩૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. દાંડિયારાસ, લોકડાયરો અને દેશભક્તિના ગીતો સહિતના કાર્યક્રમોમાં નામાંકિત કલાકારો પોતાની રજૂઆત કરશે.

ધર્મરક્ષક પરિષદ દ્વારા છેલ્લા ૨૧ વર્ષથી ભક્તિનગર સર્કલ ખાતે ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ શહેરીજનોમાં મહાઆરતી, દર્શન અને સાંસ્કૃતિક કાર્યક્રમોને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આયોજકો દ્વારા શહેરીજનોને પરિવાર સાથે મહોત્સવમાં જોડાઈ દર્શન, મહાઆરતી અને સાંસ્કૃતિક કાર્યક્રમોનો લાભ લેવા જાહેર નિમંત્રણ પાઠવાયું છે.

આ સમગ્ર આયોજનમાં ભાજપ અગ્રણી ગૌતમ ગોસ્વામી, એમ.કે. ચેરિટેબલ ટ્રસ્ટના રમેશ ગઢિયા, ભૌતિક આસોદરિયા, મિતેષ આટકોટિયા અને રવિ આટકોટિયા સહિતના કાર્યકરો જોડાયા છે. ધર્મરક્ષક પરિષદના મીડિયા ઇન્ચાર્જ તરીકે હરેશ જોષી, સહ-ઇન્ચાર્જ તરીકે ઉદય જોષી અને હિતેશ જોષી કામગીરી સંભાળી રહ્યા છે. આ પ્રસંગે મીડિયા ઇન્ચાર્જ હરેશ જોષી, નીરવ ચૌહાણ, કેતન મેર, વિવેક પરસાણા, જેનિસ ભારતી ગોસ્વામી, ઉદય જોષી, ક્રિશ ચૌહાણ અને વિરલ ગોસ્વામી સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



## સૌરાષ્ટ્રભરના સંતો-મહંતોની ઉપસ્થિતિ

મહોત્સવમાં ઇન્દ્રભારતી બાપુ, મહેન્દ્રગિરી, પરમાત્માનંદ સરસ્વતીજી, બુદ્ધગીરી બાપુ, જય અંબાનંદગિરી માતા, વિક્રમગીરી બાપુ, ગણેશપુરી બાપુ, બાવકુપુરી બાપુ, નરેન્દ્ર બાપુ, રાજેશપુરી બાપુ, હસુગીરી બાપુ, ભૂપતિગિરી, ભારતીગિરી, હરેશબાપુ, ધીરજપુરી બાપુ, અક્ષયપુરી, પરીક્ષિતગીરી, હર્ષદગિરી, બચુબાપા, શાસ્ત્રીબાપુ, બળવંતગીરી, ત્યાગી મનમોહનદાસજી મહારાજ, પ્રજકુમાર મહારાજ, નિખિલેશ્વરાનંદજી મહારાજ, કેશરીબાઈજી, જયશ્રી દીદી, અપૂર્વમુની સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી, રાધારમણ સ્વામી, દેવકૃષ્ણ સ્વામી, બ્રહ્મતીર્થ સ્વામી, વિવેકસાગર સ્વામી, ભક્તિપ્રસાદ સ્વામી, અદ્ભુત સ્વામી, મહંત અશોકભાઈ, ભરતભાઈ પંડ્યા, પ્રતાપપુરી બાપુ, અનુપગીરી બાપુ, બીપીનભાઈ ભટ્ટ, દિનેશ અદા, પવનદાસ, ધર્મદાસ, ધર્મવત્સલ સ્વામી, ગોકર્ણદાસજી, રામલખનદાસજી, ભગવાનદાસજી, રાઘવદાસજી, નરશીદાસજી, રાજેન્દ્રદાસજી, નિશ્વાસ સ્વામી, અક્ષય કુમાર, અભિષેક કુમાર, પ્રજેશકુમાર, પુરુષોત્તમ લાલજી મહારાજ અને નરસિદાસ સહિતના સંતો-મહંતો ઉપસ્થિત રહેશે.

# શહેરના સામા કાંઠે 19મા વર્ષે સંજયનગર કા રાજાની સ્થાપના

## સંતકબીર રોડ પર વૈદિક મંત્રોચ્ચાર અને જયઘોષ વચ્ચે ગણપતિ સ્થાપના; 1 કિ.મી.થી વધુ વિસ્તારમાં રોશનીનો ઝળહળાટ, રોજ મહાઆરતી બાદ સાંસ્કૃતિક કાર્યક્રમોની ધમાલ

**સિટી ન્યૂઝ@રાજકોટ**



ગણપતિ આયો બાપા, રિદ્ધિ-સિદ્ધિ લાયોના જયઘોષ સાથે રાજકોટના સામા કાંઠા વિસ્તારમાં ગણેશોત્સવનો માહોલ છવાયો છે. સંતકબીર રોડ પર સિદ્ધિ વિનાયક ગ્રુપ-સંજયનગર કા રાજા દ્વારા સતત ૧૯મા વર્ષે આયોજિત ગણેશ મહોત્સવમાં આજે સાંજે ૪:૩૦ કલાકે ભવ્ય ગણપતિ સ્થાપના કરવામાં આવી હતી. વૈદિક મંત્રોચ્ચાર, બેન્ડવાજાની સુરાવલી અને ગણપતિ બાપા મોરિયાના નાદ વચ્ચે યોજાયેલી સ્થાપનાથી સમગ્ર વિસ્તાર ભક્તિમય બની ગયો હતો.

ગણપતિ સ્થાપના પ્રસંગે સામાજિક અને રાજકીય ક્ષેત્રના આગેવાનો, સાધુ-સંતો તથા મોટી સંખ્યામાં ધર્મપ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. પૂજન-અર્ચનની વિધિ આચાર્ય પદે શાસ્ત્રી ગૌતમભાઈ ત્રિવેદીએ કરાવી હતી. છેલ્લા ૧૮ વર્ષથી યોજાતા આ મહોત્સવના ૧૯મા આયોજનને લઈને વિસ્તારના રહેવાસીઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

મહોત્સવ દરમિયાન દરરોજ રાત્રે ૮ કલાકે મહાઆરતી યોજાશે. ત્યારબાદ રાત્રે ૯:૩૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમોની વણઝાર રહેશે. અન્નકૂટ દર્શન, તાવા પ્રસાદ, બાળકો માટે રંગપૂરણી સ્પર્ધા, આરતી ડેકોરેશન, ધૂન-ભજન, ધાર્મિક પ્રવચન અને ડિસ્કો દાંડિયા સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

સંજયનગર કા રાજાના મહોત્સવ નિમિત્તે સંતકબીર રોડ અને આસપાસના વિસ્તારમાં વિશેષ રોશની કરવામાં આવી છે. ૧ કિ.મી.થી વધુ વિસ્તારમાં રંગબેરંગી રોશનીથી સમગ્ર વિસ્તાર ઝળહળી ઉઠ્યો છે. ગણપતિ દાદાના દર્શન માટે મોડી રાત સુધી ભાવિકોની અવરજવર રહેવાની છે.

મહોત્સવના વિવિધ કાર્યક્રમોમાં ઈન્દ્રભારતી બાપુ, મહેન્દ્રગિરી, પરમાત્માનંદ સરસ્વતીજી, બુદ્ધગીરી બાપુ, જય અંબાનંદગિરી માતા, વિક્રમગીરી બાપુ, ગણેશપુરી બાપુ, બાવકુપુરી બાપુ, નરેન્દ્ર બાપુ, રાજેશપુરી બાપુ, હસુગીરી બાપુ, ભૂપતિગિરી, ભારતીગિરી, હરેશબાપુ, ધીરજપુરી બાપુ, અક્ષયપુરી, પરીક્ષિતગીરી, હર્ષદગિરી, બચુબાપા, શાસ્ત્રીબાપુ, બળવંતગીરી સહિતના સંતો-મહંતોની ઉપસ્થિતિ રહેશે.

મહોત્સવનું આયોજન દીપકભાઈ રાઠોડ (ભરવાડ), વિનુભાઈ અગ્રાવત અને મનસુખભાઈ રૈયાણીના માર્ગદર્શન હેઠળ તથા ગણેશ મહોત્સવ સમિતિના પ્રમુખ ક્રિષ્નાભાઈ ભરવાડની આગેવાનીમાં થઈ રહ્યું છે. વ્યવસ્થાપક અને મીડિયા ઈન્ચાર્જ હરેશભાઈ જોષી છે.

ધવલભાઈ ભરવાડ, પોપટભાઈ ટોળિયા, લાલાભાઈ ખીટ, રાજ ભરવાડ, હરિભાઈ રાતડીયા, સંજયભાઈ બોસમીયા, જીતેન્દ્રભાઈ મોરાણીયા, શૈલેષભાઈ ધેણોજા, પરેશભાઈ પુજારા, હસુભાઈ જાદવ, અલ્પેશભાઈ ભરવાડ, રાજુભાઈ મેવાડા, હિતેશભાઈ પીઠડિયા, વિરમભાઈ ગોલતર, અતુલભાઈ અગ્રાવત, કિશનભાઈ શેઠ, અનુજભાઈ ઠાકુર, વિરમભાઈ ફાંગલિયા, રાજભા, યુવરાજ ભરવાડ, રાજન, સની રાતડીયા, નીતિન ઠાકોર, રાહુલ ભરવાડ, ભરતભાઈ સહિતના કાર્યકરો વિવિધ વ્યવસ્થાઓ સંભાળી રહ્યા છે.

મહોત્સવને મનસુખભાઈ રૈયાણી, દલસુખભાઈ ચોથાણી, ગણેશ બુલિયન, વેરાઈ સેલ્સ, ભાવેશભાઈ લોખીલ, ખીમજીભાઈ મકવાણા, ભરતભાઈ ગરોધરા અને વી.એમ. પટેલ સહિતનો સહયોગ મળ્યો છે.

પ્રસાદ માટે શૈલેષભાઈ રાઠોડ, ઉમંગ એજન્સી, ભીમજીભાઈ પટેલ, કિશોરભાઈ હાપલીયા, અશોકભાઈ ભગત, મયુરભાઈ રાતડીયા, પરેશભાઈ પુજારા, હસુભાઈ જાદવ, કિરીટભાઈ પટેલ, શૈલેષભાઈ ધેણોજા અને નક્ષત્ર સેલ્ફ ડ્રાઈવ સહિતના દાતાઓ સહયોગ આપી રહ્યા છે. મોમાઈ કોલ્ડ્રિક્સ, જય બજરંગ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, સતનામ મોબાઈલ, સાંવરિયા શેઠ સાડી અને ડ્રેસીસ, ન્યુ ચામુંડા વાસણ ભંડાર, રાધેકૃષ્ણ ડેરી ફાર્મ, રાધેશ્યામ ડેરી અને ગણેશ ડેરી સહિતના વેપારીઓ-સંસ્થાઓ પણ સહયોગી બન્યા છે.

સિદ્ધિ વિનાયક ગ્રુપ અને આયોજક સમિતિએ શહેરીજનોને પરિવાર સાથે સંજયનગર કા રાજાના દર્શન કરવા તેમજ મહાઆરતી, પ્રસાદ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનો લાભ લેવા જાહેર નિમંત્રણ પાઠવ્યું છે. મીડિયાની વ્યવસ્થા ઉદય જોષી અને હિતેશ જોષી સંભાળી રહ્યા છે. પ્રેસ મુલાકાત સમયે દીપકભાઈ રાઠોડ, વિનુભાઈ અગ્રાવત, મનસુખભાઈ રૈયાણી, હરેશભાઈ જોષી, સંજયભાઈ બોસમીયા, હરિભાઈ રાતડીયા, ક્રિષ્નાભાઈ ભરવાડ અને રાજુભાઈ મેવાડા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



# મંતવ્ય ન્યૂઝ-સિટી ન્યૂઝના રિપોર્ટર લલિત વ્યાસની લાડકી દીકરી પ્રિયાંશીનો જન્મદિવસ

## પરિવારજનો, સ્નેહીજનો અને શુભેચ્છકો તરફથી શુભકામનાઓનો ધોધ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

મંતવ્ય ન્યૂઝ-સિટી ન્યૂઝના રિપોર્ટર લલિત વ્યાસની લાડકી દીકરી પ્રિયાંશી વ્યાસે જીવનના ૧૧ વર્ષ પૂર્ણ કરી ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ૧૨મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. પ્રિયાંશીના જન્મદિવસ નિમિત્તે પરિવારજનો, સ્નેહીજનો તથા શુભેચ્છકો દ્વારા તેને જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

પ્રિયાંશી માટે આ ખાસ દિવસ પરિવાર માટે પણ આનંદ અને ખુશીની પળ બની રહ્યો છે. દીકરીના જીવનમાં સુખ, સમૃદ્ધિ, સારું સ્વાસ્થ્ય અને ઉજ્જવળ ભવિષ્ય આવે તેવી શુભકામનાઓ સાથે પરિવારજનો દ્વારા જન્મદિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

પ્રિયાંશીના આ ખાસ પ્રસંગે પિતા લલિતભાઈ વ્યાસ, માતા સેજલબેન તેમજ ભાઈઓ અમન અને દક્ષ સહિત સમગ્ર પરિવાર આનંદિત બન્યો છે. પરિવારજનો અને શુભેચ્છકોએ પ્રિયાંશીને જીવનના નવા વર્ષમાં સફળતા અને સતત પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી છે.

# રાજકોટ કા મહારાજાના દિવ્ય અને ગણેશ મહોત્સવનો આજથી પ્રારંભ

## ડૉ. યાજ્ઞિક રોડ પર વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે વિઘ્નહર્તાની પ્રતિષ્ઠા; માં નવદુર્ગાની ઝાંખી અને રામનાથ દાદાના મંદિરની ભવ્ય કૃતિ આકર્ષણનું કેન્દ્ર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટની ધર્મપ્રેમી જનતામાં ગણેશ મહોત્સવનો ઉત્સાહ છવાયો છે ત્યારે ડૉ. યાજ્ઞિક રોડ પર જાગનાથ પોલીસ ચોકી પાસે રાજકોટ કા મહારાજા ગણેશ મહોત્સવનો ભવ્ય પ્રારંભ થયો હતો. સોમવારે સાંજે ૫ કલાકે વૈદિક મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્ત પૂજા-અર્ચના સાથે ગણપતિ દાદાની ભવ્ય પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પ્રસંગે ભક્તિમય માહોલ વચ્ચે ગણપતિ બાપ્પા મોરિયાના જયઘોષથી સમગ્ર પરિસર ગુંજી ઉઠ્યું હતું અને ઉપસ્થિત શ્રદ્ધાળુઓએ ગણેશજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

આ વર્ષે રાજકોટ કા મહારાજાના ગણેશ મહોત્સવને વિશેષ અને આકર્ષક સ્વરૂપ આપવામાં આવ્યું છે. ભવ્ય ડોમ, રંગબેરંગી રોશની અને વિઘ્નહર્તા શ્રી ગણેશજીની વિશાળ પ્રતિમા સાથે માં નવદુર્ગાની આકર્ષક ઝાંખી તૈયાર કરવામાં આવી છે. રોશની અને સજાવટના કારણે સમગ્ર પંડાલનું વાતાવરણ ભક્તિમય બન્યું છે.

ભૂદેવ સેવા સમિતિના સંસ્થાપક તથા રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ સદસ્ય તેજસ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ પંડાલમાં રાજકોટના ગ્રામદેવ ભગવાન શ્રી રામનાથ દાદાના મંદિરની થર્મોકોલની ભવ્ય કૃતિ પણ તૈયાર કરવામાં આવી છે. મંદિરની આ કૃતિ મહોત્સવમાં વિશેષ આકર્ષણ બની છે અને તેના દર્શન માટે ભક્તોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે.




### 11 દિવસ સુધી વિવિધ કાર્યક્રમોની ધમાલ

રાજકોટ કા મહારાજાના ૧૧ દિવસીય મહોત્સવ દરમિયાન દરરોજ વિવિધ ધાર્મિક, સાંસ્કૃતિક અને બાળકોને પ્રોત્સાહિત કરતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૭ કલાકે બાળકોની આંતરિક શક્તિ, સર્જનાત્મકતા, કલાત્મકતા અને છુપાયેલી પ્રતિભાને ખીલવતી વિવિધ સ્પર્ધાઓ તથા કાર્યક્રમો યોજાશે.રાત્રે ૮ કલાકે ભવ્ય મહાઆરતી યોજાશે, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાશે. ત્યારબાદ રાત્રે ૯ કલાકે વિવિધ ધાર્મિક અને ભક્તિમય કાર્યક્રમો યોજાશે. ૧૧ દિવસ દરમિયાન ગણેશજીના દર્શન સાથે ભક્તોને ધાર્મિક માહોલનો લાભ મળે અને બાળકો તથા પરિવારો પણ મહોત્સવ સાથે જોડાય તેવું આયોજન કરવામાં આવ્યું છે.

આયોજકોએ રાજકોટની સર્વધર્મપ્રેમી જનતા, શ્રદ્ધાળુઓ અને પરિવારોને રાજકોટ કા મહારાજાના દર્શન, પૂજા-અર્ચના તથા ભવ્ય મહાઆરતીનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે. ગણપતિ બાપ્પાના આશીર્વાદથી સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને મંગલમયતા આવે તેવી ભાવના સાથે સમગ્ર મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે.

રાજકોટ કા મહારાજાના મહોત્સવને ભવ્ય અને યાદગાર બનાવવા તેજસ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ વિશાલ આહ્યા, મયુર વોરા, વિકી ઠાકર, વિશાલ ઉપાધ્યાય, હર્ષ ત્રિવેદી, અર્જુન શુક્લ, દિલીપ જાની, માનવ વ્યાસ, જય રાવલ, ચેતન જોષી, જ્યોતિન્દ્ર પંડ્યા, સંદીપ પંડ્યા, પ્રશાંત ઓઝા, હેમલ રાવલ, ભરત દવે, મોહિત વ્યાસ અને જય જોષી સહિતના કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

મહોત્સવ દરમિયાન વ્યવસ્થા જળવાઈ રહે અને ભક્તોને સરળતાથી દર્શનનો લાભ મળી રહે તે માટે પણ આયોજકો તથા કાર્યકરો સક્રિય રહ્યા છે. ગણેશ મહોત્સવના ૧૧ દિવસ દરમિયાન ડૉ. યાજ્ઞિક રોડ પર ભક્તિ અને ઉત્સવનો માહોલ જોવા મળશે.

# સદ્દગુરૂ તીર્થધામ કા રાજાનું આગવું સ્વરૂપ

## પોતાનાથી પોતાપણા સુધીની સફર થીમ; મોરના આસન પર ગણપતિજી, હાથબનાવટની મટુકી–સુંડલીથી વોકલ ફોર લોકલનો સંદેશ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રૈયા રોડ સ્થિત સદ્દગુરૂ તીર્થધામ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી ગણપતિ ગજાનંદ અને સદ્દગુરૂ તીર્થધામ કા રાજાના નામે ગણપતિજી બિરાજમાન થવાના છે. આ વર્ષે પોતાનાથી પોતાપણા સુધીની સફરને કેન્દ્રમાં રાખી આગવી થીમ તૈયાર કરવામાં આવી છે.થીમમાં ગણપતિજી મોરના આસન પર બિરાજમાન હશે. મોર ભગવાન કાર્તિકેયનું વાહન હોવાથી ધાર્મિક સંદેશ સાથે વિવિધ દિશાઓનો સુંદર સમન્વય કરવામાં આવ્યો છે. ઉત્તર દિશામાં જન્મેલા શ્રીકૃષ્ણને




ગણપતિજીના શીર્ષ પર સ્થાપિત કરી સૃષ્ટિની દરેક દિશા પર મારી દ્રષ્ટિ છે અને તેમાં વસનાર સૌ અમારા જ છે એવો પોતાપણાનો સંદેશ આપવામાં આવ્યો છે.મંચ સજ્જામાં હાથબનાવટની નાની મટુકી તથા વાંસની હાથબનાવટની નાની સુંડલીનો ઉપયોગ કરવામાં આવશે. આ સજાવટ થકી સ્થાનિક કારીગરીને પ્રોત્સાહન આપતા વોકલ ફોર લોકલનો સંદેશ પણ રજૂ થશે.આગામી ૨૦/૦૯/૨૦૨૬, રવિવારે સાંજે ૭:૩૦ કલાકે સદ્દગુરૂ તીર્થધામ ખાતે મહાઆરતી તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટના નગરજનો અને ગણપતિભક્તોને બંનેનો લાભ લેવા આયોજકોએ ખાસ આમંત્રણ પાઠવ્યું છે.





# અજરામર સંઘમાં 30 વર્ષ બાદ પર્યુષણની ઐતિહાસિક આરાધના

## દાન, શીલ અને તપની સાધનામાં સંઘ પરિવાર જોડાયો; 16 સપ્ટેમ્બરે 87થી વધુ તપસ્વીઓના સામૂહિક પારણાં યોજાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભાવચંદ્રજી સ્વામીની નિશ્રામાં શ્રી અજરામર સ્થાનકવાસી જૈન સંઘ, રાજકોટના આંગણે પર્યુષણ મહાપર્વની વિશેષ આરાધના ચાલી રહી છે. સંઘના ૩૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત દાન, શીલ અને તપની વિશેષ આરાધના યોજાઈ રહી છે, જેમાં નાના-મોટા સૌ તન-મન-ધનથી જોડાઈ રહ્યા છે.કલ્પસૂત્ર પોથી વ્હોરાવવાનો લાભ કલ્પનાબેન જીતેન્દ્રભાઈ શાહે માતૃશ્રી લલીતાબેન હીરાલાલ શાહની સ્મૃતિમાં લીધો હતો. આ પ્રસંગે પૂ. ડો. ચિંતનચંદ્રજી સ્વામીએ સાધનાની વિશેષતા સમજાવતા જીવનમાં આવતા કર્મના સંજોગોમાં સમાધિ અને સમાપન જાળવવાનો સંદેશ આપ્યો હતો. ૪૫ ઉપાસના તપના આરાધક કેતનભાઈ દેઢિયા, ૩૧ ઉપવાસી પૂ. ઓમકારશ્રીજી મ.સા., ૩૦ ઉપવાસના તપસ્વી મિહિર પારેખ સહિત ૩૫ સિદ્ધિતપ આરાધકો અને ૨૧, ૧૮, ૧૬, ૯, ૮ સહિતના આશરે ૮૭થી વધુ તપસ્વીઓના સામૂહિક પારણાં ૧૬ સપ્ટેમ્બરે સવારે ૯:૩૦ કલાકે મહાવીર હોલ ખાતે યોજાશે. પારણાંનો લાભ સરલાબેન શાંતિલાલ શાહ અને મિતલબેન મહેશભાઈ શાહે લીધો છે. ૧૫ સપ્ટેમ્બરે પર્યુષણ મહાપર્વના આઠમા દિવસે સંવત્સરી પર્વ નિમિત્તે ક્ષમાપના પ્રવચન બાદ પૂ. છોટે ગુરુદેવ વિમલચંદ્રજી સ્વામી વર્ષભરના પાપ-દોષની આલોચના કરાવશે. સવારે ૯થી ૧૨:૩૦ સુધીના કાર્યક્રમમાં સકલ સંઘ પરિવારને ઉપસ્થિત રહેવા પ્રમુખ મધુકાન્તભાઈ ખંધારે અનુરોધ કર્યો છે.

### ઘેર બેઠાં પણ આલોચનાનો લાભ

પર્યુષણના તમામ ૮ દિવસનું લાઈવ પ્રસારણ ચાલી રહ્યું છે. સંવત્સરીના દિવસે પણ શ્રાવકો ઘેર બેઠાં આલોચનામાં જોડાઈ શકશે તેમ ટ્રસ્ટી કમલેશભાઈ શાહે જણાવ્યું હતું. આજે બપોરે ૩ કલાકે તપસ્વીઓની સામૂહિક સાંજી યોજાશે, જેનો લાભ લબ્ધિબેન ધવલભાઈ સંઘવીના સિદ્ધિતપ નિમિત્તે સાસુ રેખાબેન હર્ષદભાઈ થાનવાળાએ લીધો છે.

# સંવત્સરી ક્ષમાપના પર્વ... એટલે વેર-ઝેરનો હિસાબ માંડવાળ કરવાનો દિવસ

## 84 લાખ જીવાયોનિના જીવોને અંતકરણપૂર્વક ખમાવીએ; આલોચના, પ્રતિક્રમણ અને તપ આરાધનાથી આત્માને હળવો બનાવવાનો અવસર : મનોજ ડેલીવાળા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વર્ષનો સર્વશ્રેષ્ઠ દિવસ એટલે સંવત્સરી મહાપર્વ. મંગળવારે ઉજવાનારા સંવત્સરી ક્ષમાપના પર્વને કર્મોના હિસાબ-કિતાબનું માંડવાળ કરવાનો અને વર્ષોથી ચાલતા વેર-ઝેરને વિરામ આપવાનો અવસર ગણાવતા મનોજ ડેલીવાળાએ જણાવ્યું હતું કે આ દિવસે ૮૪ લાખ જીવાયોનિના જીવોને ખરા અંતકરણથી ખમાવવા જોઈએ.

મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે ઘણી વખત વ્યક્તિ એવું માને છે કે મારી ક્યાં ભૂલ છે, સામેની વ્યક્તિએ આમ કર્યું હતું. પરંતુ મહાપુરુષોએ ભૂલ આપણી ન હોય છતાં સામે જઈને ક્ષમાપના કરવાનો સંદેશ આપ્યો છે. સાચા અંતકરણથી ક્ષમાપના કરવાથી આત્મા હળવો બને છે.


જૈન દર્શન મુજબ વેરનો અનુબંધ અત્યંત ભયંકર છે. કોઈપણ ભવમાં એ જીવ સાથે ફરી ભેટો થાય તો વેરની પરંપરા આગળ વધી શકે છે. તેથી જગતના દરેક જીવ સાથે મિત્રતા રાખી કોઈ જીવ પ્રત્યે વેરભાવ ન રાખવાનો સંકલ્પ સંવત્સરીના દિવસે કરવો જોઈએ.



સંવત્સરીના દિવસે પૂ. સાધુ-સાધ્વીજી ચૌવિહાર ઉપવાસ કરે છે. ૯ વર્ષની ઉંમરના હોય કે ૯૯ વર્ષના વયોવૃદ્ધ સાધુ-સાધ્વીજી હોય, સંવત્સરીનો ચૌવિહાર ઉપવાસ તેમના માટે ફરજીયાત હોય છે. ઉપવાસ દરમિયાન પણ તેઓ શ્રાવક-શ્રાવિકાઓને આલોચના કરાવે છે અને શાસન પ્રભાવના માટે સતત જાગૃત રહે છે.

ચતુર્વિધ સંઘના સભ્ય તરીકે દરેક વ્યક્તિએ પોતાની ક્ષમતા મુજબ ઉપવાસ, એકાસણું, આયંબિલ કે અન્ય તપ આરાધના કરવી જોઈએ. સંવત્સરીના દિવસે આલોચના અને પ્રતિક્રમણ કરવું તેમજ સમગ્ર વર્ષ દરમિયાન થયેલી ભૂલોનું ચિંતન કરવું જરૂરી છે.

ગત સંવત્સરીએ સાથે રહેલા અનેક આત્માઓ આજે આપણી વચ્ચે નથી અને આગામી સંવત્સરીએ આપણે



હોઈશું કે નહીં તેની પણ કોઈ ખાતરી નથી. આયુષ્યનો ભરોસો ન હોવાથી દુર્લભ માનવભવની પ્રત્યેક પળને સાર્થક કરવાનો સંદેશ મનોજ ડેલીવાળાએ આપ્યો હતો.

# કોર્પોરેટરોના 230% વેતન વધારા સામે જાગૃત નાગરિકો મેદાને

## લોકસંસદ વિચાર મંચની મુખ્યમંત્રીને કરાશે રજૂઆત; પગાર વધારો નહીં, કામ વધારોના સૂત્ર સાથે નિયમો ઘડવાની માંગ






**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટરોના માનદ વેતન-ભથ્થામાં અંદાજે ૨૩૦% વધારો કરવાની રજૂઆત સામે લોકસંસદ વિચાર મંચ અને શહેરના જાગૃત નાગરિકોએ વિરોધ નોંધાવ્યો છે. આ મામલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને તાકીદની લેખિત રજૂઆત કરવામાં આવશે.

યાદીમાં જણાવ્યા મુજબ, માનદ વેતનમાં વધારો કરવાની માગ સાથે ૪૮ કોર્પોરેટરોએ સહી કરી છે. માગણી મુજબ વધારો કરાય તો રાજકોટ મહાનગરપાલિકાને વાર્ષિક ૧૫ કરોડથી વધુનો ખર્ચ થવાની સ્થિતિ સર્જાશે અને તેનો બોજો અંતે પ્રજાના કરવેરા પર પડશે તેમ મંચે જણાવ્યું છે.

મંચે કોર્પોરેટરોના માનદ વેતન માટે હાજરી અને કામગીરીના માપદંડો નક્કી કરવાની માંગ કરી છે. જનરલ બોર્ડમાં પૂરતી હાજરી, વોર્ડના પ્રશ્નોની રજૂઆત અને મળેલી ગ્રાન્ટના ઉપયોગનો હિસાબ જેવા માપદંડો નક્કી કરવા જણાવાયું છે.

સક્રિય કોર્પોરેટરોને કામગીરીના આધારે વધુ ભથ્થું અને નિષ્ક્રિય કોર્પોરેટરોના ભથ્થામાં કાપ મૂકવાની પણ માંગ કરવામાં આવી છે.કોર્પોરેટરોના માનદ વેતનમાં વધારો કરાશે તો રાજકોટના જાગૃત નાગરિકો અને સામાજિક સંસ્થાઓ દ્વારા ધરણાં તથા તબક્કાવાર આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે. મંચે ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે પણ જવાબદેહી અને કડક નિયમો બનાવવાની માંગ કરી છે.

# રમેશભાઈ ટીલાળાના પ્રયાસોથી રાજકોટ દક્ષિણમાં વિકાસને ગતિ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ દક્ષિણ વિધાનસભા વિસ્તારમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૩ વર્ષમાં વિકાસકાર્યોને નવી ગતિ મળી છે. ધારાસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના (MLA Grant) હેઠળ મળતી સરકારી ગ્રાન્ટનો આયોજનબદ્ધ ઉપયોગ કરીને માર્ગ, જાહેર સુવિધાઓ, સામાજિક માળખાકીય સુવિધાઓ અને જળસંચય સહિતના વિવિધ કામોને પ્રાથમિકતા આપવામાં આવી છે.


વર્ષ ૨૦૨૩-૨૪માં ૧.૫૦ કરોડની ગ્રાન્ટ સામે ૫૬ વિકાસકામો માટે ૧,૩૮,૧૮,૯૬૨ની ફાળવણી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪-૨૫માં ૩૪ કામો માટે ૧,૪૩,૯૧,૨૦૦ની ગ્રાન્ટ ફાળવાઈ હતી, જ્યારે એક કામની તકનિકી મંજૂરીની પ્રક્રિયા સાથે કુલ ઉપયોગ ૧,૪૪,૯૧,૨૦૦ સુધી પહોંચ્યો હતો.

વર્ષ ૨૦૨૫-૨૬માં ધારાસભ્ય ગ્રાન્ટની જોગવાઈ વધારી ૨.૫૦ કરોડ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ૪૯ વિકાસકામો માટે ૮૪,૬૩,૮૬૬ની ગ્રાન્ટ ફાળવાઈ છે અને કેટલાક કામો તકનિકી મંજૂરી હેઠળ છે.

રાજકોટ દક્ષિણ વિસ્તારમાં જળસંચયના કાર્યો માટે પણ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આગામી સમયમાં ઉપલબ્ધ ગ્રાન્ટમાંથી નવા જળસંચયના કામો ઉપરાંત માર્ગો, જાહેર સુવિધાઓ અને વિસ્તારની અન્ય જરૂરી માળખાકીય સુવિધાઓના વિકાસને આગળ વધારવાનું આયોજન છે.

## 3 વર્ષમાં 3.67 કરોડથી વધુની ગ્રાન્ટ ફાળવાઈ; 139 વિકાસકામો માટે આયોજન, જળસંચય સહિતના કાર્યોને પ્રાથમિકતા

ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જણાવ્યું કે રાજકોટ દક્ષિણના દરેક વિસ્તાર સુધી વિકાસનો લાભ પહોંચે અને લોકોની રોજિંદી જરૂરિયાતો મુજબ સુવિધાઓ ઉપલબ્ધ બને તે પ્રાથમિકતા છે. સરકારની ગ્રાન્ટનો એક-એક રૂપિયો જનહિતમાં ઉપયોગ થાય અને વિકાસનો સીધો લાભ સામાન્ય નાગરિકોને મળે તે દિશામાં કામગીરી ચાલી રહી છે. આગામી સમયમાં પણ પ્રજાના સૂચનો અને જરૂરિયાતોને આધારે વધુ વિકાસકામોને ગતિ આપવામાં આવશે.







# નિધિ સ્કૂલમાં ‘આપણા રાજા’ ગણપતિ મહોત્સવ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં વોર્ડ નંબર - ૧ ના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ નિધિ સ્કૂલ દ્વારા તા.૧૪-૦૯-"૨૬ (સોમવાર) થી તા. ૨૩/૦૯/,'૨૬ સુધી ૧૦ દિવસીય ગણપતિ મહોત્સવ "આપણા રાજા"નું આયોજન નિધિ સ્કૂલ, ભારતી નગર - ૨, ગાંધીગ્રામ ખાતે કરવામાં આવેલ , તા. ૧૪-૦૯-૨૬ (સોમવાર)ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા વાજતે ગાજતે ગણપતિ બાપાનુ સ્થાપન કરેલ , ત્યારબાદ મહાપુજા કરવામાં આવેલ, તેમજ રોજ સાંજે ૭ વાગ્યે મહાઆરતી રોજ કરવામાં આવશે,૧૦ દિવસીય ગણપતિ મહોત્સવમાં દરરોજ નવા નવા કાર્યક્રમો યોજવામાં આવેલ છે, જેમાં કે.જી વિભાગના વિદ્યાર્થીઓ માટે ગણપતિ ડ્રોઈંગ સ્પર્ધા, ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થી ભાઈ બહેનો માટે માટીના ગણેશ બનાવવાની સ્પર્ધા તેમજ વિદ્યાર્થીઓના વાલીઓ માટે આરતી ડેકોરેશન તેમજ પાણીપુરી સ્પર્ધાનું આયોજન સ્કૂલ ખાતે કરવામાં આવશે, આ સ્પર્ધામાં વિજેતા તમામ વિદ્યાર્થી ભાઈ બહેનો તેમજ તેમના વાલીઓને ઈનામ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવશે, છેલ્લા ૧૧ વર્ષથી નિધિ સ્કૂલના વિદ્યાર્થી ભાઈ બહેનો દ્વારા "આપણા રાજા" ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે, આ આયોજનને સફળ બનાવવા માટે નિધિ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી યશપાલસિંહ ચુડાસમા, ટ્રસ્ટી હર્ષદબા ચુડાસમા, પ્રિન્સિપાલ બીના ગોહેલ, કાજલબા ચુડાસમા, હર્ષદ રાઠોડ, હેમાલી મકવાણા, દ્રષ્ટિ ચાવડીયા, સ્નેહા માકડ તેમજ સ્કૂલનો સમગ્ર શિક્ષક ગણ તેમજ વિદ્યાર્થી ગણ કાર્યરત છે.

# 151 લોકોને ગણપતિની ઈકોફ્રેન્ડલી મૂર્તિ આપીને જન્મદિવસ ઉજવતા ગુણવંતભાઈ ડેલાવાળા

સિટી ન્યૂઝ@રાજકોટ

આજથી ગણેશોત્સવનો પ્રારંભ થઇ રહ્યો છે ત્યારે ભાજપ અને રાજકોટના મેયરે ગણેશજીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિનો ઉપયોગ કરવાની કરેલી અપીલને ધ્યાનમાં રાખીને સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ તા. ૧૩ને રવિવારે પોતાનો ૭૩નો જન્મદિવસ ૧૫૧ લોકોને આવી ઈકો ફ્રેન્ડલી મૂર્તિ આપીને ઉજવ્યો હતો.

હેમુ ગઢવી હોલમાં યોજાયેલા શુભેચ્છા સમારોહમાં શહેરના શ્રેષ્ઠીઓએ ગુણવંતભાઈ ડેલાવાળાને તંદુરસ્ત જીવનની શુભેચ્છા પાઠવી હતી સાથોસાથ તેમના સેવા કાર્યોને પણ બિરદાવ્યા હતા.



આ પ્રસંગે પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, મેયર ડો. નેહલભાઈ શુક્લ, ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, સ્ટેન્ડિંગ ચેરમેન પરેશભાઈ પીપળીયા, રાજદીપસિંહ જાડેજા (વાવડી) કિશોરભાઈ જીવાણી, મુકેશભાઈ શેઠ, રમેશભાઈ જીવાણી, પરેશભાઈ પારેખ, પરસોત્તમભાઈ કમાણી, જયેશભાઈ વસા, કિરીટભાઈ જીવાણી, પ્રજ્ઞેશભાઈ પટેલ, ડી.વી.મહેતા, ડો. પારસભાઈ શાહ, શિવલાલભાઈ રામાણી રાજાભાઈ હિંદુજા, ભાવેશભાઈ પટેલ, જયેશભાઈ લોટીયા, મીતેનભાઈ મહેતા, હરેશભાઈ લાખાણી, દિનેશભાઈ અમૃતિયા, મિલનભાઈ રાણપરા, નીલેશભાઈ ભાલાણી, શૈલેશભાઈ માઉ, ઘનશ્યામભાઈ મારડિયા, મનોજભાઈ ઉનડકટ, યોગીનભાઈ છ્નીયારા, પરેશભાઈ દવે, તેજસભાઈ ભટ્ટી, કાળુભાઈ ફૂલવાળા, જયરાજસિંહ જાડેજા, ઘનશ્યામભાઈ પરસાણા, રાજભા ગોહિલ, મનસુખભાઈ મકવાણા, ડો. પંકજભાઈ રાઠોડ, કાશ્મીરાબેન નથવાણી, જ્યોતિબેન ટીલવા, ડો. હેલીબેન ત્રિવેદી, નીલુબેન મહેતા, સુધાબેન ભાયા, અલ્કાબેન કામદાર, જયશ્રીબેન સેજપાલ, અર્ચનાબેન સોલંકી, છાયાબેન દવે, ડો. માલાબેન કુંડલીયા, ગીતાબેન હીરાણી, નમ્રતાબેન પંડ્યા, જસુમતીબેન વસાણી સહીત અનેક ઉપસ્થિત રહ્યા હતા અને ગુણવંતભાઈને શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં સરગમ કલબના કમિટી મેમ્બર્સ, સ્ટાફ, લેડીઝ અને જેન્ટ્સ કલબની સલાહકાર સમિતિનાં સભ્યો વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.







# પેરિસના BAPS મંદિરે 43 દેશોને ભારતીય સંસ્કૃતિના દર્શન કરાવ્યા

## ૫૦થી વધુ રાજદૂતો–પ્રતિનિધિઓ ઈન્ડો–ફ્રેન્ચ કલ્ચરલ ઓપન ડેમાં જોડાયા; ભારતીય વારસા અને ફ્રેન્ચ કૌશલ્યના સંગમને બિરદાવ્યો

સિટી ન્યૂઝ@રાજકોટ

પેરિસના બુસી-સેંટ-જ્યોર્જેસમાં નવનિર્મિત BAPS સ્વામિનારાયણ હિન્દુ મંદિર ખાતે ૧૦ સપ્ટેમ્બરે વિશેષ ઈન્ડો-ફ્રેન્ચ કલ્ચરલ ઓપન ડે યોજાયો હતો. યુનેસ્કોના ૪૩ દેશોનું પ્રતિનિધિત્વ કરતા ૫૦થી વધુ રાજદૂતો, કાયમી પ્રતિનિધિઓ અને વરિષ્ઠ રાજદ્વારી પ્રતિનિધિઓ આ કાર્યક્રમમાં એકત્રિત થયા હતા.


યુનેસ્કો ખાતે ભારતના કાયમી પ્રતિનિધિમંડળના આયોજન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં યુરોપ, આફ્રિકા, એશિયા, આરબ દેશો, અમેરિકા અને કેરેબિયન પ્રદેશના પ્રતિનિધિઓ તેમજ યુનેસ્કોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ પહેલાં મહેમાનો માટે પરંપરાગત ભારતીય ભોજનનું આયોજન કરાયું હતું.

યુનેસ્કો ખાતે ભારતના રાજદૂત અને કાયમી પ્રતિનિધિ વિશાલ શર્માએ મંદિરને ભારતની સભ્યતા, વારસા અને ભારત-ફ્રાન્સના સહયોગથી સાકાર થયેલી શિલ્પકળાનો અદભૂત સંગમ ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે મંદિર ભારતની બહાર જીવંત ભારતીય સાંસ્કૃતિક વારસાનું દૃશ્યમાન સ્વરૂપ છે.

મંદિરના નિર્માણ પાછળના અસાધારણ સહયોગ અને ભારતીય શિલ્પકળા-સ્થાપત્ય પરંપરાના ફ્રેન્ચ ઈજનેરી કૌશલ્ય સાથેના સંયોજન પર વિશેષ ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સેન્ટરના ડેપ્યુટી ડિરેક્ટર જ્યોતિ હોસાગ્રહરે મંદિરને જીવંત વારસા, સાંસ્કૃતિક વૈવિધ્ય અને



આંતરસાંસ્કૃતિક સંવાદને પ્રોત્સાહન આપતું ઉદાહરણ ગણાવ્યું હતું.





# મિશન સ્માર્ટ સિટીનો ઈકો-ફ્રેન્ડલી વર્કશોપમાં 200થી વધુ લોકોએ માટીના ગણપતિ બનાવતા શીખ્યા

## શીલાબેન રાઠોડે માટીમાંથી ગણપતિ બનાવવાની પ્રાયોગિક તાલીમ આપી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગણેશોત્સવને પર્યાવરણમિત્ર બનાવવાના સંદેશ સાથે મિશન સ્માર્ટ સિટી દ્વારા ઈકો-ફ્રેન્ડલી માટીના ગણપતિ બનાવવાનો વિશેષ વર્કશોપ યોજાયો હતો. વર્કશોપમાં ૨૦૦થી વધુ બાળકો, યુવાનો અને કલાકારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.રાજકોટના શીલાબેન રાઠોડે ઉપસ્થિતોને કુદરતી માટીમાંથી ગણપતિની મૂર્તિ બનાવવાની પ્રાયોગિક તાલીમ આપી હતી. માટી તૈયાર કરવી, મૂર્તિનો આકાર આપવો, નાની-નાની કલાત્મક વિગતો બનાવવી તેમજ કુદરતી સામગ્રીથી મૂર્તિનું શણગાર કરવાની રીતો સમજાવવામાં આવી હતી.વર્કશોપમાં મારો ગણપતિ, મારી જવાબદારી અને પર્યાવરણ બચાવો, માટીના ગણપતિ સ્થાપો જેવા સંદેશ સાથે ઈકો-ફ્રેન્ડલી ગણેશોત્સવ ઉજવવા લોકોને પ્રેરણા આપવામાં આવી હતી. માટીની મૂર્તિના યોગ્ય વિસર્જનથી જળસ્રોતો પર થતી નકારાત્મક અસર ઘટાડવામાં મદદ મળી શકે છે.

બાળકોએ પોતાના હાથે ગણપતિની મૂર્તિ બનાવવાનો આનંદ માણ્યો હતો. આયોજનનો હેતુ માત્ર મૂર્તિ બનાવવાની કળા શીખવવાનો નહીં, પરંતુ નવી પેઢીમાં પર્યાવરણ પ્રત્યે જવાબદારીની ભાવના વિકસાવવાનો પણ હતો.

વર્કશોપમાં ૯૨.૭ BIG FM તરફથી ૫ લકી વિજેતાઓને ગિફ્ટ વાઉચર આપવામાં આવ્યા હતા. અખિલ ભારતીય અગ્રવાલ સંગઠન તરફથી પણ ૧૦ લકી વિજેતાઓને ગિફ્ટ આપવામાં આવશે.વર્કશોપને પ્રોત્સાહન આપવા ધારાસભ્ય ડૉ. દર્શિતા શાહ, મેયર ડૉ. નેહલ શુક્લા અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશ પેળિયા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા મિશન સ્માર્ટ સિટીના ચિત્રનગરીના જીતુ ગોંટેચા, મુકેશ વ્યાસ, હેમા વ્યાસ, જયશ્રી રાવલ, સુરેશ રાવલ, રશેષ વ્યાસ, શિવમ અગ્રવાલ, સીમા અગ્રવાલ, દિગીશ વડોદરિયા, ભૂષણ સંપત, વિશાલ જોશી, હરદેવસિંહ વાઘેલા, રશ્મિ ગોંટેચા, મૌલિક ગોંટેચા, દ્રષ્ટિ કટારિયા, ભક્તિ ખરસાણી, રશ્મિ વાઘેલા, વિવેક પોરિયા, રિતિક મહેતા સહિતે જહેમત ઉઠાવી હતી.

# રાજકોટની કોટક સા. કોલેજના 18 વિદ્યાર્થીઓની પ્લેસમેન્ટમાં પસંદગી

## પ્રોડક્શન, ક્વોલિટી કંટ્રોલ, ટીચિંગ અને એડમિન પ્રોફાઇલમાં નોકરીની તકો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટની એચ.એન્ડ એચ.બી. કોટક ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ ખાતે ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વિદ્યાર્થીઓ માટે વિશેષ પ્લેસમેન્ટ ડ્રાઇવ યોજાઈ હતી. વિવિધ નામાંકિત કંપનીઓએ ભાગ લઈ પ્રોડક્શન, ક્વોલિટી કંટ્રોલ, ટીચિંગ અને એડમિન સહિતની પ્રોફાઇલ માટે વિદ્યાર્થીઓના ઇન્ટરવ્યૂ લીધા હતા.પ્લેસમેન્ટ ડ્રાઇવમાં કુલ ૪૧ વિદ્યાર્થીઓના ઇન્ટરવ્યૂ યોજાયા હતા, જેમાંથી ૧૮ વિદ્યાર્થીઓની પ્રાથમિક ધોરણે પસંદગી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની પસંદગી થતાં કોલેજમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.કોલેજના આચાર્ય ડૉ. આર.સી.




વિરડીયાએ પસંદ થયેલા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર આયોજન કોલેજના પ્લેસમેન્ટ સેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કોર્ડિનેટર ડૉ. એચ.બી. ઓઝા, ડૉ. ચિરાગ કુલતરીયા, ડૉ. અશોક વાઘેલા અને મૌલિક ભટ્ટે કાર્યક્રમના સફળ આયોજનમાં જહેમત ઉઠાવી હતી.



# અમરેલીઃ એમ્બ્યુલન્સના ચોરખાનામાંથી 1968 બોટલ દારૂ ઝડપાયો

**સિટી ન્યૂઝ@અમરેલી**

બાબરા પોલીસે બાતમીના આધારે ભાવનગર-રાજકોટ હાઈવે પર વોચ ગોઠવી એક પ્રાઈવેટ એમ્બ્યુલન્સને અટકાવી તપાસ કરી હતી. એમ્બ્યુલન્સમાં બનાવેલા ચોરખાનામાંથી ૧૮૦ મિ.લી.ની વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૧૯૬૮ બોટલ મળી આવી હતી.


પોલીસે ૩,૫૬,૬૮૮નો દારૂ, ૭ લાખની એમ્બ્યુલન્સ અને ૧૦ હજારનો મોબાઈલ ફોન મળી કુલ ૧૦,૬૬,૬૮૮નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મામલે સાગર ઉર્ફે લાલો કમલેશભાઇ ગોહેલ વિરુદ્ધ ગુજરાત પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# ઘાટકોપરમાં સંવત્સરી મહાપર્વે 11 હજાર ભાવિકો એકસાથે કરશે સામૂહિક પ્રતિક્રમણ

**સિટી ન્યૂઝ@મુંબઈ**

પર્યુષણ પર્વ એટલે આત્મનિરીક્ષણ, આત્મશુદ્ધિ, મૈત્રી અને કરુણાના માર્ગે આગળ વધવાનો પાવન અવસર. આ સમગ્ર આધ્યાત્મિક યાત્રાના અંતિમ અને સર્વોચ્ચ શિખર સમા સંવત્સરી મહાપર્વે મંગળવાર, ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ઘાટકોપરની ભૂમિ પર રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબના દિવ્ય સાંનિધ્યમાં વિશિષ્ટ આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

સંવત્સરીના પાવન દિવસે પ્રભાતે ૯:૦૦ કલાકે પરમ ગુરુદેવ ક્ષમાના ગહન આધ્યાત્મિક રહસ્યો ઉજાગર કરતું વિશેષ પ્રવચન આપશે. વર્ષ દરમિયાન મનમાં બંધાયેલા વૈર-વિરોધ, અહંકાર અને કડવાશની ગ્રંથિઓને તોડી ક્ષમાના માધ્યમથી હૃદયને નિર્મળ બનાવવાનો માર્ગ તેઓ ભાવિકોને સમજાવશે. ક્ષમા માત્ર શબ્દ નહીં, પરંતુ આંતરિક પરિવર્તન અને આધ્યાત્મિક ઉન્નતિનું સાધન બની શકે તેવો સંદેશ આપવામાં આવશે.બપોરે ૩:૦૦થી ૫:૦૦ દરમિયાન યોજાનાર બંધ આંખે અંતરની આલોચના આ મહાપર્વનું વિશેષ આકર્ષણ બનશે. વર્ષોની પરંપરા મુજબ પરમ ગુરુદેવ સ્વયં પોતાના શ્રીમુખેથી અનંત ભવોની પશ્ચાત્તાપપૂર્વક આલોચના કરાવશે. આ અનુષ્ઠાન ભાવિકોને પોતાના જીવનમાં થયેલી ભૂલો, દોષો અને કર્મબંધન તરફ અંતર્મુખ થવાની પ્રેરણા આપશે. આ અંતરયાત્રાથી પ્રેરાઈ દેશ-વિદેશના અનેક ભાવિકો આત્મચિંતન સાથે શ્રાવક દીક્ષા અંગીકાર કરી માનવજીવનને સાર્થકતાની દિશામાં આગળ વધારશે.




સાંજે ૬:૩૦ કલાકે પરમ ગુરુદેવના સાંનિધ્યમાં અને ઘાટકોપરના સર્વ સંત-સતીજીઓના મંગલમય આશીર્વાદ સાથે એક ઐતિહાસિક ક્ષણ સર્જાશે. આશરે ૧૧,૦૦૦ ભાવિકો એકસાથે સામૂહિક સંવત્સરી પ્રતિક્રમણની આરાધના કરશે. મન, વચન અને કાયાથી થયેલા દોષોનું પ્રાયશ્ચિત કરી ભાવિકો આત્મશુદ્ધિની સાધના કરશે. ૧૧ હજાર કંઠોમાંથી એકસાથે મિચ્છામિ દુક્કડમ્નો નાદ ગુંજશે ત્યારે ઘાટકોપરનું સમગ્ર વાતાવરણ ક્ષમા, કરુણા અને અહિંસાના પાવન ભાવોથી ભરાઈ ઊઠશે.

આ વિશાળ આધ્યાત્મિક મહોત્સવ સમસ્ત ઘાટકોપર સ્થાનકવાસી જૈન સંઘ, જૈન જાગૃતિ સેન્ટર, કાઠિયાવાડી સમાજ અને ઝાલાવાડ સમાજના સંયુક્ત ઉપક્રમે યોજાશે. સંવત્સરીના આ પાવન પર્વનો મુખ્ય સંદેશ ભૂલોનો નિખાલસ સ્વીકાર, મનમાંથી અણગમો દૂર કરવો અને વિશાળ હૃદયથી સૌને ક્ષમા આપવાનો છે. સામૂહિક પ્રતિક્રમણ અને ક્ષમાયાચનાના માધ્યમથી આ સંદેશ સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

# HB ઓડિટોરિયમ ખાતે શ્રી કલા ગ્રુપની સંગીત સંધ્યા આયોજન

**» ૧૬ સપ્ટેમ્બરે નિશુલ્ક કાર્યક્રમમાં એવરગ્રીન હિટ્સ સાથે જાણીતા કલાકારોની રજૂઆત**

**સિટી ન્યૂઝ@રાજકોટ**


શ્રી કલા મ્યુઝિકલ ગ્રુપ દ્વારા આગામી તા. ૧૬ સપ્ટેમ્બર, બુધવારે સાંજે ૮:૧૫થી રાત્રે ૧૨:૧૫ વાગ્યા સુધી HB મીનિટોરિયમ, રાજકોટ ખાતે ભવ્ય નિશુલ્ક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. સોનલબેન જીતેન્દ્રભાઈ બોસમિયા અને નરેન્દ્રભાઈ રાજાના માર્ગદર્શન હેઠળ યોજાનારા આ કાર્યક્રમમાં હિન્દી કરાઓકેના એવરગ્રીન ઓલ્ડ હિટ્સ, ૯૦ના દાયકાના લોકપ્રિય ગીતો, ડાન્સિંગ સોંગ્સ તેમજ બચ્ચન, જીતેન્દ્ર, ગોવિંદા અને R.D.ના હિટ્સ સહિત વિવિધ સંગીતમય રજૂઆતો કરવામાં આવશે. કાર્યક્રમમાં ગેસ્ટ સિંગર તરીકે સંજયભાઈ પંડ્યા (S.P. સ્પેશિયલ વોઇસ) વિશેષ ઉપસ્થિત



રહેશે. ઉપરાંત પ્રકાશભાઈ નથવાણી, અશોકભાઈ ધામેચા, પ્રબોધભાઈ બક્ષી, ડો. પુલકીતભાઈ બક્ષી, વિજયભાઈ માલવીયા, મહેશભાઈ ત્રિવેદી, સંજયભાઈ પારેખ, અમરીશભાઈ, નયનાબેન રાઠોડ, કુંદનબેન રાવલ અને આઝમીનબેન પઠાણ સહિતના કલાકારો પોતાની સુરીલી રજૂઆતો કરશે. દર્શનાર્થીઓ માટે કાર્યક્રમ દરમિયાન સરપ્રાઇઝ લકી ડ્રો ગિફ્ટનું પણ આયોજન કરવામાં આવ્યું છે. મુખ્ય અતિથિ તરીકે આગામી ગુજરાતી ફિલ્મ ઝુઝારુના કલાકારો ઉપરાંત વિજયભાઈ કારિયા (BJP સાંસ્કૃતિક સેલ), જયેશભાઈ ઉપાધ્યાય (બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટ), પૃથ્વીરાજસિંહ જાડેજા (DYSP), સુરેશભાઈ મારુ (નિવૃત્ત ASI), મૂકેશભાઈ તન્ના (લોહાણા મેરેજ બ્યુરો), જયપાલસિંહ ઝાલા (સરગમ કલબ), માનસૂરભાઈ વાળા તેમજ ચંદાબેન વાળા (BJP વોર્ડ નં. ૧૪ પ્રમુખ) ઉપસ્થિત રહેશે. શ્રી કલા મ્યુઝિકલ ગ્રુપ દ્વારા રાજકોટના સંગીતપ્રેમીઓ, રાજકોટ ઓલ કરાઓકે ગ્રુપ, એન્જોય ગ્રુપ, ફાલતુ ગ્રુપ તેમજ શહેરના સંગીત રસિકોને આ નિશુલ્ક સંગીત સંધ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા હાર્દિક આમંત્રણ પાઠવાયું છે.

# સદ્ગુરુદાસબાપુ આશ્રમમાં ગણેશ મહોત્સવ

**સિટી ન્યૂઝ@રાજકોટ**



સદ્ગુરુ સદન ટ્રસ્ટ રણછોડદાસબાપુ આશ્રમ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાદરવા સુદ-૪ તા.૧૪ સોમવારથી ભાદરવા સુદ-૧૪ શુક્રવાર સુધી ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં ગણપતિજીનું સામૈયુ સવારે ૯ કલાકે, સ્થાપન તથા પુજન સવારે ૧૦ કલાકે, દરરોજ મંગળા આરતી સવારે ૭ કલાકે, દરરોજ બપોરે ૧૦-૪૫ કલાકે તથા દરરોજ મધ્યાન્હ આરતી બપોરે ૧૨ કલાકે, સંધ્યા આરતી સાંજે ૮ કલાકે, સત્ય નારાયણ ભગવાનની કથા તા.૧૭ના રોજ રાખેલ છે જેનો સમય ૪ થી ૭ રાખવામાં આવેલ છે, શ્રી ગણપતિજીનું સામૈયુ રંગેચંગે, આનંદ ઉલ્લાસ, વાજતે ગાજતે કરવામાં આવશે. તો આ સામૈયામાં તથા ધાર્મિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ધર્મપ્રેમી ભાઈ-બહેનોને તથા ગુરુભાઈ-બહેનોને નિમંત્રણ પાઠવવામાં આવે છે.



સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
તમારી સમસ્યા
હવે છુપાશે નહીં!
તમારી કોલોની - તમારો વોર્ડ - તમારો હક
લાઈટ બંધ રહે છે?
ગંદુ પાણી આવે છે?
રસ્તા તૂટેલા છે?
ગંદકી અને
સફાઈની
સમસ્યા છે?
હવે સીધી ફરિયાદ કરો -
"સિટી ન્યૂઝ
રાજકોટ" સુધી!
તમારી સમસ્યાનો
ફોટો / વિડિયો મોકલો
અમે તેને સંબંધિત
અધિકારીઓ સુધી પહોંચાડશું
ચૂંટણી હોય કે ન હોય -
"સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!
WhatsApp કરો:
+91 81409 88883
રાજકોટ
સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે
આપનો સહકાર જરૂરી